તમે કદાપિ ભલાઈને ન પામો જ્યાં સુધી ખુદાના માર્ગમાં પોતાની પ્રિય વસ્તુ નહીં ખર્ચો,[1] અને તમે જે કંઈ ખર્ચ કરો (તે) અલ્લાહે જાણેલું છે (૯૨) બધા જમણ બની ઈસરાઈલને હલાલ હતા પણ તે (જમણ) જે યાકૂબે પોતાની ઉપર હરામ કરી લીધાં હતાં તવરાત ઉતરતા પહેલાં, તમે ફરમાવો જો સાચા હોઉ તો તવરાત લાવીને પઢો[2] (૯૩) તો એના પછી જે અલ્લાહ ઉપર જૂઠ બાંધે[3] તો તે જ જાલિમ છે (૯૪) તમે ફરમાવો અલ્લાહ સાચો છે તો ચાલો ઈબ્રાહીમના દીન પર[4] જે દરેક અસત્યથી વેગળા હતા અને શિર્કવાળાઓમાં ન હતા (૯૫) બેશક! સહુમાં પ્રથમ ઘર જે લોકો ખાંતર ઈબાદત માટે નક્કી થયું તે છે જે મક્કામાં છે, બરકતવાળું અને સર્વજગત માટે માર્ગદર્શક[5] (૯૬) તેમાં સ્પષ્ટ નિશાનીઓ છે[6] ઈબ્રાહીમના ઉભા રહેવાની જગ્યા[7] અને જે તેમાં આવે અમાનમાં થાય[8] અને લોકો પર અલ્લાહ માટે તે ઘરની હજ

لن تنالوا ٤ — آل عمران ٣

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ ۬ وَمَا
تُنْفِقُوْا مِنْ شَيْءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيْمٌ ﴿٩٢﴾ كُلُّ
الطَّعَامِ كَانَ حِلًّا لِّبَنِيْٓ اِسْرَآءِيْلَ اِلَّا مَا حَرَّمَ
اِسْرَآءِيْلُ عَلٰى نَفْسِهٖ مِنْ قَبْلِ اَنْ تُنَزَّلَ التَّوْرٰىةُ
قُلْ فَاْتُوْا بِالتَّوْرٰىةِ فَاتْلُوْهَآ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٩٣﴾
فَمَنِ افْتَرٰى عَلَى اللّٰهِ الْكَذِبَ مِنْۢ بَعْدِ ذٰلِكَ
فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿٩٤﴾ قُلْ صَدَقَ اللّٰهُ فَاتَّبِعُوْا
مِلَّةَ اِبْرٰهِيْمَ حَنِيْفًا ۭ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِيْنَ ﴿٩٥﴾
اِنَّ اَوَّلَ بَيْتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِيْ بِبَكَّةَ مُبٰرَكًا
وَّهُدًى لِّلْعٰلَمِيْنَ ﴿٩٦﴾ فِيْهِ اٰيٰتٌۢ بَيِّنٰتٌ مَّقَامُ
اِبْرٰهِيْمَ ڬ وَمَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا ۭ وَلِلّٰهِ عَلَى

૧. (આયતમાં આવેલા) બિર્ર (શબ્દ) થી તકવો (ખુદાનો ડર) અને તાઅત (આજ્ઞાનું પાલન કરવું) ધારવામાં આવે છે. હઝરત ઈબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે અહીં (આયતમાં) ખર્ચ કરવું સામાન્ય (અર્થ)માં છે. બધા સદકાઓને (લાગુ પડે છે) એટલે કે (સદકા) વાજિબ હોય કે નિફલ, બધા એમાં સમાવિષ્ટ છે, હસનનું કથન છે કે જે માલ મુસલમાનને પ્રિય હોય અને તેને ખુદાની ખુશી ખાતર ખર્ચે તો આ આયતમાં દાખલ છે ભલે તે એક ખજૂર જ હોય. (ખાઝિન)

ઉમર બિન અબ્દુલ અઝીઝ ખાંડના દાગીના ખરીદીને સદકો કરતા હતા. તેમને કહેવામાં આવ્યું કે એની કિંમત જ શા માટો સદકો કરી દેતા નથી? ફરમાવ્યું, ખાંડ મને પ્રિય અને પસંદ છે (માટે) ઈચ્છું છું કે ખુદાના માર્ગમાં પ્રિય વસ્તુ વાપરૂં. (મંદારિક)

બુખારી અને મુસ્લિમની હદીષ છે કે હઝરત અબૂ તલ્હા અન્સારી મદીનામાં મોટા માલદાર હતા તેમને પોતાના માલમાં બીરહા (નામનો બાગ) અતિ પ્રિય હતો. જ્યારે આ આયત ઉતરી ત્યારે તેમણે બારગાહે રિસાલતમાં ઉભા થઈને કહ્યું, મને પોતાના માલમાં બીરહા બધાંથી વહાલો છે, હું તેને ખુદાના માર્ગમાં સદકો કરૂં છું, હુઝૂરે એ બાબતની ખુશી વ્યક્ત કરી અને હઝરત અબૂ તલ્હાએ હુઝૂરની મરજીથી તેને પોતાના સગાઓ અને પિત્રાઈ ભાઈઓમાં વહેંચી આપ્યો;

હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહુ અન્હૂએ અબૂ મૂસા અશ્અરીને લખ્યું કે મારા માટે એક લોંડી ખરીદીને મોકલી આપે. જ્યારે તે આવી તો આપને ઘણી ગમી ગઈ. આપે આ આયત (લનતનાલુ......) પઢીને ખુદા ખાતર તેને આઝાદ કરી દીધી (ગુલામીમાંથી તેને મુક્તિ આપી).

૨. **શાને નુઝૂલ** :- યહૂદીઓએ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું કે હુઝૂર પોતાને મિલ્લતે ઈબ્રાહીમી પર (હોવાનું) જાણે છે અને હઝરત ઈબ્રાહીમ તો ઊંટનો ગોશ્ત અને દૂધ ખાતા ન હતા. આપ તો ખાવ છો તો આપ મિલ્લતે ઈબ્રાહીમી પર કેમ કરી થયા? હુઝૂરે ફરમાવ્યું કે આ વસ્તુઓ હઝરત ઈબ્રાહીમ પર હલાલ હતી. યહૂદીઓ કહેવા લાગ્યા કે એ હઝરત નૂહ પર પણ હરામ હતી. હઝરત ઈબ્રાહીમ પર પણ હરામ હતી. અને હમારા સુધી હરામ જ ચાલી આવી (છે), તેના વિષે અલ્લાહે આ આયત ઉતારી અને બતાવવામાં આવ્યું કે યહૂદીઓનો આ દાવો ખોટો છે. બલ્કે એ વસ્તુઓ હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ પર હલાલ હતી, હઝરત યાકૂબે કોઈ કારણસર એમને પોતાના પર હરામ કરી લીધી. અને એ હરામ હોવું તેમના વંશમાં બાકી રહ્યું, યહૂદીઓએ એનો ઈન્કાર કર્યો, ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે તવરાત આ વિષયમાં બોલે છે, જો તમને અસ્વીકાર્ય હોય તો તવરાત લાવો, ત્યારે યહૂદીઓને પોતાની ફજેતી અને બદનામીની બીક લાગી અને તેઓ તવરાત લાવી શક્યા નહીં, તેમનું જૂઠ જાહેર થયું અને તેમને શરમિંદગી વેઠવી પડી.

ફાયદો :- એનાથી સાબિત થયું કે પાછલી શરીઅતોમાં અહકામ મનસુખ થતા હતા. એમાં યહૂદીઓને રદીયો છે જેઓ મનસુખ થવાને માનતા ન હતા;

ફાયદો :- હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ઉમ્મી હતા. તે છતાં યહૂદીઓને તવરાતથી વળતો જવાબ આપવો અને તવરાતના વિષયોથી દલીલ કરવી આપનો મોઅજિઝો અને નુબુવ્વ-તની દલીલ છે. અને એનાથી આપના વહબી (ખુદા તરફથી મળેલા) અને ગૈબી ઈલ્મો સાબિત થાય છે;

૩. અને કહે કે મિલ્લતે ઈબ્રાહીમીમાં ઊંટોનું માંસ અને દૂધ અલ્લાહ તઆલાએ હરામ કર્યાં હતાં.

૪. કારણ કે તેજ ઈસ્લામ અને દીને મુહમ્મદી છે.

૫. **શાને નુઝૂલ** :- યહૂદીઓએ મુસલમાનોને કહ્યું હતું કે બયતુલ મુકદ્દસ અમારો કિબલો છે (જે) કાબાથી શ્રેષ્ઠ અને તેનાથી પ્રથમ છે. અમ્બિયાનું હિજરત સ્થાન અને ઈબાદતનો કિબલો છે, મુસલમાનોએ કહ્યું કે કાબા અફઝલ છે, તે બાબતમાં આયતે કરીમા ઉતરી, અને એમાં દર્શાવવામાં આવ્યું કે સહુ પ્રથમ મકાન જેને અલ્લાહે તાઅત અને ઈબાદત માટે નક્કી કર્યું, નમાઝનો કિબલો, હજ અને તવાફની જગ્યા બનાવી જેમાં નેકીઓનું સવાબ વધી જાય છે તે કાબાએ મુઅઝ્ઝમા છે. જે મક્કા મુઅઝ્ઝમા શહેરમાં આવેલું છે. હદીષ શરીફમાં છે કે કાબાએ મુઅઝ્ઝમા બયતુલ મુકદ્દસ કરતાં ચાલીસ વરસ પહેલાં બનાવવામાં આવ્યું છે.

૬. જે તેની હુરમત અને શ્રેષ્ઠતા તરફ દિશા સૂચન કરે છે, તે નિશાનીઓમાં અમુક એ છે કે પક્ષીઓ કાબા શરીફ ઉપર નથી બેસતાં, અને તેની ઉપર થઈને ઉડતાં પણ નથી. બલ્કિ ઉડતાં ઉડતાં આવે છે ત્યારે બાજુ પર ફંટાય જાય છે. અને જે પક્ષીઓ માંદા પડે છે તે પોતાનો ઈલાજ એ જ રીતે કરે છે કે કાબાની હવામાં થઈને પસાર થઈ જાય છે. એનાથી જ તેમને સારૂ થઈ જાય છે, અને જંગલી જાનવરો હરમમાં એક બીજાને તકલીફ આપતાં નથી, એટલા સુધી કે કૂતરાઓ તે સરઝમીનમાં હરણ પાછળ દોડતા નથી. અને ત્યાં શિકાર કરતા નથી, અને લોકોનાં હૃદય કાબા મુઅઝ્ઝમા તરફ ખેંચાઇ છે. અને તેના તરફ નજર કરવાથી આસું વહેવા લાગે છે, અને દરેક જુમ્અહની રાત્રે અવલિયાની રૂહો એની આજુબાજુમાં એકત્ર થાય છે, અને જે કોઈ એના અપમાનનો ઈરાદો કરે છે તે બરબાદ થઈ જાય છે, એ જ નિશાનીઓમાંથી મુકામે ઈબ્રાહીમ વિગેરે છે, જેનું આયતમાં બયાન કરવામાં આવ્યું છે. (મદારિક, ખાઝિન, અહમદી)

لن تنالوا ٤ آل عمران ٣

النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ إِلَيْهِ سَبِيلًا
وَمَن كَفَرَ فَإِنَّ اللَّهَ غَنِيٌّ عَنِ الْعَالَمِينَ ﴿٩٧﴾ قُلْ
يَا أَهْلَ الْكِتَابِ لِمَ تَكْفُرُونَ بِآيَاتِ اللَّهِ وَاللَّهُ شَهِيدٌ
عَلَىٰ مَا تَعْمَلُونَ ﴿٩٨﴾ قُلْ يَا أَهْلَ الْكِتَابِ لِمَ تَصُدُّونَ
عَن سَبِيلِ اللَّهِ مَنْ آمَنَ تَبْغُونَهَا عِوَجًا وَأَنتُمْ
شُهَدَاءُ ۗ وَمَا اللَّهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُونَ ﴿٩٩﴾ يَا أَيُّهَا
الَّذِينَ آمَنُوا إِن تُطِيعُوا فَرِيقًا مِّنَ الَّذِينَ
أُوتُوا الْكِتَابَ يَرُدُّوكُم بَعْدَ إِيمَانِكُمْ كَافِرِينَ ﴿١٠٠﴾
وَكَيْفَ تَكْفُرُونَ وَأَنتُمْ تُتْلَىٰ عَلَيْكُمْ آيَاتُ اللَّهِ
وَفِيكُمْ رَسُولُهُ ۗ وَمَن يَعْتَصِم بِاللَّهِ فَقَدْ هُدِيَ
إِلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ ﴿١٠١﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا

કરવાનું છે જે તેના સુધી જઈ શકે[૯] અને જે મુન્કિર થાય તો અલ્લાહ સર્વ જગતથી બેપરવાહ છે[૧૦] (૯૭) તમે ફરમાવો! અય કિતાબવાળાઓ! અલ્લાહની આયતો કેમ નથી માનતા?[૧૧] અને તમારા કામ અલ્લાહની સામે છે (૯૮) તમે ફરમાવો અય કિતાબવાળાઓ! શા માટે અલ્લાહના માર્ગથી રોકો છો[૧૨]? તેને જે ઈમાન લાવે. તેને વાંકો કરવા ઈચ્છો છો અને તમે પોતે એના પર સાક્ષી છો.[૧૩] અને અલ્લાહ તમારા કરતુતોથી અજાણ નથી (૯૯) અય ઈમાનવાળાઓ! જો તમે અમુક કિતાબવાળાઓના કહયે ચાલ્યા તો તેઓ તમારા ઈમાન પછી તમને કાફિર કરી મૂકશે[૧૪] (૧૦૦) અને તમે કેમ કરી કુફ્ર કરશો? તમારા પર અલ્લાહની આયતો પઢાય છે. અને તમારામાં તેનો રસૂલ પધાર્યો. અને જેણે અલ્લાહનો સહારો લીધો તો જરૂર તે (ને) સીધો માર્ગ દેખાડવામાં આવ્યો (૧૦૧) અય ઈમાનવાળાઓ! ડરો અલ્લાહથી

૭. મુકામે ઈબ્રાહીમ તે પથ્થર છે જેના ઉપર હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ ખાનએ કાબાના ચણતર સમયે ઉભા રહ્યા હતા. અને તેમાં આપના કદમ મુબારકનાં નિશાન હતાં જે લાંબો સમય પસાર થવા છતાં અને ઘણા હાથો અડયા હોવા છતાં હજુ સુધી થોડા બાકી છે.

૮. એટલા સુધી કે જો કોઈ માણસ ખૂન કરીને અથવા બીજુ ખરાબ કૃત્ય કરીને હરમમાં પ્રવેશી જાય તો ત્યાં તેને ન તો કત્લ કરવામાં આવશે ન તેને સજા કરવામાં આવશે, હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે જો હું મારા પિતા ખત્તાબના ખૂનીને પણ હરમ શરીફમાં મળું તો તેને હાથ ન લગાડું ત્યાં સુધી કે તે ત્યાંથી બહાર ન આવે.

૯. **મસઅલો** :- આ આયતમાં હજ્જે ફર્ઝ હોવાનું બયાન છે. અને એનું બયાન છે કે (હજ માટે) ઈસ્તિતાઅત (શક્તિ હોવી) શર્ત છે. હદીષ શરીફમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે "ઝાદે-રાહલા" (માર્ગનો ખર્ચ વિગેરે)થી એની તફસીર ફરમાવી છે. ઝાદ એટલે ભાથું, અર્થાત ખાવા-પીવાની વ્યવસ્થા એટલી હોવી જોઈએ કે જઈને પરત આવતાં સુધી પુરતી હોય. અને એ વ્યવસ્થા પરત આવતા સુધી એહલો અયાલના ખર્ચ સિવાયની હોવી જોઈએ; માર્ગની શાંતિ પણ જરૂરી છે, કારણ કે એના વગર ઈસ્તિતાઅત સાબિત થતી નથી.

૧૦. એનાથી અલ્લાહ તઆલાની નારાજી જાહેર થાય છે, અને એ મસઅલો પણ સાબિત થાય છે કે ફર્ઝે કતઈનો મુન્કિર કાફિર છે.

૧૧. જે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નુબુવ્વતની સત્યતા બતાવે છે.

જેવો તેનાથી ડરવાનો હક છે. અને કદાપિ મરશો નહીં પૂર્ણ મુસલમાન (રહીને)(૧૦૨) અને અલ્લાહની રસ્સી મજબૂત પકડી લો[15] બધા મળીને, અને અંદરોઅંદર વિખરાઈ ન જશો[16] અને અલ્લાહનું એહસાન પોતાના પર યાદ કરો જ્યારે તમારામાં વેર હતું તેણે તમારા દિલોમાં મેળાપ કરી દીધો તો તમે તેના ફઝલથી અંદરો-અંદર ભાઈ ભાઈ થઈ ગયા[17] અને તમે એક ખાઈ દોઝખના કિનારા પર હતા[18] તો તેણે તમને તેનાથી બચાવી દીધા[19] અલ્લાહ તમારા માટે આમ જ પોતાની આયતોમાં બયાન ફરમાવે છે કે ક્યાંક તમે હિદાયત પામો (૧૦૩) અને તમારામાં એક વર્ગ એવો હોવો જોઈએ કે (જે) ભલાઈ તરફ બોલાવે અને સારી વાતોનો હુકમ કરે બુરી (વાતો)થી રોકે[20] અને એ જ લોકો મુરાદે પહોંચ્યા[21] અને તેમની જેવા ન થશો જે અંદરોઅંદર વિખરાઈ ગયા અને તેમનામાં ફૂટ પડી ગઈ[22] એ પછી કે સ્પષ્ટ નિશાનીઓ તેમને પહોંચી ચૂકી હતી[23] અને તેમના માટે મોટો અઝાબ છે (૧૦૫) જે દિવસે અમુક



اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ وَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ
مُّسْلِمُوْنَ (١٠٢) وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا
تَفَرَّقُوْا ۠ وَاذْكُرُوْا نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ كُنْتُمْ اَعْدَآءً
فَاَلَّفَ بَيْنَ قُلُوْبِكُمْ فَاَصْبَحْتُمْ بِنِعْمَتِهٖٓ اِخْوَانًا ۚ
وَكُنْتُمْ عَلٰى شَفَا حُفْرَةٍ مِّنَ النَّارِ فَاَنْقَذَكُمْ مِّنْهَا ؕ
كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ (١٠٣)
وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ
بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ ؕ وَاُولٰٓئِكَ هُمُ
الْمُفْلِحُوْنَ (١٠٤) وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا
مِنْ بَعْدِ مَا جَآءَهُمُ الْبَيِّنٰتُ ؕ وَاُولٰٓئِكَ لَهُمْ
عَذَابٌ عَظِيْمٌ (١٠٥) يَّوْمَ تَبْيَضُّ وُجُوْهٌ وَّتَسْوَدُّ

منزل ۱

૧૨. નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને જૂઠલાવીને, અને તવરાતમાં આપના જે વખાણ અને ગુણ વર્ણવાએલા છે તેને છુપાવીને;

૧૩. કારણ કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની તારીફ તવરાતમાં લખાએલી છે. અને અલ્લાહને જે દીન સ્વીકાર્ય છે તે ફકત દીને ઈસ્લામ જ છે,

૧૪. **શાને નુઝૂલ** :- ઔસ અને ખઝરજ કબીલાઓમાં પહેલાં ઘણી દુશ્મનાવટ હતી. મુદ્દતો સુધી એમની વચ્ચે લડાઈ ચાલુ રહી. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના સદકામાં એ કબીલાઓના લોકો ઈસ્લામ લાવીને પરસ્પર દૂધ-સાકરની જેમ મળી ગયા. એક દિવસ તે લોકો એક મજલિસમાં બેસીને અંદરોઅંદર પ્રેમ મોહબ્બતની વાતો કરી રહ્યા હતા. ત્યારે શાસ બિન કૈસ જે ઈસ્લામનો મહાન શત્રુ હતો તે એ તરફ થઈને પસાર થયો. અને એમના એકબીજા સાથેના સંબંધો દેખીને સળગી ઉઠયો. અને કહેવા લાગ્યો કે જ્યારે આ લોકો એક બીજા સાથે મળી ગયા તો અમારૂં શું ઠેકાણુ રહેશે? તેણે એક યુવાનને નક્કી કર્યો જે તેમની મજલિસમાં બેસીને તેમની પાછલી લડાઈઓની ચર્ચા કરે. અને તે સમયે દરેક કબીલો પોતાની તારીફ અને બીજાઓની બુરાઈમાં જે અશઆર (કાવ્ય પંક્તિઓ) લખતો હતો, તે બોલે. તે યહૂદીએ એવું જ કર્યું અને તેવી ફિતનાખોરીથી બન્ને કબીલાઓના લોકો જુસ્સામાં આવી ગયા અને હથિયારો ઉઠાવી લીધાં, ખૂના મરકી થવાની તૈયારી હતી ત્યાં જ એ ખબર સાંભળીને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મુહાજિરો સાથે ત્યાં પધાર્યા અને ફરમાવ્યું કે અય જમાઅતે એહલે ઈસ્લામ! આ શું જાહલિય્યતનું કામ છે? હું તમારી દરમ્યાન છું. અલ્લાહ તઆલાએ તમને ઈસ્લામની ઈઝ્ઝત આપી. જાહલિય્યતની બલાથી છુટકારો આપ્યો.

તમારી વચ્ચે પ્રેમ અને મોહબ્બત આપ્યાં. તમે પાછા કુફ્રના સમયની પરિસ્થિતિ તરફ વળો છો.

હુઝૂરના ઈર્શાદે તેમના દિલો પર અસર કર્યો અને તેઓ સમજી ગયા કે આ શયતાનનો ફરેબ અને દુશ્મનની ચાલબાઝી હતી, તેમણે હાથોમાંથી હથિયાર ફેંકી દીધાં અને રડતાં રડતાં એક બીજાને ભેટી પડયા. અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે આજ્ઞાંકિત થઈને ચાલ્યા આવ્યા, તેમના માટે આ આયત ઉતરી.

૧૫. હબ્લિલ્લાહ (અલ્લાહની રસ્સી)ની તારીફમાં મુફસ્સિરોનાં અમુક કથનો છે. અમુક કહે છે કે તેનાથી કુરઆન મુરાદ છે. મુસ્લિમની હદીષ શરીફમાં આવ્યું છે કે કુરઆને પાક હબ્લિલ્લાહ છે જેણે એનો હુકમ માન્યો તે હિદાયત પર છે, જેણે એને છોડયું એ ગુમરાહી પર છે, હઝરત ઈબ્ને મસ‍ઊદ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે હબ્લિલ્લાહથી જમાઅત મુરાદ છે, અને ફરમાવ્યું કે તમે જમાઅને અનિવાર્ય બનાવી લો. કારણ કે તે હબ્લિલ્લાહ છે જેને મજબૂત પકડવાનો હુકમ થયો છે.

૧૬. જેમકે યહૂદીઓ અને નસરાનીઓ અલગ અલગ થઈ ગયા, આ આયતમાં એવા કાર્ય અને બાબતોની મનાઈ કરવામાં આવી જે મુસલમાનો વચ્ચે કુસંપનાં કારણ બને, મુસલમાનોનો તરીકો મઝહબે અહલે સુન્નત છે. એના સિવાય અન્ય માર્ગ અખત્યાર કરવો દીનમાં કુસંપ કરવા સમાન હોઇ મના છે.

૧૭. અને ઈસ્લામના પ્રતાપે અદાવત દૂર થઈને અંદરોઅંદર મહોબ્બત પેદા થઈ, ત્યાં સુધી કે ઔસ અને ખઝરજ (કબીલાઓ)ની તે પ્રખ્યાત લડાઈ જે ૧૨૦ વર્ષોથી ચાલુ હતી અને જેના કારણે રાત દિવસ ખૂનામરકીનું બજાર ગરમ રહેતું હતું તે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ મારફત અલ્લાહ તઆલાએ બંધ કરાવી, અને યુદ્ધની અગ્નિ ઠંડી કરાવી અને લડાયક કબીલા વચ્ચે પ્રેમ અને મહોબ્બતની ભાવના જન્માવી.

૧૮. એટલે કે કુફ્રની હાલતમાં કે જો તે હાલતમાં જ મરી જાત તો દોઝખમાં જાત.

૧૯. ઈમાનની દોલત આપીને.

૨૦. આ આયતથી અમ્રબિલ મઅરૂફ (ભલાઈનો હુકમ કરવો) અને નહિ અનિલ મુનકર (ખરાબ બાબતથી રોકવું) ફર્ઝ છે. અને ઈજમાઅ (ઉમ્મતની એકમતી) હુજ્જત (દલીલ) છે એ બાબત દલીલ કરવામાં આવી છે.

૨૧. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે નેકીઓનો હુકમ કરવો અને બુરાઈઓથી રોકવું એ ઉત્તમ જિહાદ છે.

૨૨. જેમકે યહૂદીઓ અને નસરાનીઓ એક બીજા સાથે કુસંપમાં પડયા, અને તેમનામાં એક બીજા સાથે હસદ અને દુશ્મની જમી ગઈ, અથવા તમે પોતે કે ઈસ્લામના સમય પહેલાં જાહલિય્યતના સમયમાં અલગ અલગ હતા અને તમારી વચમાં હસદ અને શત્રુતા હતાં.

**મસઅલો** :- આ આયતમાં મુસલમાનોને અંદરોઅંદર એકતા અને એકમતીનો હુકમ આપવામાં આવ્યો. અને કુસંપ તથા તેનાં કારણો જન્માવવાની મના કરવામાં આવી. હદીષોમાં પણ એની ઘણી જ તાકીદો આવેલી છે. અને મુસલમાનોની જમાઅતથી અલગ રહેવાની સખ્તીથી મનાઈ ફરમાવવામાં આવી છે, જે ફિર્કો જન્મે છે તે આ હુકમનું ઉલ્લંઘન કરીને જ જન્મે છે, અને મુસલમાનોની જમાઅતમાં કુસંપ કરવાના ગુનાહમાં સંડોવાય છે. હદીષના ફરમાન અનુસાર તે શયતાનનો શિકાર છે; અલ્લાહ આપણને એનાથી બચાવે.

لن تنالوا ٤ — آل عمران ٣

وُجُوهٌ فَاَمَّا الَّذِيْنَ اسْوَدَّتْ وُجُوهُهُمْ اَكَفَرْتُمْ
بَعْدَ اِيْمَانِكُمْ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿١٠٦﴾
وَاَمَّا الَّذِيْنَ ابْيَضَّتْ وُجُوهُهُمْ فَفِيْ رَحْمَةِ اللّٰهِ
هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿١٠٧﴾ تِلْكَ اٰيٰتُ اللّٰهِ نَتْلُوْهَا عَلَيْكَ
بِالْحَقِّ وَمَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعٰلَمِيْنَ ﴿١٠٨﴾ وَلِلّٰهِ مَا فِي
السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ﴿١٠٩﴾
كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ
وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ وَلَوْ اٰمَنَ
اَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ مِنْهُمُ الْمُؤْمِنُوْنَ
وَاَكْثَرُهُمُ الْفٰسِقُوْنَ ﴿١١٠﴾ لَنْ يَّضُرُّوْكُمْ اِلَّا اَذًى
وَاِنْ يُّقَاتِلُوْكُمْ يُوَلُّوْكُمُ الْاَدْبَارَ ثُمَّ لَا يُنْصَرُوْنَ ﴿١١١﴾

منزل ١

મોઢાંઓ ઉજળાં હશે અને અમુક મોઢાંઓ કાળાં, તો તેઓ જેમનાં મોઢાંઓ કાળાં થયાં[૨૪] શું તમે ઈમાન લાવીને કાફિર બન્યા?[૨૫] તો હવે અઝાબ ચાખો, પોતાના કુફ્રનો બદલો (૧૦૬) અને તેઓ જેમનાં મોઢાં ઉજળાં થયાં[૨૬] તેઓ અલ્લાહની રહમતમાં છે. તેઓ હમેશાં તેમાં રહેશે (૧૦૭) આ અલ્લાહની આયતો છે કે અમે ઠીક ઠીક તમારા પર પઢીએ છીએ. અને અલ્લાહ જગતવાળાઓ પર જુલ્મ નથી ઈચ્છતો[૨૭] (૧૦૮) અને અલ્લાહનું જ છે જે કંઈ આસ્માનોમાં છે અને જે કંઈ જમીનમાં છે. અને અલ્લાહની જ તરફ સર્વે કામોને પરત (થવાનું) છે (૧૦૯) તમે શ્રેષ્ઠ છો[૨૮] તે બધી ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ કરો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો. અને જો કિતાબવાળાઓ ઈમાન લાવતે[૨૯] તો તેમનું ભલું હતું, તેમનામાં અમુક મુસલમાન છે[૩૦] અને વધુ કાફિર (૧૧૦) તેઓ તમારૂં બગાડશે નહીં પણ એ જ સતાવવું[૩૧] અને તમારી સાથે લડે તો તમારી સામેથી પીઠ ફેરવી જશે[૩૨] પછી તેમની મદદ નહીં થાય (૧૧૧)

૨૩. અને હક્ક સ્પષ્ટ થઈ ચૂક્યું હતું.

૨૪. એટલે કે કાફિરો, એમને ધરકાવીને કહેવામાં આવશે.

૨૫. આ સંબોધન યા તો બધા કાફિરોને છે. એ હાલતમાં ઈમાનથી મીષાકના દિવસનું ઈમાન મુરાદ છે, જ્યારે અલ્લાહ તઆલાએ તેમને ફરમાવ્યું હતું, શું હું તમારો રબ નથી? બધાંએ બલા (કેમ નથી) કહ્યું હતું, અને ઈમાન લાવ્યા હતા. જ્યારે દુનિયામાં કાફિર બન્યા ત્યારે તેમને ફરમાવવામાં આવે છે કે મીષાકના દિવસે ઈમાન લાવ્યા પછી તમે કાફિર થયા? હસનનું કથન છે કે એનાથી મુનાફિકો મુરાદ છે, જેમણે ઝબાનથી ઈમાન જાહેર કર્યું હતું પણ તેમનાં દિલ મુન્કિર હતાં, અકરમાએ કહ્યું કે તેઓ એહલ કિતાબ છે જેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના જાહેર થતાં પહેલાં તો આપના પર ઈમાન લાવ્યા હતા ને હુઝૂરના જાહેર થયા પછી આપનો ઈન્કાર કરીને કાફિર બની ગયા, એક કથન એવું છે કે એ સંબોધન મુરતદોને છે જેઓ ઈસ્લામ લાવીને ફરી ગયા અને કાફિર થઈ ગયા.

૨૬. એટલે કે ઈમાનવાળાઓ જેઓ તે દિવસે અલ્લાહના કરમથી ખુશખુશાલ હશે. તેમના ચેહરાઓ ચમકતા હશે, જમણી બાજુ ડાબી તરફ અને આગળ નૂર હશે.

૨૭. અને કોઈને ગુનાહ વગર અઝાબ નથી દેતો, અને કોઈની નેકીનો સવાબ ઓછો નથી કરતો.

૨૮. "અય મુહમ્મદી ઉમ્મત"! **શાને નુઝૂલ** :- યહૂદીઓમાંથી માલિક બિન સેફ અને વહબ બિન યહૂદાએ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ વિગેરે સહાબાને કહ્યું કે અમે તમારાથી ઉત્તમ છીએ અને અમારો ધર્મ તમારા દીનથી સારોછે જેનું તમે અમને નિમંત્રણ આપો છો, તે બાબત આ આયત ઉતરી.

ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ أَيْنَ مَا ثُقِفُوٓا إِلَّا بِحَبْلٍ مِّنَ
اللَّهِ وَحَبْلٍ مِّنَ النَّاسِ وَبَآءُو بِغَضَبٍ مِّنَ اللَّهِ وَ
ضُرِبَتْ عَلَيْهِمُ الْمَسْكَنَةُ ذٰلِكَ بِأَنَّهُمْ كَانُوا يَكْفُرُونَ
بِاٰيٰتِ اللَّهِ وَيَقْتُلُونَ الْأَنْبِيَآءَ بِغَيْرِ حَقٍّ ذٰلِكَ بِمَا
عَصَوا وَّكَانُوا يَعْتَدُونَ ۝١١٢ لَيْسُوا سَوَآءً مِّنْ أَهْلِ
الْكِتٰبِ أُمَّةٌ قَآئِمَةٌ يَّتْلُونَ اٰيٰتِ اللَّهِ اٰنَآءَ الَّيْلِ
وَهُمْ يَسْجُدُونَ ۝١١٣ يُؤْمِنُونَ بِاللَّهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَ
يَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُسَارِعُونَ
فِي الْخَيْرٰتِ وَأُولٰٓئِكَ مِنَ الصّٰلِحِينَ ۝١١٤ وَمَا يَفْعَلُوا
مِنْ خَيْرٍ فَلَنْ يُّكْفَرُوهُ وَاللَّهُ عَلِيمٌ بِالْمُتَّقِينَ ۝١١٥ إِنَّ
الَّذِينَ كَفَرُوا لَنْ تُغْنِيَ عَنْهُمْ أَمْوَالُهُمْ وَلَآ أَوْلَادُهُمْ

તેમના પર ચોંટાડી દેવામાં આવી બેઈઝઝતી. જ્યાં હોય શાંતિ નહિ પામે[33] પણ અલ્લાહની રસ્સી[34] અને આદમીઓની રસ્સી વડે[35] અને ગઝબે ઈલાહીને પાત્ર ઠર્યા અને તેમના પર ચોંટાડી દેવામાં આવી મોહતાજી[36] આ એટલા માટે કે તેઓ અલ્લાહની આયતોથી કુફ્ર કરતા અને પૈગમ્બરોને નાહક શહીદ કરતા (રહ્યા છે) આ એટલા માટે કે (તેઓ) હુકમનું ઉલ્લંઘન કરનાર અને માથું ઊંચકનાર હતા (૧૧૨) બધા એક સરખા નથી, કિતાબવાળાઓમાં અમુક તે છે કે (જેઓ) હક પર કાયમ છે[37] અલ્લાહની આયતો પઢે છે રાતની પળોમાં અને સિજદા કરે છે[38] (૧૧૩) અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે છે. અને ભલાઈનો હુકમ અને બુરાઈથી મના કરે છે[39] અને નેક કામો પર દોડે છે. અને એ લોકો લાયક છે. (૧૧૪) અને તે જેઓ ભલાઈ કરે તેમનો હક મારવામાં નહીં આવે. અને અલ્લાહ જાણે છે ડરવાવાળાઓને[40] (૧૧૫) તેઓ જે કાફિર બન્યા તેમના માલ અને ઔલાદ[41] તેમને અલ્લાહથી કંઈ (પણ) બચાવશે

તિરમિઝીની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, ''અલ્લાહ તઆલા મારી ઉમ્મતને ગુમરાહી પર એકમત નહિ કરે, અને અલ્લાહ તઆલાની રહમતનો હાથ ''જમાઅત" પર છે જે ''જમાઅત"થી છુટો પડયો તે દોઝખમાં ગયો."

૨૯. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર.

૩૦. જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ યહૂદીઓમાંથી અને નજાશી તેમજ તેમના સાથીદારો નસારામાંથી.

૩૧. મોઢેથી મ્હેણાં ટોણાં મારવાં અને ધમકી ઉચ્ચાર વિગેરે દ્વારા.

**શાને નુઝૂલ** :- યહૂદીઓમાંથી જે લોકો ઈસ્લામ લાવ્યા હતા જેમકે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો, યહૂદી સરદારો તેમના દુશ્મન બની ગયા અને તેમને કષ્ટ આપવાની પેરવીમાં રહેવા લાગ્યા, ત્યારે આ આયત ઉતરી, અને અલ્લાહ તઆલાએ ઈમાન લાવનારાઓને શાંત્વન આપ્યું કે મોઢેથી એલફેલ બકવા સિવાય તેઓ મુસલમાનોને કંઈ જ તકલીફ પહોંચાડી શકશે નહીં, ચઢતી મુસલમાનોની જ રહેશે અને યહૂદીઓનું પરિણામ બેઈઝઝતી અને અપમાન છે.

૩૨. અને તમારા સામનાની હિમ્મત કરી શકશે નહીં, આ ગૈબી ખબરો એ મુજબ જ પરિણામી.

૩૩. હમેશાં અપમાનિત જ રહેશે, ઈઝઝત કદી પામશે નહીં, એનો જ એ અસર છે કે આજપર્યંત યહૂદીઓને કોઈપણ જગ્યાનું રાજ્ય મળ્યું નથી. જ્યાં રહ્યાં ત્યાં રય્યત અને ગુલામડા (પરતંત્ર) બનીને જ રહ્યા. (આજનો ઈસરાઈલ દેશ પણ હકીકતમાં અમેરિકાનો ગુલામ જ છે. અમેરિકાનો ટેકો પાછો ખેંચાઈ

નહિ, અને તેઓ જહન્નમી છે. તેમને હમેશાં તેમાં રહે-વાનું[૪૨] (૧૧૬) દ્રષ્ટાંત તેમનું જે આ દુનિયાની જિંદ-ગીમાં[૪૩] (દુનિયાની જિંદગી માટે) ખર્ચ કરે છે તે હવા જેવું છે જેમાં હીમ હોય. તે એક એવી કોમની ખેતી પર પડી જે પોતાનુંજ બુરૂં કરતા હતા. તો તેનો તદ્દન નાશ કરી નાખ્યો[૪૪] અને અલ્લાહે તેમના પર જુલ્મ ન કર્યો. હા! તેઓ પોતાના જ જીવ પર જુલ્મ કરે છે (૧૧૭) અય ઈમાન-દાર! પારકાઓને પોતાના રાઝદાર (જાણભેદુ,) ન બનાવો[૪૫] તેઓ તમારી બુરાઈમાં કમી નથી કરતા. તેઓની તમન્ના છે જે કંઈ દુઃખ તમને પહોંચે, અને તેમની વાતોથી અદેખાઈ છલકાઈ ઉઠી, અને તે[૪૬] જે છાતીમાં (તેમણે) સંતાડયું છે (તે તો) વધારે મોટું છે, અમે નિશાનીઓ તમને ખોલીને સંભળાવી દીધી જો તમને બુદ્ધિ હોય[૪૭] (૧૧૮) સાંભળો છો! આ તમે (એવા) છો (કે) તમે તો તેમને ચાહો છો[૪૮] અને તેઓ તમને ચાહતા નથી[૪૯] અને હાલત એ છે કે તમે બધી કિતાબો પર ઈમાન લાવો છો[૫૦] અને તેઓ જ્યારે તમને મળે છે (ત્યારે) કહે છે અમે ઈમાન લાવ્યા[૫૧] અને એકાંતમાં હોય તો તમારા પર ક્રોધથી આંગળાં કરડે, તમે ફરમાવી દો કે મરી જાઓ પોતાના ગુંગળાટમાં[૫૨] અલ્લાહ ખૂબ જાણે છે દિલોની વાત (૧૧૯)



مِّنَ اللّٰهِ شَيْـًٔا ۭ وَاُولٰۗىِٕكَ اَصْحٰبُ النَّارِ ۚ ھُمْ فِيْھَا خٰلِدُوْنَ ﴿١١٦﴾
مَثَلُ مَا يُنْفِقُوْنَ فِيْ ھٰذِهِ الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ رِيْحٍ
فِيْھَا صِرٌّ اَصَابَتْ حَرْثَ قَوْمٍ ظَلَمُوْٓا اَنْفُسَھُمْ فَاَھْلَكَتْهُ ۭ
وَمَا ظَلَمَھُمُ اللّٰهُ وَلٰكِنْ اَنْفُسَھُمْ يَظْلِمُوْنَ ﴿١١٧﴾ يٰٓاَيُّھَا الَّذِيْنَ
اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ
خَبَالًا ۭ وَدُّوْا مَا عَنِتُّمْ ۚ قَدْ بَدَتِ الْبَغْضَاۗءُ مِنْ اَفْوَاهِھِمْ ښ
وَمَا تُخْفِيْ صُدُوْرُھُمْ اَكْبَرُ ۭ قَدْ بَيَّنَّا لَكُمُ الْاٰيٰتِ اِنْ
كُنْتُمْ تَعْقِلُوْنَ ﴿١١٨﴾ ھٰٓاَنْتُمْ اُولَاۗءِ تُحِبُّوْنَھُمْ وَلَا يُحِبُّوْنَكُمْ
وَتُؤْمِنُوْنَ بِالْكِتٰبِ كُلِّهٖ ۚ وَاِذَا لَقُوْكُمْ قَالُوْٓا اٰمَنَّا ڌ وَاِذَا
خَلَوْا عَضُّوْا عَلَيْكُمُ الْاَنَامِلَ مِنَ الْغَيْظِ ۭ قُلْ
مُوْتُوْا بِغَيْظِكُمْ ۭ اِنَّ اللّٰهَ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ﴿١١٩﴾

منزل ١

જાય તો ઈસરાઈલનું અસ્તિત્વ સંભવિત જ નથી.)

૩૪. પકડીને એટલે કે ઈમાન લાવીને.

૩૫. એટલે કે મુસલમાનોની શરણાગતિ સ્વીકારીને અને તેમને જિઝિયો આપીને.

૩૬. માટે જ યહૂદીને ધનવાન હોવા છતાં દિલની માલદારી પ્રાપ્ત થતી નથી,

૩૭. **શાને નુઝૂલ :-** જ્યારે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારો ઈમાન લાવ્યા ત્યારે યહૂદી ધર્મગુરૂઓ અદેખાઈથી બોલ્યા કે આપણામાંથી જે મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવ્યા છે તે ખરાબ લોકો છે. જો ખરાબ ન હોત તો પોતાના બાપ-દાદાનો ધર્મ ન છોડતે, તે બાબત આ આયત ઉતારવામાં આવી.

અતા (મુફસ્સિર)નું કથન છે કે "મિન અહલીલ કિતાબી ઉમ્મતુન કાઈમતુન" થી નજરાનના ૪૦ હબશા (એરીટેરીયા) ના ૩૨ અને રૂમના ૮ તે પુરૂષો મુરાદ છે જે પહેલાં દીન ઈસવી (ક્રિશ્ચિયન) પર હતા પછી સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવ્યા.

૩૮. અર્થાત નમાઝ પઢે છે. એનાથી યા તો ઈશાની નમાઝ મુરાદ છે, જે અહેલ કિતાબ નથી પઢતા યા તહજ્જુદની નમાઝ.

૩૯. અને દીનની બાબતમાં ઢીલી નિતી નથી રાખતા.

૪૦. યહૂદીઓએ અબ્દુલ્લાહ બિન સલામ અને તેમના સાથીદારોને કહ્યું કે તમે દીન ઈસ્લામ સ્વીકારીને ખોટમાં ગયા છો, ત્યારે અલ્લાહ તઆલાએ તેમને ખબર આપી કે તેઓ ઉચ્ચ દરજ્જાઓને લાયક ઠર્યા અને

પોતાની નેકીઓનો બદલો મેળવશે, યહૂદીઓની બકવાસ અર્થહિન છે.

૪૧. જેમના પર તેમને ખૂબ ગર્વ છે.

૪૨. **શાને નુઝૂલ** :- આ આયત બનૂ કુરેઝા અને નુઝેર (કબીલાઓ) બાબત ઉતરી, યહૂદી સરદારોએ માલ અને જાગીરદારી પ્રાપ્ત કરવા રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે દુશ્મની કરી હતી, અલ્લાહ તઆલાએ આ આયતમાં ફરમાવ્યું કે તેમનો માલ અને ઔલાદ કંઈ કામ લાગશે નહિ, તેઓ રસૂલની દુશ્મનીમાં નાહક પોતાની આકેબત બર્બાદ કરી રહ્યા છે.

એક કથન એવું છે કે આ આયત કુરેશના મુશરિકો વિષે ઉતરી, કારણ કે અબૂ જહલને પોતાની દોલત અને માલ પર ઘણો ઘમંડ હતો, અને અબૂ સુફયાને બદ્ર અને ઉહદ (ની લડાઈઓ)માં મુશ્રિકો માટે ખૂબ વધારે માલ ખર્ચ કર્યો હતો.

એક કથન એવું છે કે આ આયત તમામ કાફિરો માટે સામાન્ય છે. તે બધાને બતાવવામાં આવ્યું છે કે માલ અને ઔલાદમાંથી કશું પણ કામ આવનાર અને અઝાબે ઈલાહીથી બચાવનાર નથી.

૪૩. તફસીરકારોનું કહેવું છે કે આનાથી યહૂદીઓનો તે ખર્ચ મુરાદ છે જે તેઓ પોતાના ધર્મગુરૂઓ અને સરદારો માટે કરતા હતા.

એક કથન એવું છે કે કાફિરોના બધા જ ખર્ચાઓ મુરાદ છે, એક કથન એવું છે કે રિયાકારનો ખર્ચ મુરાદ છે, કારણ કે આ તમામ લોકોનું ખર્ચ કરવું યા તો દુનિયાના નફા માટે હશે યા દીનના ફાયદા માટે. જો ફક્ત દુનિયાના ફાયદા માટે હોય તો આખિરતમાં એનાથી શું ફાયદો? અને રિયાકારનો તો આખિરત અને ખુદાની રઝામંદી મકસદ જ નથી હોતો, તેનું કામ તો દેખાવ કરતા પુરતું જ હોય છે, એવા અમલનો આખિરતમાં શું ફાયદો? અને કાફિરોના તે તમામ અમલ નિષ્ફળ છે, તે તો આખિરતની નિય્યતથી ખર્ચ કરે તો પણ ફાયદો પામી શકતા નથી, એ લોકો માટે તે દ્રષ્ટાંત બિલ્કુલ બંધબેસતુ છે જે આયતમાં બયાન કરવામાં આવ્યું છે.

૪૪. એટલે કે જેવી રીતે હીમ ખેતીને બર્બાદ કરી નાખે છે તેવી જ રીતે કુફ્ર ખર્ચ કરેલાને તારાજ કરી નાખે છે.

૪૫. તેમની દોસ્તી ન કરો, પ્રેમ સંબંધો ન રાખો, તેઓ વિશ્વાસપાત્ર નથી.

**શાને નુઝૂલ** :- અમુક મૂસલમાનો યહૂદીઓ સાથે સગાઈ સંબંધો મિત્રતા અને પડોશી હોવાના કારણે મેળ મિલાપ રાખતા હતા તેમના માટે આ આયત ઉતરી.

**મસઅલો** :- કાફિરો સાથે દોસ્તી અને મહોબ્બત કરવી અને તેમને પોતાના **રહસ્યભેદુ** બનાવવા નાજાઈઝ અને મના છે.

૪૬. દુશ્મની અને અદેખાઈ.

૪૭. તો તેમની સાથે દોસ્તી ન કરો.

૪૮. રિશ્તેદારી અને દોસ્તી વિગેરેના સંબંધોના કારણે.

૪૯. અને ધાર્મિક પાયા પર તમારી સાથે દુશ્મની રાખે છે.

૫૦. અને તેઓ તમારી કિતાબ પર ઈમાન ધરાવતા નથી.

૫૧. એ હાલત મુનાફિકોની છે.

૫૨. મરી જા જેથી છુટકારો પામે અય હસદ કરનાર! કારણ કે હસદ એક એવું દુ:ખ છે કે એની

لن تنالوا ٤ — آل عمران ٣

إن تمسسكم حسنة تسؤهم وإن تصبكم سيئة
يفرحوا بها وإن تصبروا وتتقوا لا يضركم كيدهم
شيئا إن الله بما يعملون محيط ﴿١٢٠﴾ وإذ غدوت
من أهلك تبوئ المؤمنين مقاعد للقتال
والله سميع عليم ﴿١٢١﴾ إذ همت طائفتان منكم أن
تفشلا والله وليهما وعلى الله فليتوكل المؤمنون ﴿١٢٢﴾
ولقد نصركم الله ببدر وأنتم أذلة فاتقوا الله
لعلكم تشكرون ﴿١٢٣﴾ إذ تقول للمؤمنين ألن
يكفيكم أن يمدكم ربكم بثلاثة آلاف من
الملائكة منزلين ﴿١٢٤﴾ بلى إن تصبروا وتتقوا
ويأتوكم من فورهم هذا يمددكم ربكم

તમને કંઈ ભલાઈ પહોંચે તો તેમને બુરૂં લાગે[૫૩] અને તમને બુરાઈ પહોંચે તો તેના પર ખુશ થાય, અને જો તમે સબ્ર અને પરહેઝગારી કર્યે રાખો[૫૪] તો તેમના દાવો તમારૂં કશું બગાડશે નહિ, બેશક! તેમના બધાં કામો ખુદાના ઘેરામાં છે (૧૨૦) અને યાદ કરો અય મહબૂબ! જ્યારે તમે સવારે[૫૫] નિવાસમાંથી બહાર પધાર્યા. મુસલમાનોને લડાઈના મોર્ચાઓ પર સ્થાપિત કરતા[૫૬] અને અલ્લાહ સાંભળતો જાણતો છે (૧૨૧) જ્યારે તમારામાંથી બે જુથોએ ઈરાદો કર્યો કે બાયલાપણું કરી જાય[૫૭] અને અલ્લાહ તેમનો સંભાળનાર છે. અને મુસલમાનોને અલ્લાહ પર જ ભરોસો જોઈએ (૧૨૨) અને બેશક! અલ્લાહે બદ્રમાં તમારી મદદ કરી જ્યારે તમે તદ્દન સરસામાન વગરના હતા[૫૮] તો અલ્લાહથી ડરો (કે) ક્યાંક શુક્રગુઝાર બનો (૧૨૩) જ્યારે તમે અય મહબૂબ! મુસલમાનોને ફરમાવતા હતા. શું તમને પુરતું નથી કે તમારો રબ તમારી મદદ કરે ત્રણ હજાર ફરિશ્તાઓ ઉતારીને? (૧૨૪) હા! કેમ નહિ. જો તમે સબ્ર અને તકવો કરો, અને કાફિરો આવી પડે (હુમ્લો કરીને) તમારા પર તો

તકલીફથી છુટવાનો મોત સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

૫૩. અને તેથી તેઓ નારાજ થાય છે.

૫૪. અને તેમની સાથે મિત્રતા અને મહોબ્બત ન કરો,

**મસઅલો** :- આ આયતથી જાણવા મળ્યું કે દુશ્મનના મુકાબલામાં સબ્ર ને તકવો કામ આવે છે.

૫૫. મદીના તય્યિબહમાં ઉહદના જંગ માટે.

૫૬. લગભગ બધા જ મુફસ્સિરો કહે છે કે આ બયાન જંગે ઉહદનું છે, જેનો ટૂંકમાં હેવાલ આ મુજબ છે કે જંગે બદ્રમાં હાર્યા બદલ મુશરિકોને ઘણો રંજ હતો, જેથી તેઓએ વેર વાળવાના હેતુથી ભારે સૈન્ય એકઠું કરી ચઢાઈ કરી, જ્યારે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ખબર મળી કે કાફિરોના સૈન્યે ઉહદમાં પડાવ નાખ્યો છે ત્યારે આપે સહાબા સાથે મંત્રણા કરી, આ મંત્રણામાં અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલને પણ બોલાવવામાં આવ્યો જે આ પહેલાં કદી કોઈ મંત્રણા માટે બોલાવવામાં આવ્યો ન હતો. (તે મંત્રણામાં) વધુ પડતા અન્સાર અને મઝકૂર અબ્દુલ્લાહનો અભિપ્રાય એ હતો કે હુઝૂર મદીના શરીફમાં જ રહે. અને કાફિરો (ચઢાઈ કરીને) અહીં સુધી આવે ત્યારે સામનો કરવો, સૈયદે આલમ ﷺની મરજી પણ એ જ હતી, પણ અમુક સહાબાએ કિરામનો મત એવો હતો કે મદીના શરીફથી બહાર નીકળીને લડવું જોઈએ, અને તે વાતને તેઓ વળી રહ્યા.

સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ દોલતખાનામાં તશરીફ લઈ ગયા અને હથિયારો ધારણ કરીને બહાર પધાર્યા, હવે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને જોઈને તે સહાબાને પસ્તાવો થયો. અને તેઓએ વિનંતી કરી કે હુઝૂરને મશ્વરો આપીને તેને વળગી રહેવામાં અમારી ભૂલ હતી. એને માફ ફરમાવો

بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُسَوِّمِيْنَ ﴿١٢٥﴾ وَمَا
جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى لَكُمْ وَلِتَطْمَئِنَّ قُلُوْبُكُمْ بِهٖ
وَمَا النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿١٢٦﴾ لِيَقْطَعَ
طَرَفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْٓا اَوْ يَكْبِتَهُمْ فَيَنْقَلِبُوْا
خَآئِبِيْنَ ﴿١٢٧﴾ لَيْسَ لَكَ مِنَ الْاَمْرِ شَيْءٌ اَوْ يَتُوْبَ
عَلَيْهِمْ اَوْ يُعَذِّبَهُمْ فَاِنَّهُمْ ظٰلِمُوْنَ ﴿١٢٨﴾ وَلِلّٰهِ مَا فِى
السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ يَغْفِرُ لِمَنْ يَّشَآءُ وَ
يُعَذِّبُ مَنْ يَّشَآءُ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٢٩﴾
يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَاْكُلُوا الرِّبٰوٓا اَضْعَافًا
مُّضٰعَفَةً وَّاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿١٣٠﴾ وَاتَّقُوا
النَّارَ الَّتِىْٓ اُعِدَّتْ لِلْكٰفِرِيْنَ ﴿١٣١﴾ وَاَطِيْعُوا اللّٰهَ

તે જ સમયે તમારો રબ તમારી મદદે નિશાનવાળા પાંચ હજાર ફરિશ્તા મોકલશે[૫૯] (૧૨૫) અને આ જીત અલ્લાહે ન કરી પણ તમારી શાંતિ માટે, અને એટલા ખાતર જ કે તમારા દિલોને શાંતિ મળે[૬૦] અને મદદ નથી પણ અલ્લાહ ગાલિબ (ચઢિયાતો) હિકમતવાળા પાસેથી[૬૧] (૧૨૬) એટલા માટે કે કાફિરોનો એક ભાગ કાપી નાખે[૬૨] અથવા તેમને અપમાનિત કરે કે (જેથી) નિષ્ફળ (થઈને) પરત ફરે (૧૨૭) આ વાત તમારા હાથમાં નથી. યા તો તેમને તવબહની તવફીક આપે યા તેમને અઝાબ કરે કે તેઓ જાલિમ છે (૧૨૮) અને અલ્લાહનું જ છે જે કંઈ આસ્માનોમાં છે અને જે કંઈ જમીનમાં છે. જેને ઈચ્છે તેને માફ કરે અને અઝાબ કરે જેને ઈચ્છે તેને, અલ્લાહ માફ કરનાર મેહરબાન છે (૧૨૯) અય ઈમાનવાળાઓ! વ્યાજ અને વ્યાજનું વ્યાજ ન ખાઓ[૬૩] અને અલ્લાહથી ડરો એ આશાએ કે તમને સફળતા મળે (૧૩૦) અને એ આગથી બચો જે કાફિરો માટે તૈયાર રાખેલી છે[૬૪] (૧૩૧) અને અલ્લાહ અને રસૂલના આજ્ઞાંકિત રહો[૬૫] એ આશાએ

અને જે આપની મરજી મુબારક હોય તેવું કરો, હુઝૂરે ફરમાવ્યું, ''નબીને છાજતુ નથી કે હથિયારો ધારણ કરીને લડાઈ પહેલાં જ તેને છોડી નાખે.''

મુશરિકો ઉહદમાં બુધવારે કે જુમેરાતે પોગ્યા હતા. અને રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ જુમ્માના દિવસે જુમ્માની નમાઝ બાદ એક અન્સારીની જનાઝાની નમાઝ પઢીને રવાના થયા હતા, અને ૧૫મી શવ્વાલ ૩ હિ.સ. શનિવારે ઉહદમાં પહોંચ્યા અને પડાવ નાંખ્યો.

ત્યાં ઈસ્લામી સૈન્યના પડાવની પાછળ એક પહાડની ઘાટી હતી, સંભવ હતો કે ત્યા થઈને દુશ્મન પીઠ પાછળથી હુમલો કરી દે. એટલા માટે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે અબ્દુલ્લાહ બિન જુબેરને પચાસ તીરંદાઝો સાથે ત્યાં નક્કી કર્યા. જેથી જો દુશ્મન ત્યાં થઈને હુમલો કરે તો તીર વર્ષા કરીને તેમને પાછાં ધકેલી દે. અને હુકમ કર્યો કે કોઈપણ પરિસ્થિતિમાં આ જગ્યા છોડવી નહીં, ભલે જીત થાય કે હાર મળે.

અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલ મુનાફિક જેણે મદીના શરીફમાં રહીને જંગ કરવાનો અભિપ્રાય આપ્યો હતો તે હવે પોતાના મત વિરૂદ્ધ કરવા બદલ વિરોધી થયો અને કહેવા લાગ્યો કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે નવજુવાન છોકરાઓનું કહેવું કેમ માની લીધું અને મારી વાતની કશી પરવા કરી નહીં. એ અબ્દુલ્લાહ બિન ઉબૈ મુનાફિક સાથે બીજા ત્રણસો મુનાફિકો હતા. તેમને એણે કહ્યું કે જ્યારે શત્રુ ઈસ્લામી લશ્કરની સામે આવી જાય ત્યારે ભાગી છુટો જેથી ઈસ્લામી લશ્કરમાં અંધાધુંધી મચી જાય અને તમને દેખીને બીજા લોકો પણ ભાગી છુટે.

મુસ્લિમ સૈન્યની સંખ્યા તે મુનાફિકો સહિત એક હજારની હતી, અને મુશરિકો ત્રણ હજાર હતા.

સામનો થતાં જ અબ્દુલ્લાહ બિન ઉબૈ મુનાફિક પોતાના ત્રણસો સાથીદારોને લઈને ભાગી નીકળ્યો, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના સાતસો અસહાબ આપની સાથે રહ્યા. અલ્લાહ તઆલાએ તેમને અટલ રાખ્યા, એટલે સુધી કે મુશ્રિકોનો પરાજય થયો, હવે સહાબા ભાગી છુટતા મુશરિકોની પાછળ દોડયા. અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે જ્યાં (ઘાટીનો માર્ગ જાળવવા) મૂક્યા હતા ત્યાં કાયમ ન રહ્યા, (મુશરિકોનો પીછો કરવા દોડી ગયા) તો અલ્લાહ તઆલાએ તેમને બતાવી દીધું કે બદ્રની લડાઈમાં અલ્લાહ અને તેના રસૂલની ફરમાંબરદારીની બરકતથી જીત આપી હતી. અહીં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના હુકમનો વિરોધ કરવાનું પરિણામ એ આવ્યું કે અલ્લાહ તઆલાએ મુશ્રિકોના દિલોમાંથી રૂઆબ અને હૈબત કાઢી નાખ્યાં. અને તેઓ (ઘાટીવાળા માર્ગે મુસલમાનો પર) પલ્ટી પડયા અને મુસલમાનોને પરાજય સાંપડયો. રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે એક જુથ રહ્યું જેમાં હઝરત અબૂબક્ર અને હઝરત અલી તથા હઝરત અબ્બાસ, હઝરત તલહા અને હઝરત સઅદ હતા. આ લડાઈમાં જ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના દાંત મુબારક શહીદ થયા અને ચેહરો મુબારક ઝખ્મી થયો. એ બાબત આ આયત ઉતરી.

૫૭. એ બન્ને જુથો અન્સારમાંનાં હતાં. એક ખઝરજવાલાઓમાંથી બનુ સલ્મા અને બીજું ઓસવાળા-માંથી બનુહારિસા. એ બન્ને (મુસ્લિમ) સૈન્યના બાહુ (સમાન) હતા, જ્યારે અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલ ભાગ્યો ત્યારે એમણે પણ પરત થવાનો ઈરાદો કર્યો. (પણ) અલ્લાહ તઆલાએ કરમ કર્યો અને એમને એનાથી બચાવ્યા તેઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે અટલ રહ્યા. અહીં તે નેઅમત અને એહસાનનો ઉલ્લેખ કરેલો છે.

૫૮. તમારી સંખ્યા પણ ઓછી હતી. તમારી પાસે શસ્ત્રોની પણ કમી હતી.

૫૯. જેમકે મુસલમાનોએ બદ્ર (ની લડાઈ) ના દિવસે સબ્ર અને તકવાથી કામ લીધું તો અલ્લાહ તઆલાએ વાયદા મુજબ પાંચ હજાર ફરિશ્તાઓની મદદ મોકલી અને મુસ્લિમોની જીત અને કાફિરોની હાર થઈ.

૬૦. દુશ્મનના માનવ બળ અને પોતાની અલ્પ સંખ્યાથી પરેશાની અને વ્યાકુળતા ન થાય.

૬૧. માટે બન્દાને જોઈએ કે સબબ બનાવનાર (ખુદા) પર નજર રાખે અને તેના પર જ ભરોસો રાખે.

૬૨. એ રીતે કે તેમના મોટા મોટા સરદારો કત્લ કરવામાં અને કેદ પકડવામાં આવે, જેવી રીતે બદ્ર (ની લડાઈ) માં થયું.

૬૩.**મસઅલો** :- આ આયતમાં વ્યાજની મના કરવામાં આવી છે, ધમકી સાથે, તે વધારા (ની રકમ) ઉપર જે તે સમયમાં પ્રચલિત હતી, કે જ્યારે મુદ્દત પાકી જતી અને કરજદારો પાસે ચૂકવણીનો કોઈ માર્ગ ન હોય ત્યારે લેણદાર માલ (અથવા રકમ)માં વધારો કરીને મુદ્દત વધારી દેતો હતો. અને એવુ વારં વાર કરતો જેમકે (હાલના જમાનામાં) વ્યાજ ખાનાર લોકો કરે છે અને એને વ્યાજનું વ્યાજ કહે છે.

**મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે ગુનાહે કબીરાથી માણસ ઈમાનથી નીકળી જતો નથી. (નહીં તો "અય ઈમાનવાળાઓ!" કહીને સંબોધન કરત નહીં.)

૬૪. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું કે આમાં ઈમાનવાળાઓને ધમકી છે કે વ્યાજ વિગેર જે વસ્તુઓ અલ્લાહે હરામ ફરમાવી છે તેને હલાલ ન જાણે. કારણ કે કતઈ હરામને હલાલ જાણવું કુફ્ર છે.

لن تنالوا ٤ — آل عمران ٣

وَالرَّسُوْلَ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ۝ وَسَارِعُوْٓا اِلٰى
مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ وَجَنَّةٍ عَرْضُهَا السَّمٰوٰتُ
وَالْاَرْضُ اُعِدَّتْ لِلْمُتَّقِيْنَ ۝ الَّذِيْنَ يُنْفِقُوْنَ
فِي السَّرَّاۗءِ وَالضَّرَّاۗءِ وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَ
الْعَافِيْنَ عَنِ النَّاسِ ۭ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ۝
وَالَّذِيْنَ اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْٓا اَنْفُسَھُمْ
ذَكَرُوا اللّٰهَ فَاسْتَغْفَرُوْا لِذُنُوْبِهِمْ ۠ وَمَنْ يَّغْفِرُ
الذُّنُوْبَ اِلَّا اللّٰهُ ڞ وَلَمْ يُصِرُّوْا عَلٰي مَا فَعَلُوْا وَ
ھُمْ يَعْلَمُوْنَ ۝ اُولٰۗىِٕكَ جَزَاۗؤُھُمْ مَّغْفِرَةٌ مِّنْ
رَّبِّهِمْ وَجَنّٰتٌ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ
فِيْهَا ۭ وَنِعْمَ اَجْرُ الْعٰمِلِيْنَ ۝ قَدْ خَلَتْ مِنْ

કે તમારા પર રહમ કરવામાં આવે (૧૩૨) અને દોડો[૬૬] પોતાના રબની બખ્શિશ અને એવી જન્નત તરફ જેની પહોળાઈમાં બધાં આસ્માન ને જમીન આવી જાય[૬૭] પરહેઝગારો માટે તૈયાર રાખેલી છે[૬૮] અને જેઓ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે ખુશીમાં અને રંજમાં[૬૯] અને ગુસ્સો પી જનાર અને લોકોથી દરગુજર કરનાર અને નેક લોકો અલ્લાહના પ્યારા છે. (૧૩૪) અને તે લોકો કે જ્યારે કોઈ બેહયાઈ યા પોતાના જીવો પર જુલ્મ કરે[૭૦] (ત્યારે) અલ્લાહને યાદ કરીને પોતાના ગુનાહોની માફી માંગે[૭૧] અને ગુનાહ કોણ માફ કરે સિવાય અલ્લાહ, અને પોતાના કરેલા પર જાણી જોઈને આડાઈ ન કરે (૧૩૫) એવાઓનો બદલો એમના રબની બખ્શિશ અને જન્નતો છે[૭૨] જેમની નીચે નહેરો વહે. હમેશાં તેમાં રહે. અને કામ કરનારાઓનો કેવો સરસ બદલો છે[૭૩] (૧૩૬) તમારાથી પહેલાં અમુક તરીકાઓ વપરાશમાં આવી ચૂક્યા

૬૫. કારણ કે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ફરમાંબરદારી ખુદાની ફરમાંબરદારી છે, અને રસૂલની નાફરમાની કરનાર ખુદાનો ફરમાંબરદાર બની શકતો નથી.

૬૬. તવબહ, ફર્ઝ બાબતો, ઈબાદત, અમલમાં નિખાલસતા ધારણ કરીને.

૬૭. આ જન્નતની પહોળાઈનું બયાન છે એવી રીતે કે લોકો સમજી શકે. કારણ કે તેમણે સર્વથી પહોળી જે વસ્તુ જોઈ છે તે જમીન અને આસ્માન છે. એનાથી તેઓ અંદાઝ કાઢી શકે છે કે જો આસ્માન અને જમીનને તબક્કાવાર ભાગ પાડીને જોડી દેવામાં આવે અને બધાનો એક પ્લોટ તૈયાર કરવામાં આવે. (તો જેટલો મોટો બને) તેના મુજબ જન્નતની પહોળાઈનો અંદાજો થાય છે કે જન્નત કેટલી વિસ્તૃત છે.

હિરકલ બાદશાહે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં લખ્યું કે "જ્યારે જન્નત એટલી વિસ્તૃત છે કે આસ્માન અને જમીન તેમાં સમાઈ જાય તો પછી દોઝખ ક્યાં છે?" હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે જવાબમાં ફરમાવ્યું કે "સુબ્હાનલ્લાહ! જ્યારે દિવસ આવે છે ત્યારે રાત ક્યાં હોય છે?"

આ સુંદર કલામના અર્થો ઘણાં ગુઢ છે. જાહેરી પાંખિયું એ છે કે આકાશ ચક્ર (વ્યવસ્થા) મુજબ એક તરફ દિવસ હોય છે જ્યારે એની વિરૂદ્ધ દિશામાં રાત હોય છે. એવી જ રીતે જન્નત ઉપરની દિશામાં અને દોઝખ નીચેની દિશામાં છે.

યહૂદીઓએ એ જ સવાલ હઝરત ઉમર રદ્દીયલ્લાહુ અન્હૂને પૂછયો હતો. ત્યારે આપે પણ એ જ જવાબ આપ્યો હતો. તે વખતે તેમણે કહ્યું કે તવરાતમાં પણ આ રીતે જ સમજાવવામાં આવ્યું છે, અર્થ એ

قبلكم سنن فسيروا في الأرض فانظروا كيف
كان عاقبة المكذبين ﴿١٣٧﴾ هذا بيان للناس
وهدى وموعظة للمتقين ﴿١٣٨﴾ ولا تهنوا ولا
تحزنوا وأنتم الأعلون إن كنتم مؤمنين ﴿١٣٩﴾
إن يمسسكم قرح فقد مس القوم قرح
مثله وتلك الأيام نداولها بين الناس
وليعلم الله الذين آمنوا ويتخذ منكم
شهداء والله لا يحب الظالمين ﴿١٤٠﴾ وليمحص
الله الذين آمنوا ويمحق الكافرين ﴿١٤١﴾ أم
حسبتم أن تدخلوا الجنة ولما يعلم الله
الذين جاهدوا منكم ويعلم الصابرين ﴿١٤٢﴾

છે[૭૪] તો જમીનમાં ચાલીને જુઓ કેવું પરિણામ થયું જૂઠલાવનારાઓનું[૭૫] (૧૩૭) આ (બયાનનો હેતુ) લોકોને બતાવવું અને માર્ગ દેખાડવો તેમજ પરહેઝગારોને નસીહત (કરવાનો) છે (૧૩૮) અને ન સુસ્તી કરો ન આઘાત ખાઓ[૭૬] તમે જ ઉપરવટ રહેશો જો ઈમાન ધરાવતા હોવ (૧૩૯) જો તમને[૭૭] કોઈ તકલીફ પહોંચી તો તે લોકો પણ એવી જ તકલીફ વેઠી ચૂક્યા છે[૭૮] અને આ દિવસો છે જેમાં અમે લોકો માટે વારા બાંધ્યા છે[૭૯] અને આ એટલા માટે કે અલ્લાહ ઈમાનવાળાઓની ઓળખાણ કરાવી દે[૮૦] અને તમારામાંથી અમુક લોકોને શહાદતનો મરતબો આપે, અને અલ્લાહ જાલિમોને દોસ્ત રાખતો નથી (૧૪૦) અને એટલા માટે કે અલ્લાહ મુસલમાનોને નિખારી આપે[૮૧] અને કાફિરોને નાબૂદ કરે[૮૨] (૧૪૧) શું એવી ધારણામાં છે કે જન્નતમાં ચાલ્યા જશો? અને હજું અલ્લાહે તમારા ગાઝીઓનું ઈમ્તિહાન લીધું નથી. અને ન (તો) સબ્રવાળાઓની આજમાઈશ કરી (છે)[૮૩] (૧૪૨)

છે કે અલ્લાહની કુદરત અને એના અધિકારથી એ વસ્તુ કંઈ મુશ્કેલ નથી. જે વસ્તુને જ્યાં ઈચ્છે ત્યાં મૂકે આ તો ઈન્સાની દૃષ્ટિની ઓછપ છે કે જ્યારે કોઈ વસ્તુની વિસ્તૃતતાથી આશ્ચર્ય પામે છે ત્યારે પૂછવા મંડે છે કે આટલી વિશાળ વસ્તુનો સમાવેશ ક્યાં થશે?

હઝરત અનસ બિન મલિક રદીયલ્લાહુ અન્હૂને પૂછવામાં આવ્યું કે, "જન્નત આસ્માનમાં છે કે જમીનમાં?" ફરમાવ્યું, "એવી કઈ જમીન અને આસ્માન છે જેમાં જન્નતનો સમાવેશ થઈ શકે?" વિનંતી કરવામાં આવી કે, "તો પછી ક્યાં છે?" ફરમાવ્યું "આસ્માનોની ઉપર અર્શની નીચે."

૬૮. આ આયત અને એના ઉપરની આયત "વત્તકુન્નારલ ઉઈદ્દત લિલ કાફિરિન" થી સાબિત થયું કે જન્નત અને દોઝખ અસ્તિત્વમાં આવી ચૂકેલાં અને મૌજૂદ છે.

૬૯. એટલે કે ગમે તેવી પરિસ્થિતિમાં ખર્ચ કરે છે. બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, "ખર્ચ કરો, તમારા માટે પણ ખર્ચ કરવામાં આવશે." અર્થાત ખુદાના માર્ગમાં આપો, તમને પણ અલ્લાહની રહમતમાંથી મળશે.

૭૦. અર્થાત તેમનાથી કોઈ નાનો કે મોટો ગુનાહ સાદર થાય.

૭૧. અને તવબહ કરે તેમજ ગુનાહ ત્યજી દે અને ભવિષ્યમાં તેનાથી દૂર રહેવાનો નિશ્ચય કરે, કારણ કે આ બાબતો સ્વીકાર્ય તવબહની શરતો પૈકીમાંથી છે.

૭૨. **શાને નુઝૂલ** :- તીહાન નામે ખારેકોના વેપારી પાસે એક સુંદર સ્ત્રી ખારેકો ખરીદવા આવી. તેણે

કહ્યું ''આ ખારેકો તો સારી નથી, સારી ખારેકો તો દુકાનની અંદરના ભાગમાં છે.'' એ બહાને તેણીને અંદર લઈ ગયો. પછી પકડીને આલિંગન કર્યું અને મોઢે ચુંબન કર્યું. સ્ત્રીએ કહ્યું કે ''ખુદાથી ડર!'' એ સાંભળતાં જ તેણીને છોડી મૂકી અને પસ્તાવા લાગ્યો, પછી સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં ઉપસ્થિત થઈને પરિસ્થિતિ કહી સંભળાવી. ત્યારે આ આયત વલ્લઝીન ઈઝા ફઅલૂ....... ઉતરી.

એક કથન એવું છે કે એક અન્સારી અને એક સકફીમાં મહોબ્બત હતી. દરેકે એક બીજાને ભાઈ બનાવી રાખ્યો હતો. સકફી (એક વેળા) જિહાદમાં ગયો હતો અને પોતાના મકાનની દેખભાળ અન્સારીને સોંપી ગયો હતો. એક વાર અન્સારી ગોશ્ત લાવ્યો અને સકફીના ઘેર દેવા ગયો. જ્યારે સકફીની પત્નીએ ગોશ્ત લેવા માટે (પર્દા પાછળથી) હાથ લંબાવ્યો ત્યારે અન્સારીએ તેણીના હાથને ચુંબન કરી લીધું. પણ એ કૃત્ય કરતાંની સાથે જ તેને ખૂબ પસ્તાવો અને શરમિંદગી થઈ આવી અને તે પોતાના માથા પર ધૂળ નાખતો મોઢા પર તમાચા મારતો જંગલ તરફ ઉપડી ગયો, જ્યારે સકફી જિહાદમાંથી પાછો ફર્યો ત્યારે તેણે પોતાની પત્નીને અન્સારીની ખબર અંતર પૂછી. તેણીએ કહ્યું, ખુદા આવા ભાઇઓમાં વધારો ન કરે. અને પછી આખો બનાવ કહી સંભળાવ્યો, અન્સારી પહાડોમાં રડતો તેમજ તવબહ ઈસ્તિગફાર કરતો ફરતો હતો. સકફી તેને ઢુંઢીને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં લઈ આવ્યો. તેના વિષયમાં આ આયતો ઉતરી.

૭૩. એટલે કે આજ્ઞાનું પાલન કરનારાઓ માટે શ્રેષ્ઠ બદલો છે.

૭૪. પાછલી ઉમ્મતો સાથે જેમણે દુનિયાની લાલચ અને એની લિઝઝતોની પ્રાપ્તિમાં નબીઓ અને રસૂલોનો વિરોધ કર્યો, અલ્લાહ તઆલાએ તેમને મેહતલો આપી છતા પણ તેઓ સીધા માર્ગ પર ન આવ્યા, ત્યારે તેમનો નાશ કરવામાં આવ્યો.

૭૫. જેથી તમે બોધ ગ્રહણ કરો.

૭૬. તેનો જે જંગે ઉહદમાં થયું.

૭૭. જંગે ઉહદમાં.

૭૮. જંગે બદ્રમાં તે છતાં તેઓ હિમ્મત હાર્યા નહીં અને તમારી સાથે લડાઈ કરવામાં સુસ્તીથી કામ ન લીધું તો તમારે પણ સુસ્તી અને પાછી પાની કરવી જોઈએ નહીં.

૭૯. કદી કોઈનો વારો તો કદી કોઈનો.

૮૦. સબ્ર અને નિખાલસતાની સાથે કે તેમને પરિશ્રમ અને નિષ્ફળતા તેમના સ્થાનેથી ચલિત કરી શકતી નથી અને તેમની અચલતાના પગો ડગમગ થઈ શકતા નથી.

૮૧. અને તેમને ગુનાહોથી પવિત્ર કરી આપે.

૮૨. એટલે કે કાફિરો તરફથી મુસલમાનોને જે તકલીફો પહોંચે તે તો મુસલમાનો માટે શહાદત અને પાક કરવા સમાન છે અને મુસલમાનો જે કાફિરોને નાશ કરે છે તે તેમના માટે બરબાદી અને નાબૂદી છે

૮૩. કે અલ્લાહની ખુશી માટે કેવા જખ્મી થાય છે અને દુ:ખો સહન કરે છે. આમાં તે લોકો પ્રત્યે નારાજી દર્શાવાઈ છે જેઓ ઉહદના દિવસે કાફિરો સામેથી ભાગી ગયા હતા.

૮૪. **શાને નુઝૂલ** :- જ્યારે બદ્રની લડાઈમાં શહીદ થયેલા લોકોના દરજ્જાઓ અને રૂતબાઓ તેમજ તેમના પર અલ્લાહના ઈનામો અને ઉપકારોનું વર્ણન કરવામાં આવ્યું. ત્યારે જે મુસલમાનો તેમાં હાજર ન હતા તેમને પસ્તાવો થયો અને તેઓ ઈચ્છા કરવા લાગ્યા કે કેવું સારૂં થાય જો અમને કોઈ જિહાદમાં ભાગ

وَلَقَدْ كُنْتُمْ تَمَنَّوْنَ الْمَوْتَ مِنْ قَبْلِ اَنْ تَلْقَوْهُ
فَقَدْ رَاَيْتُمُوْهُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿١٤٣﴾ وَمَا مُحَمَّدٌ اِلَّا
رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ اَفَاۡئِنْ مَّاتَ
اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰٓى اَعْقَابِكُمْ وَمَنْ يَّنْقَلِبْ
عَلٰى عَقِبَيْهِ فَلَنْ يَّضُرَّ اللّٰهَ شَيْـًٔا وَسَيَجْزِى اللّٰهُ
الشّٰكِرِيْنَ ﴿١٤٤﴾ وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تَمُوْتَ اِلَّا
بِاِذْنِ اللّٰهِ كِتٰبًا مُّؤَجَّلًا وَمَنْ يُّرِدْ ثَوَابَ
الدُّنْيَا نُؤْتِهٖ مِنْهَا وَمَنْ يُّرِدْ ثَوَابَ الْاٰخِرَةِ نُؤْتِهٖ
مِنْهَا وَسَنَجْزِى الشّٰكِرِيْنَ ﴿١٤٥﴾ وَكَاَيِّنْ مِّنْ نَّبِىٍّ
قٰتَلَ مَعَهٗ رِبِّيُّوْنَ كَثِيْرٌ فَمَا وَهَنُوْا لِمَآ
اَصَابَهُمْ فِىْ سَبِيْلِ اللّٰهِ وَمَا ضَعُفُوْا وَمَا

અને તમે તો મોતની ઈચ્છા કરતા હતા એના મળતાં પહેલાં[૮૪] તો તે હવે તમને દેખાયું આંખોની સામે (૧૪૩) અને મુહમ્મદ તો એક રસૂલ છે[૮૫] તેમનાથી પહેલાં બીજા રસૂલો થઈ ચૂક્યા (છે)[૮૬] તો જો તેઓ જગ્યા બદલે અથવા શહીદ થાય તો શું તમે પાછા પગે ફરી જાશો? અને જે પાછા પગે ફરશે (તે) અલ્લાહનું કંઈ જ નુકશાન નહિ કરે. અને નજીકના ભવિષ્યમાં જ અલ્લાહ શુક્રવા-ળાઓને બદલો આપશે[૮૭] (૧૪૪) અને કોઈ જીવ ખુદાના હુકમ સિવાય મરી શકતો નથી[૮૮] બધાંનો (નક્કી) સમય લખેલો (તૈયાર) રાખ્યો છે[૮૯] અને જે દુનિયાનું ઈનામ ઈચ્છે[૯૦] અમે તેમાંથી તેને આપીએ, અને જે આખિરતનું ઈનામ ઈચ્છે અમે તેમાંથી તેને આપીએ[૯૧] અને નજીક છે કે અમે શુક્રવાળાઓને બદલો આપીએ (૧૪૫) અને (કંઈ) કેટલાય નબીઓએ જિહાદ કર્યું. તેમની સાથે ઘણા અલ્લાહવાળા હતા. તો સુસ્ત ન પડ્યા તે મુસીબતોથી જે અલ્લાહના માર્ગમાં તેમને પહોંચી, અને ન

લેવાનું સદ્ભાગ્ય સાંપડે અને શહાદતના દરજ્જાઓ પ્રાપ્ત થાય. એ લોકોએ જ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ઉહદની લડાઈમાં (મદીના શરીફથી બહાર) જવાનો આગ્રહ કર્યો હતો, તેમને વિષે આ આયત ઉતરી.

૮૫. અને રસૂલોના આગમનનો હેતુ રિસાલતની તબલીગ તથા દલીલ પૂર્ણ કરવાનો હોય છે, નહીં કે પોતાની કૌમમાં હમેશાં ઉપસ્થિત રહેવાનો.

૮૬. અને તેમના અનુયાયીઓ તેમના પછી તેમના દીન પર બાકી રહ્યા.

૮૭. **શાને નુઝૂલ** :- જંગે ઉહદમાં જ્યારે કાફિરોએ અફવા ફેલાવી કે મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ શહીદ થઈ ગયા. અને શયતાને આ જૂઠી અફવા મશહૂર કરી દીધી. તો સહાબાને ઘણી વ્યાકુળતા થઈ આવી અને તેમનામાંથી અમુક (લડાઈ છોડી) ચાલી નીકળ્યા. ફરી જ્યારે સમાચાર આપવામાં આવ્યા કે રસૂલે કરીમ સલ્લલ્લાહે અલયહિ વસલ્લમ મૌજૂદ છે ત્યારે સહાબાની એક જમાઅત પાછી આવી. હુઝૂરે તેમને હિમ્મત હારી જવા બદલ ઠપકો આપ્યો. તેમણે વિનંતી કરી કે અમારા માં-બાપ આપ પર ન્યોચ્છાવર થાય આપની શહાદત સાંભળી અમારા દિલો તુટી ગયાં અને અમારાથી ઉભું રહી શકાયું નહીં, ત્યારે આ આયત ઉતરી અને ફરમાવવામાં આવ્યું કે અમ્બિયા (ના ઈન્તિકાલ) પછી પણ ઉમ્મતો પર તેમણી દીનનું અનુસરણ અનિવાર્ય હોય છે, માટે એવું બની પણ જાત તો પણ હુઝૂરના દીનનું અનુસરણ અને તેની તરફદારી જરૂરી બની રહેત,

જેઓ પાછા ગયા નહીં અને પોતાના દીનને વળગી રહ્યા તેમને ''શાકિરીન'' કહેવામાં આવ્યા, કારણ

اسْتَكَانُوا ۗ وَاللَّهُ يُحِبُّ الصَّابِرِينَ ﴿١٤٦﴾ وَمَا كَانَ
قَوْلَهُمْ إِلَّا أَنْ قَالُوا رَبَّنَا اغْفِرْ لَنَا ذُنُوبَنَا وَ
إِسْرَافَنَا فِي أَمْرِنَا وَثَبِّتْ أَقْدَامَنَا وَانْصُرْنَا
عَلَى الْقَوْمِ الْكَافِرِينَ ﴿١٤٧﴾ فَآتَاهُمُ اللَّهُ ثَوَابَ الدُّنْيَا
وَحُسْنَ ثَوَابِ الْآخِرَةِ ۗ وَاللَّهُ يُحِبُّ الْمُحْسِنِينَ ﴿١٤٨﴾
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِنْ تُطِيعُوا الَّذِينَ كَفَرُوا
يَرُدُّوكُمْ عَلَىٰ أَعْقَابِكُمْ فَتَنْقَلِبُوا خَاسِرِينَ ﴿١٤٩﴾
بَلِ اللَّهُ مَوْلَاكُمْ ۖ وَهُوَ خَيْرُ النَّاصِرِينَ ﴿١٥٠﴾
سَنُلْقِي فِي قُلُوبِ الَّذِينَ كَفَرُوا الرُّعْبَ بِمَا
أَشْرَكُوا بِاللَّهِ مَا لَمْ يُنَزِّلْ بِهِ سُلْطَانًا ۖ وَمَأْوَاهُمُ
النَّارُ ۚ وَبِئْسَ مَثْوَى الظَّالِمِينَ ﴿١٥١﴾ وَلَقَدْ صَدَقَكُمُ

**અશક્ત બન્યા. અને ન દબાયા[૯૨] અને સબ્રવાળા અલ્લાહને પસંદ છે (૧૪૬) અને તેઓ આ દુઆ સિવાય કશું જ કહેતા ન હતા[૯૩] કે અય અમારા પાલનહાર! અમારા ગુનાહ માફ કરી દે. અને (તે પણ માફ કર) જે વધું પડતું અમે અમારા કામોમાં કર્યું[૯૪] અને અમારા કદમ જમાવી દે. અને અમને આ કાફિર લોકો પર મદદ કર[૯૫] (૧૪૭) તો અલ્લાહે તેમને દુનિયાનું (પણ) ઈનામ આપ્યું[૯૬] અને આખિરતના સવાબની ખૂબી (પણ આપી)[૯૭] અને નેકીવાળા અલ્લાહને પ્રિય છે (૧૪૮) અય ઈમાનવાળાઓ! જો તમે કાફિરોને કહ્યે ચાલ્યા[૯૮] તો તેઓ તમને અવળા પગે ફેરવી નાખશે[૯૯] પછી ખોટ ખાઈને ફરી જાશો[૧૦૦] બલ્કે અલ્લાહ તમારો વાલી છે. અને તે સર્વોત્તમ મદદગાર (છે) (૧૫૦) આ હમણાં જ અમે કાફિરોના દિલોમાં ધાક પેસાડી દઈશું[૧૦૧] કે તેમણે અલ્લાહનો ભાગીદાર ઠેરવ્યો જેના પર તેણે કોઈ સમજ ન ઉતારી. અને તેમનું ઠેકાણું દોઝખ છે. અને અન્યાયીઓનું ઠેકાણું કેટલું ખરાબ (છે) (૧૫૧) અને બેશક! અલ્લાહે**

કે તેમણે પોતાની દઢતા દ્વારા ઈસ્લામ રૂપી દોલતનો શુક્ર અદા કર્યો, હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂ ફરમાવતા હતા કે હઝરત અબૂ બક્ર સિદ્દિક રદીયલ્લાહુ અન્હૂ "અમીનુશ-શાકિરીન" છે.

૮૮. આમાં જિહાદનો શોખ આપવામાં આવ્યો છે અને મુસલમાનોને દુશ્મનોના મુકાબલામાં શૌર્ય ચઢાવવામાં આવ્યું છે કે કોઈ પણ વ્યક્તિ ખુદાના હુકમ સિવાય મરી શકતો નથી. ભલે તે ખતરાઓમાં અને ઘમસાણના મોરચાઓમાં ઘુસી જાય, અને જ્યારે મોતનો સમય આવી જાય છે ત્યારે કોઈ યુક્તિ બચાવી શકતી નથી.

૮૯. તેનાથી આગળ પાછળ થઈ શકતો નથી.

૯૦. અને તેનો હેતુ અમલ અને ઈબાદતથી દુનિયા પ્રાપ્તિનો હોય.

૯૧. એનાથી સાબિત થયું કે દારોમદાર નિય્યત પર છે, જેમકે બુખારી અને મુસ્લિમની હદીષમાં આવ્યું છે.

૯૨. એવું જ દરેક ઈમાનદારે કરવું જોઈએ.

૯૩. એટલે કે દીનની હીમાયત અને યુદ્ધ મોરચાઓ પર તેમની જીભે કોઈ એવું વાક્ય ન આવતું જેમાં ગભરામણ, પરેશાની અને અનિશ્ચિતતાનો અંશ પણ હોય. બલ્કે તેઓ અગડતાની સાથે મજબૂતીથી જામેલા રહેતા હતા અને દુઆ કરતા હતા.

૯૪. એટલે કે તમામ સગીરા અને કબીરા ગુનાહો, તે લોકો રબ્બાની (અલ્લાહવાળા) હોવા છતાં પોતાની તરફ ગુનાહોનો સંબંધ જોડવો ઈન્કેસારી (પોતાની જાતને કમ સમજવું) અને બંદાપણાના આદાબ-

لن تنالوا ۴ — آل عمران ۳

اللّٰهُ وَعْدَهٗٓ اِذْ تَحُسُّوْنَهُمْ بِاِذْنِهٖ حَتّٰٓى اِذَا فَشِلْتُمْ
وَتَنَازَعْتُمْ فِى الْاَمْرِ وَعَصَيْتُمْ مِّنْۢ بَعْدِ مَآ
اَرٰىكُمْ مَّا تُحِبُّوْنَ مِنْكُمْ مَّنْ يُّرِيْدُ الدُّنْيَا وَمِنْكُمْ
مَّنْ يُّرِيْدُ الْاٰخِرَةَ ثُمَّ صَرَفَكُمْ عَنْهُمْ
لِيَبْتَلِيَكُمْ وَلَقَدْ عَفَا عَنْكُمْ وَاللّٰهُ ذُوْ فَضْلٍ
عَلَى الْمُؤْمِنِيْنَ ﴿۱۵۲﴾ اِذْ تُصْعِدُوْنَ وَلَا تَلْوٗنَ عَلٰٓى
اَحَدٍ وَّالرَّسُوْلُ يَدْعُوْكُمْ فِىْٓ اُخْرٰىكُمْ فَاَثَابَكُمْ غَمًّاۢ
بِغَمٍّ لِّكَيْلَا تَحْزَنُوْا عَلٰى مَا فَاتَكُمْ وَلَا مَآ اَصَابَكُمْ وَاللّٰهُ
خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿۱۵۳﴾ ثُمَّ اَنْزَلَ عَلَيْكُمْ مِّنْۢ بَعْدِ
الْغَمِّ اَمَنَةً نُّعَاسًا يَّغْشٰى طَآئِفَةً مِّنْكُمْ وَطَآئِفَةٌ
قَدْ اَهَمَّتْهُمْ اَنْفُسُهُمْ يَظُنُّوْنَ بِاللّٰهِ غَيْرَ الْحَقِّ

તમને પોતાનો વાયદો સત્ય કરી દેખાડ્યો. જ્યારે તમે તેના હુકમથી કાફિરોને કત્લ કરતા હતા[૧૦૨] ત્યાં સુધી કે તમે નાહિમ્મતી દાખવી અને હુકમમાં ઝગડો નાખ્યો[૧૦૩] અને હુકમનો અનાદર કર્યો[૧૦૪] એ પછી કે અલ્લાહ તમને તમારી ખુશીની વાત દેખાડી ચૂક્યો (હતો)[૧૦૫] તમારામાં કોઈ દુનિયા ચાહતો હતો[૧૦૬] અને તમારામાં કોઈ આખિરત ઈચ્છતો હતો[૧૦૭] પછી તમારૂં મોઢું તેમના તરફથી ફેરવી દીધું જેથી તમને અજમાવે[૧૦૮] અને બેશક! તેણે તમને માફ કરી દીધા, અને અલ્લાહ મુસલમાનો પર ફઝલ કરે છે (૧૫૨) જ્યારે તમે મોઢું ઉઠાવી ચાલ્યે જતા હતા અને પીઠ ફેરવી કોઈને જોતા (પણ) ન હતા. અને બીજી ટુકડીમાં અમારા રસૂલ તમને બોલાવી રહ્યા હતા[૧૦૯] તો તમને દુઃખના બદલે દુઃખ આપ્યું[૧૧૦] અને માફી એટલા માટે સંભળાવી કે જે હાથથી ગયું અને જે મુસીબત પડી તેનો રંજ ન કરો. અને અલ્લાહને તમારા કામોની ખબર છે (૧૫૩) પછી તમારા પર દુઃખ બાદ શાંતિની ઊંઘ ઉતારી[૧૧૧] કે (જેણે) તમારી એક ટુકડીને ઘેરી લીધી હતી[૧૧૨] અને એક ટુકડીને[૧૧૩] પોતાના જીવની પડેલી હતી[૧૧૪] અલ્લાહ બાબત અયોગ્ય ધારણા રાખતા

માંથી છે.

૯૫. આનાથી એ મસઅલો સાબિત થયો કે હાજતની દુઆ કરતા પહેલાં તવબહ અને ઈસ્તિગફાર દુઆના આદાબ (તરીકા)માંથી છે.

૯૬. એટલે કે જીત અને સફળતા તેમજ શત્રુઓ પર વિજય.

૯૭. મગફિરત અને જન્નત તેમજ યોગ્યતાથી વધારે ઈનામ અને મહેરબાની.

૯૮. ભલે પછી તે યહૂદી અને નસરાની હોય અથવા કાફિર કે મુશ્રિક હોય.

૯૯. કુફ્ર અને બેદીની તરફ.

૧૦૦. **મસઅલો** :- આ આયતથી જણાયું કે મુસલમાનો માટે કાફિરોથી છેટું રહેવું જરૂરી છે, અને કદાપિ તેમની સલાહ અને અભિપ્રાય પ્રમાણે વર્તવું જોઈએ નહીં, અને તેમના કહેવા અનુસાર ચાલવું જોઈએ નહીં.

૧૦૧. ઉહદની લડાઈમાંથી પરત થતાં જ્યારે અબૂ સુફિયાન વિગેરે પોતાના સિપાહીઓ સહિત મક્કા મુકર્રમા તરફ રવાના થયા. તો તેમને એ બાબત અફસોસ થયો કે તેમણે મુસલમાનોનો તદ્દન સર્વનાશ કેમ કરી નાખ્યો નહીં. અંદરોઅંદર સલાહ કરી એ બાબત તૈયાર થયા કે જઈને તેમને તદ્દન નાબૂદ કરી નાખીએ, જયારે તેમનો એ ઈરાદો પાકો થયો ત્યારે અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં ધાક બેસાડી દીધી. અને તેમને ઘણી બીક લાગી પછી તેઓ મક્કા મુકર્રમા તરફ જ આગળ વધી ગયા, જો કે કારણ તો ખાસ (મોકાસર) હતું પણ (સામાન્ય રીતે) રોબ તમામ કાફિરોના દિલોમાં બેસાડી દેવામાં આવ્યો જેથી દુનિયાના બધા જ

હતા[૧૧૫] અજ્ઞાનતા જેવી ધારણા કહેતા (હતા) શું આ કામમાં કંઈ અમારો પણ અધિકાર છે? તમે ફરમાવી દો કે અધિકાર તે બધો અલ્લાહનો છે[૧૧૬] પોતાના દિલોમાં સંતાડે છે[૧૧૭] જે તમારા પર જાહેર કરતા નથી, કહે છે જો અમારૂં કંઈ ચાલત[૧૧૮] તો અમે અહીં માર્યા જત નહિ, તમે ફરમાવી દો જો તમે પોતાના ઘરોમાં હોત તો પણ જેનું માર્યુ જવું લખાઈ ચૂક્યું હતું (તેઓ) પોતાને કતલ થવાની જગ્યા સુધી નીકળીને આવત[૧૧૯] એટલા ખાતર કે અલ્લાહ તમારા સીનાની વાત અજમાવે. અને જે કંઈ તમારા હૈયાઓમાં છે[૧૨૦] તેને ઉઘાડું કરે, અને અલ્લાહ દિલોની વાત જાણે છે[૧૨૧] (૧૫૪) બેશક! તે જેઓ તમારામાંથી ફરી ગયા[૧૨૨] જે દિવસે બન્ને સૈન્યો એકત્ર થયાં હતાં, તેમને શયતાને જ ભૂલ થાપ આપી તેમના અમુક આમાલોના કારણે[૧૨૩] અને બેશક! અલ્લાહે તેમને માફી આપી, બેશક! અલ્લાહ માફી આપનાર સહનશીલ છે (૧૫૫) અય ઈમાનવાળાઓ! તે કાફિરોની જેવા[૧૨૪]

لن تنالوا ۴ — آل عمران ۳

ظَنَّ الْجَاهِلِيَّةِ يَقُولُونَ هَلْ لَنَا مِنَ الْأَمْرِ
مِنْ شَيْءٍ قُلْ إِنَّ الْأَمْرَ كُلَّهُ لِلَّهِ يُخْفُونَ فِي
أَنْفُسِهِمْ مَا لَا يُبْدُونَ لَكَ يَقُولُونَ لَوْ كَانَ
لَنَا مِنَ الْأَمْرِ شَيْءٌ مَا قُتِلْنَا هَاهُنَا قُلْ لَوْ كُنْتُمْ
فِي بُيُوتِكُمْ لَبَرَزَ الَّذِينَ كُتِبَ عَلَيْهِمُ الْقَتْلُ إِلَىٰ
مَضَاجِعِهِمْ وَلِيَبْتَلِيَ اللَّهُ مَا فِي صُدُورِكُمْ
وَلِيُمَحِّصَ مَا فِي قُلُوبِكُمْ وَاللَّهُ عَلِيمٌ بِذَاتِ
الصُّدُورِ ۝ إِنَّ الَّذِينَ تَوَلَّوْا مِنْكُمْ يَوْمَ
الْتَقَى الْجَمْعَانِ إِنَّمَا اسْتَزَلَّهُمُ الشَّيْطَانُ
بِبَعْضِ مَا كَسَبُوا وَلَقَدْ عَفَا اللَّهُ عَنْهُمْ إِنَّ
اللَّهَ غَفُورٌ حَلِيمٌ ۝ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَكُونُوا

કાફિરો મુસલમાનોથી ડરે છે, અને અલ્લાહના ફઝલથી દીને ઈસ્લામ તમામ ધર્મો પર સર્વોપરિતા ધરાવે છે.

૧૦૨. જંગે ઉહદમાં

૧૦૩. કાફિરોના પરાજય પછી હઝરત અબ્દુલ્લાહ બિન જુબેર સાથે જે તીરંદાઝો હતા તે એક બીજાને કહેવા લાગ્યા કે કાફિરો તો હારી ગયા છે. હવે અહીં રહીને શું કરવાનું? ચાલો કંઈ ગનીમતનો માલ મેળવવા પ્રયત્ન કરીએ, અમુકે કહ્યું કે મોરચો ન છોડો, હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તાકીદની સાથે હુકમ કર્યો છે કે તમે પોતાની જગ્યાએ અટલ રહેશો, મારો હુકમ ન આવે ત્યાર સુધી મોરચો છોડશો નહીં, છતાં પણ લોકો ગનીમત મેળવવા ચાલી નીકળ્યા અને હઝરત અબ્દુલ્લાહ બિન જુબેર સાથે દસથી પણ ઓછા સહાબા રહી ગયા.

૧૦૪. જગ્યા છોડીને ગનીમત મેળવવામાં મગ્ન થઈ ગયા.

૧૦૫. એટલે કે કાફિરોની હાર;

૧૦૬. જે જગ્યા છોડીને ગનીમત માટે ચાલી નીકળ્યા;

૧૦૭. જે પોતાના સરદાર અબ્દુલ્લાહ બિન જુબેરની સાથે અટલ રહીને શહીદ થઈ ગયા.

૧૦૮. અને મુસીબતો પર તમારા સબ્ર અને શુક્રવાળા હોવાનું ઈમ્તિહાન થાય.

૧૦૯. કે અય અલ્લાહના બંદાઓ! મારા તરફ આવો.

૧૧૦. એટલે કે તમે રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના આદેશનો અનાદર કરીને તેમને જે દુ:ખ પહોંચાડયું હતું તેના બદલામાં તમને હાર (પરાજય) ના દુ:ખમાં સપડાવ્યા.

لن تنالوا ٤ آل عمران ٣

كَالَّذِينَ كَفَرُوا وَقَالُوا لِإِخْوَانِهِمْ إِذَا ضَرَبُوا
فِي الْأَرْضِ أَوْ كَانُوا غُزًّى لَّوْ كَانُوا عِندَنَا
مَا مَاتُوا وَمَا قُتِلُوا لِيَجْعَلَ اللَّهُ ذَٰلِكَ
حَسْرَةً فِي قُلُوبِهِمْ وَاللَّهُ يُحْيِي وَيُمِيتُ وَاللَّهُ
بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿١٥٦﴾ وَلَئِن قُتِلْتُمْ فِي سَبِيلِ
اللَّهِ أَوْ مُتُّمْ لَمَغْفِرَةٌ مِّنَ اللَّهِ وَرَحْمَةٌ خَيْرٌ مِّمَّا
يَجْمَعُونَ ﴿١٥٧﴾ وَلَئِن مُّتُّمْ أَوْ قُتِلْتُمْ لَإِلَى اللَّهِ
تُحْشَرُونَ ﴿١٥٨﴾ فَبِمَا رَحْمَةٍ مِّنَ اللَّهِ لِنتَ لَهُمْ
وَلَوْ كُنتَ فَظًّا غَلِيظَ الْقَلْبِ لَانفَضُّوا مِنْ حَوْلِكَ
فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ وَشَاوِرْهُمْ فِي
الْأَمْرِ فَإِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللَّهِ إِنَّ اللَّهَ يُحِبُّ

**ન થશો. જેમણે પોતાના ભાઈઓ માટે કહ્યું જ્યારે તેઓ સફર અથવા જિહાદમાં ગયા[૧૨૫] કે અમારી પાસે હોત તો મરત નહિ. અને ન માર્યા જાત, એટલા માટે કે અલ્લાહ તેમના દિલમાં એનો પસ્તાવો મૂકે, અને અલ્લાહ જીવાડે અને મારે છે[૧૨૬] અને અલ્લાહ તમારાં કામ જોઈ રહયો છે (૧૫૬) અને બેશક! જો તમે અલ્લાહના માર્ગમાં માર્યા જાવ[૧૨૭] તો અલ્લાહની બખ્શિશને રહમત[૧૨૮] તેમના સગળા ધન દોલતથી શ્રેષ્ઠ છે (૧૫૭) અને જો તમે મૃત્યુ પામો અથવા માર્યા જાવ તો અલ્લાહ તરફ ઉઠવાનું છે[૧૨૯] (૧૫૮) તો અલ્લાહની કેવી મેહરબાની છે કે અય મહબૂબ! તમે એમના ખાતર નરમ દિલના બન્યા[૧૩૦] અને ચઢેલા દિમાગ અને સખત દિલના હોત[૧૩૧] તો તેઓ જરૂર તમારી પાસેથી વિખરાઇ જાત, તો તમે એમને માફ કરો અને એમની શફાઅત કરો[૧૩૨] અને કામોમાં એમનો અભિપ્રાય લો[૧૩૩] અને જો કોઈ કામનો પાકો નિશ્ચય કરી લો તો અલ્લાહ પર ભરોસો રાખો[૧૩૪] બેશક! તવક્કુલવાળા અલ્લાહને**

૧૧૧. જે ધાક અને બીક લોકોના દિલોમાં હતી તેને અલ્લાહ તઆલાએ દૂર કરી અને શાંતિ અને રાહતની ઊંઘ ઉતારી. એટલા સુધી કે મુસલમાનોને ઊંઘ આવી ગઈ, અને ઊંઘ તેઓ પર છવાઈ ગઈ, હઝરત અબ્દુલ્લાહ ફરમાવે છે કે ઉહદના દિવસે ઊંઘ અમારા પર છવાઈ ગઈ, અમે મેદાનમાં હતા, તલવાર અમારા હોથોમાંથી છુટી જતી હતી, પાછી ઉપાડી લેતા હતા, ફરી પાછી પડી જતી હતી.

૧૧૨. અને તે ટુકડી સાચા ઈમાનવાળાઓની હતી.

૧૧૩. જે મુનાફિકોની હતી.

૧૧૪. અને તેઓ બ્હીકના માર્યા પરેશાન હતા. અલ્લાહ તઆલાએ ત્યાં મોમિનોને મુનાફિકોથી એ રીતે તારવી લીધા હતા કે જેઓ ઈમાનદાર હતા તેમના પર તો શાંતિ અને સુખદાયક ઊંઘ છવાએલી હતી. અને મુનાફિકો ભયના વાતાવરણમાં પોતાના જીવોની ફિકરમાં પરેશાન હતા, અને એ એક મહાન મોઅ-જિઝો અને મોટો ચમત્કાર હતો.

૧૧૫. અર્થાત કે મુનાફિકો એવું ધારતા હતા કે અલ્લાહ તઆલા સય્યદિ આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની મદદ નહિ કરે અથવા હુઝૂર શહીદ થઈ ગયા હવે આપનો દીન બાકી નહિ રહે.

૧૧૬. જીત આપવી તેમજ મોત અને તકદીર બધું તેના હાથમાં છે.

૧૧૭. મુનાફિક પોતાનું કુફ્ર તેમજ ખુદાઈ વચનમાં તેમને શંકા હોવી, જિહાદમાં મુસલમાનો સાથે આવવા બાબત પસ્તાવું વિગેરે સંતાડે છે.

૧૧૮. અને એમને સમજ હોય તો અમે ઘરોમાંથી નીકળતા નહિ મુસલમાનોની સાથે મક્કાવાસીઓ

સાથે લડવા ન આવંતા, અને અમારા આગેવાનો માર્યા જાત નહીં; પ્રથમ કથન બોલનાર અબ્દુલ્લાહ બિન ઉબૈ બિન સલૂલ મુનાફિક હતો અને બીજી વાત મુઅત્તબ બિન કશીરે કહી હતી.

૧૧૯. અને ઘરોમાં પૂરાઈ રહેવાનું કામ લાગત નહિ, કારણ કે મોત અને તકદીર વિરૂદ્ધ તદબીર અને ઉપાય બેકાર છે.

૧૨૦. નિખાલસતા કે નિફાક?

૧૨૧. તેનાથી કશું છુપું નથી, અને એ અજમાઈશ બીજાઓને ખબરદાર કરવા માટે છે.

૧૨૨. અને જંગે ઉહદ સમયે નાસી ગયા અને નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે તેર કે ચૌદ સહાબા સિવાય કોઈ રહ્યું નહિ.

૧૨૩. કે તેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના હુકમ વિરૂદ્ધ મોરચો છોડી દીધો;

૧૨૪. એટલે કે ઈબ્ને ઉબૈ મુનાફિક વિગેરે.

૧૨૫. અને તે સફરમાં મૃત્યું પામ્યા અથવા જિહાદમાં શહીદ થયા.

૧૨૬. મૃત્યુ અને જીવન તેના જ તાબે છે, તે ઈચ્છે તો મુસાફિર અને ગાઝીને સલામત લાવે અને ઈચ્છે તો ઘરમાં હિફાઝતથી બેઠેલાને મૃત્યુ આપે, તે મુનાફિકો પાસે બેસી રહેવું શું કોઈને મોતથી બચાવી શકે છે? અને જિહાદમાં જવાથી શું મૃત્યુ અનિવાર્ય છે? અને જે માણસ જિહાદમાં માર્યો જાય તો તેવું મોત ઘરના મૃત્યુથી હજારો દરજ્જે ઉત્તમ છે. માટે મુનાફિકોનું એવું કહેવું અસત્ય અને ફરેબ છે. અને તેમનો હેતુ મુસલમાનોમાં જિહાદ પ્રત્યે ઘૃણા જન્માવવાનો છે. જેમકે હવે પછીની આયતમાં ફરમાવવામાં આવે છે.

૧૨૭. અને ધારો કે તેવું જ બની જાય જેનાથી તમને ડરાવવામાં આવે છે.

૧૨૮. જે ખુદાઈ માર્ગમાં મરવાથી મળે છે.

૧૨૯. અહીં બન્દાઓના ત્રણે મરતબાઓનું બયાન કરવામાં આવ્યું છે. પહેલો મરતબો તો એ છે કે બન્દો દોઝખના ડરથી અલ્લાહની ઈબાદત કરે. તો તેને દોઝખના અઝાબથી બચાવી લેવામાં આવે છે. એના તરફ "લમગફિરતુમ મિનલ્લાહ"માં ઈશારો છે, બીજા પ્રકારના તે બન્દા છે જેઓ જન્નતના શોખમાં ઈબાદત કરે છે. તેના તરફ "વ રહમતુમ"માં ઈશારો છે. કારણ કે રહમત પણ જન્નતનું એક નામ છે, ત્રીજા પ્રકારના તે બન્દાઓ છે જેઓ ઈશ્કે ઈલાહી અને તેની જાતે પાકની મહોબ્બતમાં તેની ઈબાદત કરે છે , તેમનો હેતુ તેની જાતે પાક સિવાય અન્ય કંઈ જ નથી હોતો, તેમને અલ્લાહ તઆલા પોતાની બુઝુર્ગીના વર્તુળમાં પોતાની તજલ્લીથી માલામાલ કરશે, એના તરફ "લ ઈલલ્લાહિ તુહશરૂન"માં ઈશારો છે.

૧૩૦. અને આપના મિઝાજ શરીફમાં એટલી બધી મહેરબાની, કરમ અને કૃપા દ્રષ્ટિ તથા રહમત થઈ કે ઉહદના દિવસે ગુસ્સો કર્યો નહીં.

૧૩૧. અને સખ્તી તથા કઠોરતાથી કામ લેતે.

૧૩૨. જેથી અલ્લાહ તઆલા (પણ) માફ ફરમાવે.

૧૩૩. કે એમાં એમની દિલદારી પણ છે અને હિમ્મત વધારવાનું પણ છે, અને એ ફાયદો પણ છે કે મશ્વરો કરવો સુન્નત બની જશે, અને પાછળની ઉમ્મત એનાથી ફાયદો ઉઠાવશે, મશ્વરાનો અર્થ છે કે કોઈ કામમાં અભિપ્રાય પૂછવો.

**મસઅલો** :- એનાથી "ઈજતિહાદ" જાઈઝ હોવો અને "કિયાસ"નું દલીલ હોવું સાબિત થયું. (મદારિક, ખાઝિન)

પ્યારા છે (૧૫૯) જો અલ્લાહ તમારી મદદ કરે તો કોઈ તમારા પર વિજયી બની શકતું નથી[૧૩૫] અને જો તે તમને ત્યજી દે તો એવો કોણ છે જે પછી તમારી મદદ કરે, અને મુસલમાનોએ અલ્લાહ પર જ ભરોસો (કરવો) જોઈએ (૧૬૦) અને કોઈ નબી વિષે એવો વિચાર થઈ (જ) શકતો નથી કે તે કંઈ છુપાવી રાખે[૧૩૬] અને જે છુપાવી રાખે તે કયામતના દિવસે પોતાની છુપાવેલી વસ્તુ લઈને આવશે, પછી દરેક જીવને તેની કમાણી પુરેપુરી આપશે, અને તેમના પર જુલ્મ નાહે થાય (૧૬૧) તો શું જે અલ્લાહની મરજી પર ચાલ્યો[૧૩૭] તો તેના જેવો થશે જેણે ખુદાનો ગઝબ ઓઢયો[૧૩૮] અને તેનું ઠેકાણું જહન્નમ છે, અને કેટલી ખરાબ જગ્યા (છે તે પાછા જવાની) (૧૬૨) તેઓ અલ્લાહને ત્યાં વર્ગ વર્ગ છે[૧૩૯] અને અલ્લાહ તેમના કામ જુએ છે (૧૬૩) બેશક! અલ્લાહનું મોટુ એહસાન થયું[૧૪૦] મુસલમાનો પર કે તેમ-નામાં તેમનામાંથી જ[૧૪૧] એક રસૂલ[૧૪૨] મોકલ્યા, જે તેમની પર તેની આયતો પઢે છે[૧૪૩] અને તેમને પાક કરે છે[૧૪૪] અને તેમને કિતાબ તેમજ હિકમત શિખવાડે છે[૧૪૫] અને તેઓ ખચિત એ પહેલાં ગુમરાહીમાં હતાં[૧૪૬] (૧૬૪)

آل عمران ٣ لن تنالوا ٤

الْمُتَوَكِّلِينَ ﴿١٥٩﴾ إِن يَنصُرْكُمُ اللَّهُ فَلَا غَالِبَ لَكُمْ ۖ وَإِن
يَخْذُلْكُمْ فَمَن ذَا الَّذِي يَنصُرُكُم مِّن بَعْدِهِ ۗ
وَعَلَى اللَّهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُونَ ﴿١٦٠﴾ وَمَا كَانَ لِنَبِيٍّ
أَن يَغُلَّ ۚ وَمَن يَغْلُلْ يَأْتِ بِمَا غَلَّ يَوْمَ الْقِيَامَةِ ۚ
ثُمَّ تُوَفَّىٰ كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا يُظْلَمُونَ ﴿١٦١﴾
أَفَمَنِ اتَّبَعَ رِضْوَانَ اللَّهِ كَمَن بَاءَ بِسَخَطٍ مِّنَ اللَّهِ
وَمَأْوَاهُ جَهَنَّمُ ۚ وَبِئْسَ الْمَصِيرُ ﴿١٦٢﴾ هُمْ دَرَجَاتٌ عِندَ
اللَّهِ ۗ وَاللَّهُ بَصِيرٌ بِمَا يَعْمَلُونَ ﴿١٦٣﴾ لَقَدْ مَنَّ اللَّهُ عَلَى
الْمُؤْمِنِينَ إِذْ بَعَثَ فِيهِمْ رَسُولًا مِّنْ أَنفُسِهِمْ
يَتْلُو عَلَيْهِمْ آيَاتِهِ وَيُزَكِّيهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتَابَ
وَالْحِكْمَةَ وَإِن كَانُوا مِن قَبْلُ لَفِي ضَلَالٍ مُّبِينٍ ﴿١٦٤﴾

૧૩૪. તવક્કુલનો અર્થ છે અલ્લાહ પર ભરોસો રાખવો અને કાર્યોને તેના હવાલે કરી દેવાં. મકસદ એ છે કે તમામ કામોમાં બન્દાનો ભરોસો અલ્લાહ પર હોવો જોઈએ.

**મસઅલો** :- આનાથી જણાયું કે મશ્વરો તવક્કુલની વિરૂદ્ધ નથી.

૧૩૫. અને ખુદાઈ મદદ તે જ પામે છે જે પોતાની શક્તિ અને તાકત પર આધાર નથી રાખતો. અલ્લાહ તઆલાની કુદરત અને રહમતની ઉમ્મીદ ધરાવતો હોય છે.

૧૩૬. કારણ કે એ નુબુવ્વતની શાન વિરૂદ્ધ છે, ને બધા નબીઓ માસૂમ હોય છે. તેઓથી એ શક્ય નથી ન વહીમાં ન બિન વહીમાં, અને અગર કોઈ માણસ કંઈ સંતાડી રાખે તો તેનો હુકમ એ જ આયતમાં આગળ ફરમાવવામાં આવે છે.

૧૩૭. અને તેની આજ્ઞાઓનું પાલન કર્યું, ઉલ્લંઘનથી બચ્યો. જેમકે મુહાજિરીન અન્સાર અને ઉમ્મતના નેક લોકો.

૧૩૮. એટલે કે અલ્લાહનો નાફરમાન બન્યો, જેમકે કાફિરો અને મુનાફિકો.

૧૩૯. દરેકનો ઉતારો અને સ્થાન અલગ, નેકનું જુદું, બુરાનું નોખું.

૧૪૦. મિન્નત (જેમાંથી આયતનો "મન્ન" શબ્દ બન્યો છે) મહાન નેઅમતને કહે છે, અને બેશક! સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની પધરામણી મહાન નેઅમત છે, કારણ કે મખ્લૂકનું નિર્માણ અજ્ઞાનતા, નાસમઝી અને કમ બુદ્ધિના ગુણો સહિત થયું છે, માટે અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને મોકલીને એને (મખ્લૂકને) કુમાર્ગથી છુટકારો આપ્યો. હુઝૂરના કારણે સદ્બુદ્ધિ આપી

اَوَلَمَّآ اَصَابَتْكُمْ مُّصِيْبَةٌ قَدْ اَصَبْتُمْ مِّثْلَيْهَا
قُلْتُمْ اَنّٰى هٰذَا ۭ قُلْ هُوَ مِنْ عِنْدِ اَنْفُسِكُمْ ۭ اِنَّ اللّٰهَ
عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿١٦٥﴾ وَمَآ اَصَابَكُمْ يَوْمَ الْتَقَى
الْجَمْعٰنِ فَبِاِذْنِ اللّٰهِ وَلِيَعْلَمَ الْمُؤْمِنِيْنَ ﴿١٦٦﴾ وَلِيَعْلَمَ
الَّذِيْنَ نَافَقُوْا ښ وَقِيْلَ لَھُمْ تَعَالَوْا قَاتِلُوْا فِيْ سَبِيْلِ
اللّٰهِ اَوِ ادْفَعُوْا ۭ قَالُوْا لَوْ نَعْلَمُ قِتَالًا لَّاتَّبَعْنٰكُمْ ۭ ھُمْ
لِلْكُفْرِ يَوْمَىِٕذٍ اَقْرَبُ مِنْھُمْ لِلْاِيْمَانِ ۚ يَقُوْلُوْنَ
بِاَفْوَاهِهِمْ مَّا لَيْسَ فِيْ قُلُوْبِهِمْ ۭ وَاللّٰهُ اَعْلَمُ بِمَا
يَكْتُمُوْنَ ﴿١٦٧﴾ اَلَّذِيْنَ قَالُوْا لِاِخْوَانِهِمْ وَقَعَدُوْا لَوْ
اَطَاعُوْنَا مَا قُتِلُوْا ۭ قُلْ فَادْرَءُوْا عَنْ اَنْفُسِكُمُ الْمَوْتَ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١٦٨﴾ وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا

منزل ١

શું જ્યારે તમને કોઈ મુસીબત પહોંચે[૧૪૭] કે એનાથી ડબલ તમે પહોંચાડી ચૂક્યા છો[૧૪૮] તો કહેવા માંડો કે આ ક્યાંથી આવી?[૧૪૯] તમે ફરમાવી દો કે એ તમારા જ તરફથી આવી[૧૫૦] બેશક! અલ્લાહ ઈચ્છે તે કરી શકે છે (૧૬૫) અને તે મુસીબત જે તમારા પર આવી[૧૫૧] જે દિવસે બન્ને સૈન્યો[૧૫૨] એકત્ર થયાં હતાં, તે અલ્લાહના હુકમથી હતી. અને એટલા માટે કે ઈમાનવાળાઓની ઓળખ કરાવી દે અને એટલા માટે કે ઓળખ કરાવી દે તેમની જે મુનાફિક થયા[૧૫૩] અને તેમને[૧૫૪] કહેવામાં આવ્યું કે આવો[૧૫૫] અલ્લાહના માર્ગમાં લડો અથવા દુશ્મનને હટાવો[૧૫૬] બોલ્યા જો અમે જાણત કે લડાઈ થવાની છે તો જરૂર તમને સાથ આપત, અને તે દિવસે (તેઓ) જાહેરી ઈમાન કરતાં ઉઘાડા કુફ્રથી વધુ નજીક છે, પોતાના મોઢેથી (તે વાત) કહે છે જે તેમના દિલોમાં નથી, અને (તેઓ) છુપાવી રહ્યા છે તેની અલ્લાહને જાણ છે[૧૫૭] તેઓ જેમણે પોતાના ભાઈઓ વિષે[૧૫૮] કહયું અને પોતે (પણ) બેસી રહ્યા. "કે તેઓ અમારૂં કહ્યું માનત[૧૫૯] તો માર્યા ન જાત" તમે ફરમાવી દો જો સાચા હોઉ તો પોતાનું જ મોત ટાળો[૧૬૦] (૧૬૬) અને તેઓ જે અલ્લા-હના માર્ગમાં માર્યા ગયા[૧૬૧] કદાપિ તેમને મરેલા કલ્પશો નહિ બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે

જહાલતમાંથી કાઢયા, આપના પ્રતાપે સીધા માર્ગનું માર્ગદર્શન આપ્યું તેમજ આપના કારણે અગણિત નેઅમતો આપી.

૧૪૧. એટલે કે તેમની હાલત પર મેહરબાની અને પ્રેમ કરનાર અને તેની માટે ગર્વ અને આબરૂ રૂપ જેમની પરહેઝગારી, સચ્ચાઈ, દયાનતદારી સુલક્ષણો શ્રેષ્ઠ આદતોની હાલતથી તેઓ માહિતગાર છે;

૧૪૨. સય્યિદે આલમ ખાતિમુલ અમ્બિયા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ;

૧૪૩. અને તેની કિતાબ કુરઆને મજીદ તેમને સંભળાવે છે, જો કે તેમના કાન પહેલાં આકાશી વહી અને કલામે હક્ક સાંભળી શક્યા ન હતા;

૧૪૪. કુફ્ર અને ગુમરાહી તેમજ હરામ અને ગુનાહિત કર્યો કરવાથી. કુલક્ષણો, ખરાબ ટેવો અને નફસાની અંધકારથી;

૧૪૫. અને નફસની ઈલ્મી અને અમલી બન્ને શક્તિઓને ખિલવે છે;

૧૪૬. કે હક અને બાતિલ, નેક અને બદમાં ફેર ન રાખતા હતા, તેમજ અજ્ઞાનતા અને અંધકારમાં સપડાયેલા હતા,

૧૪૭. જેવી કે જંગે ઉહદમાં પહોંચી, કે તમારામાંથી ૭૦ માણસો શહીદ થયા;

૧૪૮. જંગે બદ્રમાં, કે તમે ૭૦ જણને કતલ કર્યા અને ૭૦ માણસોને કેદ પકડયા;

૧૪૯. અને કેમ આવી? જ્યારે કે અમે મુસલમાન છીએ અને અમારામાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ હાજર છે.

જીવંત છે, રોજી પામે છે[૧૬૨] (૧૬૭) અલ્લાહે તેમને પોતાની કૃપાથી જે આપ્યું તેના પર ખુશ છે[૧૬૩] અને ખુશીઓ મનાવી રહ્યા છે પોતાના પાછલાઓની જેઓ હજુ તેમને મેટયા નથી[૧૬૪] કે તેમને ન કોઈ બ્હીક છે ન કોઇ દુ:ખ (૧૬૮) અલ્લાહની નેઅમત અને ફઝલની ખુશીઓ મનાવે છે. અને એ કે અલ્લાહ મુસલમાનોનો બદલો વેડફતો નથી[૧૬૫] (૧૬૯) તે જેઓ અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થયા. એ પછી કે તેમને જખ્મ પહોંચી ચૂક્યા હતા[૧૬૬] તેમના નેક લોકો અને પરહેઝગારો માટે મોટો સવાબ છે (૧૭૧) તેઓ જેમને લોકોએ કહ્યું[૧૬૭] કે લોકોએ[૧૬૮] તમારા માટે (ખૂબ) જથ્થો (માણસોનો) એકત્ર કર્યો (છે) તો તેમનાથી ડરો, તો તેમનું ઈમાન ઓર વધી ગયું, અને બોલ્યા અલ્લાહ અમને પુરતો છે અને (તે) કેવો સારો કામ બનાવનાર (છે)[૧૬૯] તો પાછા ફર્યા અલ્લાહના એહસાન અને ફઝલથી[૧૭૦] કે તેમને કંઈ બુરાઈ ન પહોંચી. અને અલ્લાહની ખુશી પર ચાલ્યા[૧૭૧] અને અલ્લાહ મહાન ફઝલવાળો છે[૧૭૨] (૧૭૩) તે તો શયતાન જ છે કે પોતાના મિત્રોથી ધમકાવે છે[૧૭૩] તો તેમનાથી ન ડરો[૧૭૪]

لن تنالوا ٤ — آل عمران ٣

فِي سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ ﴿١٦٩﴾
فَرِحِيْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ وَيَسْتَبْشِرُوْنَ
بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِّنْ خَلْفِهِمْ اَلَّا خَوْفٌ
عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿١٧٠﴾ يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ
مِّنَ اللّٰهِ وَفَضْلٍ وَّاَنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ
الْمُؤْمِنِيْنَ ﴿١٧١﴾ اَلَّذِيْنَ اسْتَجَابُوْا لِلّٰهِ وَالرَّسُوْلِ مِنْ
بَعْدِ مَآ اَصَابَهُمُ الْقَرْحُ لِلَّذِيْنَ اَحْسَنُوْا مِنْهُمْ
وَاتَّقَوْا اَجْرٌ عَظِيْمٌ ﴿١٧٢﴾ اَلَّذِيْنَ قَالَ لَهُمُ النَّاسُ
اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ فَاخْشَوْهُمْ فَزَادَهُمْ
اِيْمَانًا وَّقَالُوْا حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ ﴿١٧٣﴾ فَانْقَلَبُوْا
بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ سُوْٓءٌ

૧૫૦. કારણ કે તમે હુઝૂર સલ્લલ્લાહોં અલયહિ વસલ્લમની મરજી વિરૂદ્ધ મદીનાથી બહાર નીકળીને લડવાનો આગ્રહ રાખ્યો, અને પછી ત્યાં પહોંચ્યા બાદ હુઝૂરની સખ્ત મનાઈ છતાં ગનીમત મેળવવા મોરચો છોડી દીધો, આ તમારા મરવાનું અને પરાજયનું કારણ બન્યું;

૧૫૧. ઉહદની લડાઈમાં.

૧૫૨. મોમિનો અને મુશરિકોના.

૧૫૩. એટલે કે મોમિનો અને મુશરિકો તરવાઈ ગયા.

૧૫૪. એટલે કે અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ વિગેરે મુનાફિકોને.

૧૫૫. મુસલમાનોની સંખ્યામાં વધારો. અને દીનના રક્ષણ કાજે

૧૫૬. પોતાના બાલબચ્ચાંઓ અને માલ બચાવવા માટે.

૧૫૭. એટલે કે **નિફાક**

૧૫૮. અર્થાત ઉહદની લડાઈમાં શહીદ થએલા લોકો માટે જેઓ પેઢીગત એમના ભાઈ થતા હતા. એમની બાબત અબ્દુલ્લાહ બિન ઉબૈ વિગેરે મુનાફિકોએ કહ્યું.

૧૫૯. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે જિહાદમાં ન જાત અથવા ત્યાંથી નાસી આવત.

૧૬૦. રિવાયતમાં છે કે જે દિવસે મુનાફિકોએ આમ કહ્યું તે જ દિવસે ૭૦ મુનાફિક મરી ગયા.

૧૬૧. **શાને નુઝૂલ** :- વધૂં પડતા તફસીરકારોનું કહેવું છે કે આ આયત ઉહદમાં શહીદ થએલાઓ માટે

لن تنالوا ٤ — ال عمران ٣

وَاتَّبَعُوا رِضْوَانَ اللّٰهِ ۗ وَاللّٰهُ ذُوْ فَضْلٍ عَظِيْمٍ ﴿١٧٤﴾
اِنَّمَا ذٰلِكُمُ الشَّيْطٰنُ يُخَوِّفُ اَوْلِيَآءَهٗ ۪ فَلَا تَخَافُوْهُمْ
وَخَافُوْنِ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٧٥﴾ وَلَا يَحْزُنْكَ الَّذِيْنَ
يُسَارِعُوْنَ فِي الْكُفْرِ ۚ اِنَّهُمْ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْئًا ؕ
يُرِيْدُ اللّٰهُ اَلَّا يَجْعَلَ لَهُمْ حَظًّا فِي الْاٰخِرَةِ ۚ
وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿١٧٦﴾ اِنَّ الَّذِيْنَ اشْتَرَوُا
الْكُفْرَ بِالْاِيْمَانِ لَنْ يَّضُرُّوا اللّٰهَ شَيْئًا ۚ وَلَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ﴿١٧٧﴾ وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْٓا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ
لِّاَنْفُسِهِمْ ؕ اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْٓا اِثْمًا ۚ وَلَهُمْ عَذَابٌ
مُّهِيْنٌ ﴿١٧٨﴾ مَا كَانَ اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِيْنَ عَلٰى مَآ
اَنْتُمْ عَلَيْهِ حَتّٰى يَمِيْزَ الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ ؕ وَمَا

અને મારાથી ડરો. જો ઈમાન ધરાવતા હોઉ (તો)[૧૭૫] (૧૭૪) અને અય મહબૂબ! તમે તેમનું દુઃખ ન કરો જેઓ કુફ્ર પર દોડે છે[૧૭૬] તેઓ અલ્લાહનું કંઈ બગાડશે નહિ, અને અલ્લાહ ઇચ્છે છે કે આખિરતમાં તેમનો કંઈ ભાગ ન રાખે[૧૭૭] અને તેમના માટે મોટો અઝાબ છે (૧૭૬) તેઓ જેમણે ઈમાનના બદલે કુફ્ર ખરીદી લીધું[૧૭૮] અલ્લાહનું કંઈ બગાડશે નહિ, અને તેમના માટે દુઃખદાયક અઝાબ છે (૧૭૭) અને કાફિરો કદાપિ એવા ગુમાનમાં ન રહે કે અમે જે એમને ઢીલ આપીએ છીએ (તે કંઈ) એમના માટે ઉત્તમ છે, અમે તો એટલા ખાતર જ એમને ઢીલ આપીએ છીએ કે (એમના) ગુનાહો ઓર વધે[૧૭૯] અને (અંતે) એમના માટે બેઈઝઝતીવાળો અઝાબ છે (૧૭૮) અલ્લાહ મુસલમાનોને એવી પરિસ્થિતિ પર રહેવા નહિ દે જે (પરિસ્થિતિ પર હમણાં અય મુસલમાનો!) તમે છો[૧૮૦] જ્યાં સુધી કે અલગ ન કરી દે ગંદાને[૧૮૧] સ્વચ્છથી[૧૮૨] અને અલ્લાહની શાન (મોભો) એ નથી કે

ઉતરી, હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું ફરમાન બયાન કરે છે કે, ''જ્યારે તમારા ભાઈઓ ઉહદમાં શહીદ થયા ત્યારે અલ્લાહ તઆલાએ તેમની રૂહોને લીલા રંગના પક્ષીઓનાં ખોળિયા અર્પ્યાં, તેઓ જન્નતની નહેરો પર ફરતા રહે છે, જન્નતી મેવા ખાય છે, અર્શની નીચે જે ચાંદીના ઝુમ્મરો લટકે છે તેમાં રહે છે, જ્યારે તેમણે ખાવા પીવા રહેવાનું ઉત્તમ સુખ મેળવ્યું ત્યારે બોલ્યા કે અમારા ભાઈને કોણ ખબર કરે? કે અમે જન્નતમાં જીવંત છીએ, જેથી તેઓ જન્નત પ્રત્યે બેદરકાર ન બને અને જિહાદથી દુર્લક્ષ ન સેવે, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે હું તમારી ખબર પહોંચાડીશ, તે બાબત આ આયત ઉતરી.'' (અબૂદાવૂદ) એનાથી સાબિત થયું કે રૂહો જીવંત છે, શરીરના ફના થવાથી ફના થતી નથી.

૧૬૨. અને જીવંત લોકોની જેમ ખાય, પીએ અને સુખ ભોગવે છે, આયતનો આગલો ભાગ દર્શાવે છે કે જીવન રૂહ અને શરીર બન્ને માટે છે, ઉલમા ફરમાવે છે કે શહીદોના શરીર કબ્રોમાં જીવંત રહે છે, માટી તેમને નુકસાન કરતી નથી, સહાબાના સમય અને ત્યાર પછી પણ અનેકવાર જોવામાં આવ્યું છે કે જ્યારે શહીદોની કબરો (કોઈ કારણસર) ખુલ્લી થઈ ગઈ ત્યારે તેમના શરીરો તરતનાં જ દફનાવેલાં હોય એવાં જણાયાં. (ખાઝિન વિ.)

૧૬૩. ફઝલ અને બુઝુર્ગી, ઈનામ અને એહસાન, મોત પછી જીવન આપ્યું. પોતાની નજીક (મરતબામાં) કર્યા, જન્નતની રોજી અને તેની નેઅમતો આપી. અને એ પદવીઓ મેળવવા શહાદતની તૌફીક આપી.

૧૬૪. અને તેઓ દુનિયામાં ઈમાન અને તકવા પર છે, જ્યારે શહીદ થશે ત્યારે તેમને ભેટશે અને કયામતના દિવસે શાંતિ અને સુખરૂપ ઉઠાડાશે.

૧૬૫. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂરે ફરમાવ્યું, ''જે કોઈને અલ્લાહના માર્ગમાં જખ્મ વાગ્યો તે કયામતના દિવસે એ જ હાલતમાં આવશે જેવો તે જખ્મ લાગતી વેળા હતો, તેના લોહીમાંથી કસ્તુરીની સુગંધ આવતી હશે અને રંગ લોહીનો (અસલ જ) રહેશે." તિરમિઝી અને નિસાઈની હદીષમાં છે કે ''શહીદને કતલની તકલીફ થતી નથી પણ એટલી જ કે જાણે એક ઉઝરડો થયો." મુસ્લિમ શરીફની હદીષમાં છે કે ''શહીદના તમામ ગુનાહ માફ કરી દેવાય છે સિવાય કરજના."

૧૬૬. **શાને નુઝૂલ** :- જંગે ઉહદમાંથી પરવાર્યા પછી જ્યારે અબૂસુફિયાન અને સાથીદારો રૌહા સ્થળે પહોંચ્યા ત્યારે તેમને અફસોસ થયો કે આપણે પરત કેમ થયા? મુસલમાનોનું તદ્દન કાશળ કેમ કાઢી ન નાખ્યું? એવું વિચારીને તેમણે પાછા ફરવાનો ઈરાદે કર્યો. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે અબૂસુફિયાનનો પીછો કરવા પોતાની રવાનગીનું એલાન કરાવી દીધું, સહાબાની એક જમાઅત જેની સંખ્યા ૭૦ હતી અને જેઓ જંગે ઉહદના જખ્મોથી ચુર ચુર હતા તેઓ હુઝૂરનો એલાન સંભળીને દોડી આવ્યા, અને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ એમને લઈને અબૂસુફિયાન પાછળ રવાના થયા, જ્યારે હુઝૂર હુમરઉલ અસદ નામનાં સ્થળે પહોંચ્યા જે મદીનાથી આઠ માઈલ દૂર છે, ત્યારે ખબર પડી કે મુશ્રિકો બીકના માર્યા નાસી છુટયા છે, એ બયાન બાબત આ આયત ઉતરી.

૧૬૭. અર્થાત નઈમ બિન મસઊદ અશજઈએ.

૧૬૮. અર્થાત અબૂસુફિયાન વિગેરે મુશરિકોએ.

૧૬૯. **શાને નુઝૂલ** :- જંગે ઉહદમાંથી પાછા વળતાં અબૂસુફિયાને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લ-મને બુમ પાડીને કહી દીધું હતું કે આવતા વર્ષે બદ્રના મેદાનમાં ફરી અમારી તમારી લડાઈ થશે. હુઝૂરે એના જવાબમાં ફરમાવ્યું, ઈન્શાઅલ્લાહ! જ્યારે એ સમય આવ્યો અને અબૂસુફિયાન સાથીદારો સહિત લડાઈ માટે રવાના થયા, તો અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં બ્હીક ઘાલી દીધી અને તેમણે પાછા નાસી જવાનો ઈરાદો કર્યો. આ સમયે અબૂસુફિયાનની નઈમ બિન મસ્ઊદ અશજઈ સાથે મુલાકાત થઈ જે ઉમરો કરવા આવ્યો હતો. અબૂસુફિયાને કહ્યું કે અય નઈમ! આ સમયે બદ્રના મુકામે મારી અને મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ વચ્ચે લડાઈ નક્કી થઈ ચૂકેલી છે, પણ આ સમયે મને યોગ્ય એ લાગે છે કે હું લડાઈ કરવા ન જાઉં અને પરત થઈ જાઉં, તુ મદીના જા અને કોઈ બહાને મુસલમાનોને યુદ્ધ મોરચે જવાથી રોકી લે, હું તને ઈનામમાં ૧૦ ઊંટો આપીશ, નઈમે મદીના જઈને જોયું મુસલમાનો યુદ્ધની તૈયારીઓ કરી રહ્યા છે, ત્યારે તેણે કહ્યું કે તમે લડવા જવા માંગો છો? અરે! મક્કાવાસીઓએ તમારા માટે ભારે સૈન્યો એકઠાં કર્યાં છે, ખુદાની કસમ! તમારામાંથી એક પણ જીવતો પાછો નહીં આવે.

હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, ''ખુદાની કસમ! હું તો જરૂર જઈશ, ભલે મારી સાથે કોઈ પણ ન આવે." પછી હુઝૂર ૭૦ અસ્વારોને લઈને **હસ્બુનલ્લાહુ વનિઅમલ વકીલ** પઢતા પઢતા રવાના થયા, બદ્રમાં પહોંચ્યા. ત્યાં આઠ રાત્રીઓ રહ્યા, વેપારનો માલ સાથે હતો એને વેચ્યો, ખૂબ નફો થયો, પછી બધા સહી સલામત મદીના શરીફ પહોંચ્યા. લડાઈ થઈ નહિ, કારણ કે અબૂસુફિયાન અને મક્કાવાસીઓ બીકના માર્યા મક્કા પાછા ચાલ્યા ગયા, તે બાબત આ આયત ઉતરી.

૧૭૦. સહીસલામત વેપારનો નફો લઈને.

૧૭૧. અને શત્રુના સામના માટે હિમ્મતથી નીકળ્યા જેથી જિહાદનો સવાબ મેળવ્યો.

૧૭૨. કે તેણે રસૂલ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની ફરમાંબરદારી અને જિહાદ માટે તૈયાર થવાની

અય સામાન્ય લોકો! તમને ગૈબનું ઈલ્મ આપી દે. હા! અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી જેને ઈચ્છે[૧૮૩] તો ઈમાન લાવો અલ્લાહ અને તેમના રસૂલો પર, અને જો ઈમાન લાવો[૧૮૪] અને પરહેઝગારી કરો તો તમારા માટે મોટો સવાબ છે (૧૭૯) અને જેઓ કંજુસાઈ કરે છે[૧૮૫] તેમાં જે અલ્લાહે પોતાના ફઝલથી તેમને આપ્યું, (તેઓ કદાપિ એ આદતને) પોતાના માટે સારી ન સમજે. બલ્કે તે એમના માટે ખરાબ છે. નજીકમાં જ તે (વસ્તુ) જેમાં બખીલાઇ કરી હતી (તે) કયામતના દિવસે એમનાં ગળાનો ફંદો હશે[૧૮૬] અને અલ્લાહ જ વારિસ છે જમીન અને આસ્માનોનો[૧૮૭] અને અલ્લાહ તમારા કર્યોનો જાણકાર છે (૧૮૦) બેશક! અલ્લાહે સાંભળ્યું, જેમણે કહ્યું કે અલ્લાહ મોહતાજ છે અને અમે ગની[૧૮૮] (માલદાર) હવે અમે તેમનું કથન લખી લઈશું[૧૮૯] અને અંબિયાને તેમનું નાહક કતલ કરવું[૧૯૦] (પણ લખી લઈશું), અને કહીશું કે ચાખો આગનો અઝાબ (૧૮૧) આ બદલો છે તેનો જે તમારા હાથોએ આગળ મોકલ્યું, અને અલ્લાહ બન્દાઓ પર ઝુલ્મ નથી કરતો (૧૮ૢ)



كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ
مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖ وَاِنْ
تُؤْمِنُوْا وَتَتَّقُوْا فَلَكُمْ اَجْرٌ عَظِيْمٌ ﴿١٧٩﴾ وَلَا يَحْسَبَنَّ
الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَ
خَيْرًا لَّهُمْ بَلْ هُوَ شَرٌّ لَّهُمْ سَيُطَوَّقُوْنَ مَا
بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ وَلِلّٰهِ مِيْرَاثُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿١٨٠﴾ لَقَدْ سَمِعَ اللّٰهُ
قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ اللّٰهَ فَقِيْرٌ وَّنَحْنُ اَغْنِيَآءُ
سَنَكْتُبُ مَا قَالُوْا وَقَتْلَهُمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ
وَّنَقُوْلُ ذُوْقُوْا عَذَابَ الْحَرِيْقِ ﴿١٨١﴾ ذٰلِكَ بِمَا قَدَّمَتْ
اَيْدِيْكُمْ وَاَنَّ اللّٰهَ لَيْسَ بِظَلَّامٍ لِّلْعَبِيْدِ ﴿١٨٢﴾

તૌફીક આપી, અને મુશ્રિકોના દિલોને ભયભીત કરી દીધાં જેથી તેઓ સામનાની હિમ્મત કરી શક્યા નહિ, અને અર્ધમાર્ગેથી પાછા ગયા.

૧૭૩. અને મુસલમાનોને મુશ્રિકોના સંખ્યાબળથી ડરાવે છે જેવું કે નઈમ બિન મસઉદ અશજઈએ કર્યું.

૧૭૪. અર્થાત મુનાફિકો અને મુશ્રિકો જેઓ શયતાનના મિત્રો છે તેમનો ડર ન રાખો

૧૭૫. કારણ કે ઈનામનું આવશ્યક પરિણામ એ છે કે બન્દાને માત્ર ખુદાનો જ ડર હોય.

૧૭૬. ભલે પછી તે કુરેશી કાફિરો હોય અથવા મુનાફિકો હોય યા યહૂદી સરદારો હોય કે મુરતદ લોકો હોય. તેઓ તમારા સામના ખાતર ગમે તેટલા સૈન્યો શણગારે પણ સફળ થશે નહિ.

૧૭૭. આમાં કદરિય્યા અને મુઅતઝિલા ફિર્કાઓનો રદીયો છે, અને એ વાતની દલીલ છે કે ભલાઈ અને બુરાઈ અલ્લાહના ઈરાદાને આધિન છે.

૧૭૮. એટલે કે મુનાફિકો જેઓ ઈમાનનો કલેમો પઢયા પછી કાફિરો રહ્યા અથવા તે લોકો જે ઈમાન સ્વીકારવા શક્તિમાન હોવા છતાં કાફિર જ રહ્યા અને ઈમાન ન લાવ્યા,

૧૭૯. હકક સાથે દુશ્મનાવટ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનો વિરોધ કરીને, હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને પૂછવામાં આવ્યું કે, ''કયો માણસ સારો છે?'' ફરમાવ્યું, ''જેની ઉમર લાંબી અને આમાલ સારા હોય તે.'' ફરી પૂછવામાં આવ્યું કે, ''ખરાબ કોણ છે?'' ફરમાવ્યું, ''જેની ઉમર લાંબી અને આમાલ ખરાબ હોય તે.''

૧૮૦. અય ઈસ્લામનો કલેમો પઢનારાઓ!

૧૮૧. અર્થાત મુનાફિકને.

૧૮૨. નિખાલસ મોમિનથી, એટલે કે પોતાના નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને તમારી હાલતો વિષે જાણકાર કરીને મોમિન અને મુનાફિક દરેકને તારવી કાઢે.

**શાને નુઝૂલ** :- રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે મખ્લૂકના સર્જન પૂર્વે જ્યારે મારી ઉમ્મત માટીની શિકલમાં હતી. તે જ સમયે તેને મારી સમક્ષ પોતાની શિકલોમાં રજુ કરવામાં આવી. જે રીતે કે હઝરત આદમ સમક્ષ રજુ કરવામાં આવી હતી. અને મને જાણ કરવામાં આવી કે એમાંથી કોણ મારા પર ઈમાન લાવશે અને કોણ મારા પર કુફ્ર કરશે. આ સમાચાર જ્યારે મુનાફિકોને મળ્યા ત્યારે તેમણે ઠઠ્ઠારૂપે કહ્યું કે, "મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનું ધારવું છે કે જે લોકો હજુ જનમ્યા પણ નથી તેમાંથી પણ કોણ એમના પર ઈમાન લાવશે અને કોણ કુફ્ર કરશે તેની પણ એમને જાણ છે, અને એ છતાં અમે એમની સાથે છીએ છતાં અમને ઓળખતા નથી!" ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે મિમ્બર પર બિરાજમાન થઈને અલ્લાહની તારીફ કરી. પછી ફરમાવ્યું કે, "તે લોકોના શું હાલ છે જે મારા ઈલ્મ વિષે ટોણાં મારે છે. આજથી કયામત સુધી થનાર કોઈ પણ બાબત એવી નથી કે જેના વિષે તમે મને પૂછો અને હું જવાબ ન આપું." ત્યારે અબ્દુલ્લાહ બિન હુઝાફા સહમીએ ઉભાં થઈને પૂછ્યું કે મારો બાપ કોણ છે? હુઝૂરે ફરમાવ્યું, હુઝાફા. પછી હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હુ ઉભા થયા અને કહ્યું, યા રસૂલલ્લાહ અમે અલ્લાહના રબ હોવાથી, ઈસ્લામના દીન હોવાથી, કુરઆનના ઈમામ હોવાથી અને આપના નબી હોવાથી રાજી થયા. અમે આપનાથી માફી માંગીએ છીએ, પછી હુઝૂરે ફરમાવ્યું, "શું તમે રોકાશો? શું તમે રોકાશો?" પછી મિમ્બર પરથી ઉતર્યા. ત્યારે અલ્લાહે આ આયત ઉતારી.

ઉપરની હદીષથી સાબિત થયું કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કયામત સુધીનું બધું ઈલ્મ આપવામાં આવ્યું છે. અને હુઝૂરના ઈલ્મે ગૈબ વિષે ટોણાં મારવાં મુનાફિકોનો તરીકો છે.

૧૮૩. તો તે ચૂંટેલા રસૂલોને ગૈબનું ઈલ્મ આપે છે, અને સય્યિદે અમ્બિયા રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ તમામમાં શ્રેષ્ઠ અને ઉત્તમ છે. આ આયત અને એ સિવાયની ઘણી આયતો અને હદીષો થી સાબિત છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ગૈબના ઈલ્મો આપ્યા, અને ગૈબી ઈલ્મો આપનો મોજીઝો છે.

૧૮૪. અને માનો કે અલ્લાહ તઆલાએ પોતાના બરગુઝીદા રસૂલોને ગૈબી ઇલ્મો આપ્યા છે.

૧૮૫. કંજૂસાઈ (બુખ્લ) ના અર્થ બાબત ઘણા ખરા ઉલમા એવો મત ધરાવે છે કે વાજિબ અદા ન કરવું કંજૂસાઈ છે, માટે કંજૂસાઈ બાબત સખત સજાની ખબરો અપાઈ છે, અને આ આયતમાં પણ એવી ખબર છે, તિરમિઝીની હદીષમાં છે કે કંજૂસાઈ અને બદઅખ્લાકી ઈમાનદારમાં એકઠી થઈ શકતી નથી, ઘણા મુફસ્સીરોએ કહ્યું કે અહીં કંજૂસાઈનો અર્થ ઝકાત ન દેવી છે.

૧૮૬. બુખારી શરીફની હદીષમાં છે કે જેને અલ્લાહે માલ આપ્યો અને તેણે ઝકાત ન આપી તો તે માલ કયામતની દિવસે સાપ બનીને તેના ગળામાં ફંદા રૂપે વળગશે અને એવું કહીને કરડતો રહેશે કે હું તારો માલ છું, હું તારો ખજાનો છું.

૧૮૭. તે જ હમેશાં બાકી રહેનાર છે અને બધી મખ્લૂક ફના થનાર છે. એ તમામની મિલ્કત નાશ પામનાર છે. તો ઘણી જ મૂર્ખાઈ છે કે આ નાશવંત માલમાં કંજૂસાઈ કરવામાં આવે અને ખુદાના માર્ગમાં

لن تنالوا ٤ — آل عمران ٣

الَّذِينَ قَالُوا إِنَّ اللَّهَ عَهِدَ إِلَيْنَا أَلَّا نُؤْمِنَ
لِرَسُولٍ حَتَّىٰ يَأْتِيَنَا بِقُرْبَانٍ تَأْكُلُهُ النَّارُ ۗ قُلْ
قَدْ جَاءَكُمْ رُسُلٌ مِّن قَبْلِي بِالْبَيِّنَاتِ وَبِالَّذِي
قُلْتُمْ فَلِمَ قَتَلْتُمُوهُمْ إِن كُنتُمْ صَادِقِينَ ﴿١٨٣﴾ فَإِن
كَذَّبُوكَ فَقَدْ كُذِّبَ رُسُلٌ مِّن قَبْلِكَ جَاءُوا
بِالْبَيِّنَاتِ وَالزُّبُرِ وَالْكِتَابِ الْمُنِيرِ ﴿١٨٤﴾ كُلُّ نَفْسٍ ذَائِقَةُ
الْمَوْتِ ۗ وَإِنَّمَا تُوَفَّوْنَ أُجُورَكُمْ يَوْمَ الْقِيَامَةِ ۖ فَمَن
زُحْزِحَ عَنِ النَّارِ وَأُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ ۗ وَمَا
الْحَيَاةُ الدُّنْيَا إِلَّا مَتَاعُ الْغُرُورِ ﴿١٨٥﴾ لَتُبْلَوُنَّ فِي
أَمْوَالِكُمْ وَأَنفُسِكُمْ وَلَتَسْمَعُنَّ مِنَ الَّذِينَ أُوتُوا
الْكِتَابَ مِن قَبْلِكُمْ وَمِنَ الَّذِينَ أَشْرَكُوا أَذًى كَثِيرًا

તેઓ જે કહે છે અલ્લાહે અમારાથી વચન લઈ લીધું છે કે અમે કોઈ રસૂલ પર ઈમાન ન લાવીએ જ્યાં સુધી (તે રસૂલ) એવી કુરબાનીનો હુકમ ન લાવે જેને આગ ભરખે[૧૯૧] તમે ફરમાવી દો મારાથી પહેલાં ઘણા રસૂલ તમારી પાસે ખુલ્લી નિશાનીઓ અને એ હુકમ લઈને આવ્યા જે તમે કહો છો, પછી તમે તેમને કેમ શહીદ કર્યા? જો સાચા હોય તો[૧૯૨] (૧૮૩) તો અય મહબૂબ! જો તેઓ તમને જૂઠલાવે છે તો તમારાથી પૂર્વેના રસૂલોને પણ જૂઠલાવ્યા છે. જેઓ સ્પષ્ટ નિશાનીઓ[૧૯૩] અને સહીફા અને ચમકતી કિતાબ[૧૯૪] લઈને આવ્યા હતા (૧૮૪) દરેક જીવને મોત ચાખવાનું છે. અને તમારા બદલાઓ તો કયામતના દિવસે પૂરેપૂરા મળશે, જેને આગથી બચાવીને જન્નતમાં દાખિલ કરવામાં આવ્યો તે મુરાદ પામ્યો, અને દુનિયાનું જીવન તો આમ જ ધોકાની પુંજી છે[૧૯૫] (૧૮૫) બેશક! જરૂર તમારી આજમાઇશ થશે, તમારા માલ અને તમારા જીવોમાં[૧૯૬] અને બેશક! જરૂર તમે આગળના કિતાબવાળાઓ[૧૯૭] અને મુશ્રિકો તરફથી ઘણું બધું ખરાબ સાંભળશો. અને જો તમે સબ્ર કરો અને બચતા રહો[૧૯૮]

આપવામાં ન આવે.

૧૮૮. યહૂદીઓએ "મનઝલ્લઝી યુકરિદુલ્લાહ કરદન હસનાહ" (કોણ છે જે અલ્લાહને સારૂ કરજ આપે?) વાળી આયત સાંભળીને કહ્યું હતું કે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)નો મઅબૂદ અમારા પાસે કરજ માંગે છે તો અમે માલદાર અને તે ફકીર ઠર્યો. તે બાબત આ આયત ઉતરી.

૧૮૯. આમાલનામાઓમાં.

૧૯૦. અમ્બિયાને કત્લ કરવાવાળી વાતનો સંબંધ એમના ઉપલા કથન (ખુદા ફકીર છે) સાથે જોડવાથી માલમ પડે છે કે આ બન્ને ગુનાહો ઘણા જ ભયાનક છે અને ખરાબીમાં સરખા છે તેમજ (એ પણ ફલિત થયું કે) અમ્બિયાની શાનમાં ગુસ્તાખી કરનાર ખુદાની શાનમાં પણ બેઅદબ બની જાય છે.

૧૯૧. **શાને નુઝૂલ :-** યહૂદીઓની એક ટોળકીએ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું હતું કે અમારી પાસેથી તવરાતમાં એવું વચન લેવામાં આવ્યું છે કે જે રસૂલ હોવાનો દાવો કરનાર એવી કુરબાની ન રજુ કરે જેને આસ્માનમાંથી સફેદ આગ ઉતરીને ભરખી લે તેના પર અમે કદાપિ ઈમાન લાવીશું નહીં, તે બાબત આ આયત ઉતરી, અને તેમના એ સફેદ જૂઠ અને ચોખ્ખે ચોખ્ખા બોહતાનનો રદીયો આપવામાં આવ્યો. કારણ કે એવી કોઈ શરતનું તવરાતમાં નામ નિશાન પણ નથી, અને સ્પષ્ટ છે કે નબીની સત્યતા સ્વીકારવા માટે મોજીઝો પુરતો છે, જ્યારે નબીએ કોઈ મોજીઝો દેખાડયો તો તેની સત્યતા માટે દલીલ બની ગઈ, પછી તેની સત્યતા સ્વીકારવી અને તેની નુબુવ્વતને માનવું આવશ્યક ઠર્યું, હવે કોઈ ખાસ પ્રકારના મોજીઝાનો આગ્રહ કરવો એ દલીલ કાયમ થયા પછી નબીની સત્યતાનો ઈન્કાર કરવા સમાન છે.

وَاِنۡ تَصۡبِرُوۡا وَتَتَّقُوۡا فَاِنَّ ذٰلِكَ مِنۡ عَزۡمِ
الۡاُمُوۡرِ ﴿١٨٦﴾ وَاِذۡ اَخَذَ اللّٰهُ مِيۡثَاقَ الَّذِيۡنَ اُوۡتُوا
الۡكِتٰبَ لَتُبَيِّنُنَّهٗ لِلنَّاسِ وَلَا تَكۡتُمُوۡنَهٗ فَنَبَذُوۡهُ
وَرَآءَ ظُهُوۡرِهِمۡ وَاشۡتَرَوۡا بِهٖ ثَمَنًا قَلِيۡلًا ؕ
فَبِئۡسَ مَا يَشۡتَرُوۡنَ ﴿١٨٧﴾ لَا تَحۡسَبَنَّ الَّذِيۡنَ يَفۡرَحُوۡنَ
بِمَاۤ اَتَوۡا وَّيُحِبُّوۡنَ اَنۡ يُّحۡمَدُوۡا بِمَا لَمۡ يَفۡعَلُوۡا فَلَا
تَحۡسَبَنَّهُمۡ بِمَفَازَةٍ مِّنَ الۡعَذَابِ ۚ وَلَهُمۡ عَذَابٌ
اَلِيۡمٌ ﴿١٨٨﴾ وَلِلّٰهِ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ؕ وَاللّٰهُ
عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿١٨٩﴾ اِنَّ فِىۡ خَلۡقِ السَّمٰوٰتِ ع ١٩
وَالۡاَرۡضِ وَاخۡتِلَافِ الَّيۡلِ وَالنَّهَارِ لَاٰيٰتٍ
لِّاُولِى الۡاَلۡبَابِ ﴿١٩٠﴾ الَّذِيۡنَ يَذۡكُرُوۡنَ اللّٰهَ

منزل ١

તો એ મોટી હિમ્મતનું કામ છે (૧૮૬) અને યાદ કરો જ્યારે અલ્લાહે વાયદો લીધો તેમના પાસેથી જેમને કિતાબ આપવામાં આવી કે તમે ચોક્કસ એને લોકોને કહી આપશો અને છુપાવશો નહિ[૧૯૯] તો તેમણે એને પોતાની પીઠ પાછળ નાંખી દીધો, અને એના બદલે તુચ્છ મૂલ્ય મેળવ્યું[૨૦૦] તો કેટલી ખરાબ ખરીદારી છે[૨૦૧] (૧૮૭) કદાપિ તેમને (સારા) સમજશો નહિ જેઓ પોતાના કાર્યો પર ફૂલાઈ જાય છે. અને ઈચ્છે છે કે (કશું) કર્યા વગર જ તેમના વખાણ કરવામાં આવે[૨૦૨] એવાઓને કદાપિ અઝાબથી વેગળા ન જાણશો, અને એમના માટે દુઃખ દાયક અઝાબ છે (૧૮૮) અને આકાશો તેમજ જમીનનું રાજ્ય અલ્લાહનું જ છે[૨૦૩] અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત (સત્તા) ધરાવે છે (૧૮૯) બેશક! આસ્માનો અને જમીનની પેદાઈશમાં અને રાત્રી-દિવસની ફેરબદલીમાં નિશાનીઓ છે[૨૦૪] બુદ્ધિમાનો માટે[૨૦૫] (૧૯૦) જેઓ અલ્લાહની યાદ કરે છે ઉભાં અને બેઠાં તેમજ પાસાંઓ પર

૧૯૨. જ્યારે તમે એ નિશાની લાવનાર અમ્બિયાને કત્લ કર્યા અને તેમના પર ઈમાન ન લાવ્યા તો પુરવાર થયું કે તમારો એ દાવો જૂઠો છે.

૧૯૩. અર્થાત ખુલ્લા મોજીઝા

૧૯૪. તવરાત અને ઈન્જીલ

૧૯૫. દુનિયાની હકીકત આ મુબારક વાક્યે સ્પષ્ટ કરી દીધી, મનુષ્ય જીવનના નશામાં ચકચુર બની જાય છે. એને જ પોતાનું સર્વસ્વ સમજે છે અને એ કુરસદને બેકાર વેડફી નાખે છે. અંતિમ સમયે તે જાણે છે કે એમાં કાયમ માટે રહેવાનું ન હતું અને એમાં દિલ લગાવવાથી બાકીના જીવન અને આખિરતની જિન્દગીને સખ્ત નુકસાન થયું છે.

હઝરત સઈદ બિન ઝુબેરે ફરમાવ્યું છે કે દુનિયા દુનિયાદાર માટે ધોકાનો માલ છે પણ આખિરતના તલબગાર માટે કાયમની દોલત પ્રાપ્તિનું સાધન અને નફો આપનાર મૂડી છે. આ મતલબ આપના ઉપલા વાક્યોથી સમજાય છે.

૧૯૬. હકકો, ફર્ઝો, નુકસાન, મુસીબતો, બીમારીઓ, ખતરાઓ, કત્લ, ચિંતાઓ અને દુઃખ વડે. જેથી મોમિન અને બિનમોમિનમાં તફાવત થઈ જાય, મુસલમાનોને આ સંબોધન એટલા માટે કરવામાં આવ્યું કે આવનાર મુસીબતોમાં એમને સબ્ર કરવાનું સહેલું બને.

૧૯૭. યહૂદીઓ અને નસરાનીઓ.

૧૯૮. ગુનાહોથી.

قِيَامًا وَّقُعُوْدًا وَّعَلٰى جُنُوْبِهِمْ وَيَتَفَكَّرُوْنَ
فِىْ خَلْقِ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ رَبَّنَا مَا
خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ
النَّارِ ﴿١٩١﴾ رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ
اَخْزَيْتَهٗ ۗ وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿١٩٢﴾ رَبَّنَآ
اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِىْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا
بِرَبِّكُمْ فَاٰمَنَّا ۖ رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَ
كَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ ﴿١٩٣﴾ رَبَّنَا
وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ
الْقِيٰمَةِ ۗ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿١٩٤﴾ فَاسْتَجَابَ
لَهُمْ رَبُّهُمْ اَنِّىْ لَاۤ اُضِيْعُ عَمَلَ عَامِلٍ مِّنْكُمْ

આડપડખે ઉભા થઈને[૨૦૬] અને વિચાર કરે છે આસ્માનો અને ધરતીની પેદાઈશમાં[૨૦૭] અય અમારા રબ! તેં આ અમસ્તુ જ નથી બનાવ્યું[૨૦૮] તારા માટે (જ) પવિત્રતા છે. તું અમને દોઝખના અઝાબથી બચાવી લે (૧૯૧) અય અમારા રબ! બેશક! જેને તુ દોઝખમાં લઈ જાય સાચે જ તેં તેને અપમાનિત કર્યો, અને જુલ્મીઓનું કોઈ સહાયક નથી (૧૯૨) અય અમારા રબ! અમે એક પોકારનારને સાંભળ્યો[૨૦૯] જે ઈમાન માટે પોકારી રહ્યો છે કે પોતાના રબ પર ઈમાન લાવો તો અમે ઈમાન લાવ્યા. અય અમારા રબ! તુ અમારા ગુનાહ માફ કર. અને અમારા કુકૃત્યો ભૂસી નાખ, અને અમારૂં મૃત્યુ સારા લોકો સાથે કર[૨૧૦] (૧૯૩) અય અમારા રબ! અને અમને તે[૨૧૧] આપ જેનો તેં તારા રસૂલો મારફત અમારી સાથે વાયદો કર્યો છે. અને અમને કયામતના દિવસે અપમાનિત ન કર. બેશક! તુ વાયદા ખિલાફી નથી કરતો (૧૯૪) તો એમના પરવરદિગારે એમની દુઆ સાંભળી લીધી, કે હું

૧૯૯. અલ્લાહ તઆલાએ તવરાત અને ઈન્જીલના આલિમો પર વાજિબ કર્યું હતું કે એ બન્ને કિતાબોમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની નુબુવ્વત દર્શાવતી જે દલીલો છે તે લોકોને ખૂબ સ્પષ્ટ રીતે સમજાવી દે અને કદાપિ છુપાવે નહીં.

૨૦૦. અને લાંચ લઈને હુઝૂર સૈય્યદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના ગુણોને છુપાવ્યા જે તવરાત અને ઈન્જીલમાં જણાવાયા હતા.

૨૦૧. ઈલ્મે દીનનું છુપાવવું મના છે, હદીષ શરીફમાં છે કે કોઈ માણસ અમુક વસ્તુ જાણતો હોય, તેને તે પૂછવામાં આવે અને છતાં તે તેને છુપાવે તો કયામતના દિવસે તેને આગની લગામ પહેરાવવામાં આવશે;

**મસઅલો** :- આલિમ પર વાજિબ છે કે પોતાના ઈલ્મથી લોકોને ફાયદો પહોંચાડે, હક્ક જાહેર કરે અને અમુક ખરાબ હેતુસર તેમાંથી કંઈ છુપાવો નહિ.

૨૦૨. **શાને નુઝૂલ** :- આ આયત યહૂદીઓ વિષે ઉતરી, જેઓ લોકોને ધોકો આપીને તેમજ ગુમરાહ કરીને ખુશ થતા હતા અને નાદાન હોવા છતાં લોકો તેમને આલિમ કહે એવી ઈચ્છા ધરાવતા હતા.

**મસઅલો** :- પોતાની જાત પર ગર્વ કરનારાઓ માટે આ આયતમાં વઈદ (અઝાબની ખબર) છે. અને એવાઓ માટે પણ જે ઈચ્છતા હોય કે લોકો તેમનાં જૂઠા વખાણ કરે, જે લોકો ઈલ્મ વગર જ પોતાને આલિમ કહેવડાવે છે અથવા એવા જ બીજા ગુણો જે તેમનામાં ન હોય છતાં તેનો દાવો કરે છે. તેમણે આ આયતથી બોધ ગ્રહણ કરવો જોઈએ.

૨૦૩. આમાં પેલા ગુસ્તાખોને રદીયો છે જેમણે કહ્યું હતું કે અલ્લાહ ફકીર છે.

તમારામાંના કામ કરનારની મેહનત બેકાર નથી કરતો. પુરૂષ હોય કે સ્ત્રી તમે અંદરોઅંદર એક(જ) છો[૨૧૨] તો તેઓ જેમણે હિજરત કરી. અને પોતાનાં ઘરોમાંથી કાઢી મૂકાયા. અને મારા માર્ગમાં સતાવાયા. અને લડયા તેમજ માર્યા ગયા. હું જરૂર તેમના બધા ગુનાહ ઉતારી દઈશ. અને જરૂર તેમને બગીચાઓમાં લઈ જઈશ જેમની નીચે નહેરો વહે છે[૨૧૩] અલ્લાહ તરફનો સવાબ. અને અલ્લાહ પાસે જ ઉત્તમ સવાબ છે (૧૯૫) અને અય સાંભળ-નાર! કાફિરોનું શહેરોમાં હરખાઈ હરખાઈને ટહેલવું તને (ક્યાંય) છેતરી ન કાઢે[૨૧૪] (૧૯૬) (એ તો) ટૂંક સમ-યનો વપરાશ છે. એમનું ઠેકાણું (તો) દોઝખ છે. અને (તે) કેટલો ખરાબ પથારો છે (૧૯૭) પરંતુ તેઓ જે પોતાના રબથી ડરે છે. તેમના માટે જન્નતો છે જેમના નીચે નહેરો વહે. હમેશા તેમાં રહેશે. અલ્લાહ તરફની મહેમાની. અને જે અલ્લાહ પાસે છે તે નેક લોકો માટે સર્વોત્તમ (છે)[૨૧૫] (૧૯૮)

لن تنالوا — آل عمران

مِّن ذَكَرٍ أَوْ أُنثَىٰ بَعْضُكُم مِّن بَعْضٍ فَالَّذِينَ
هَاجَرُوا وَأُخْرِجُوا مِن دِيَارِهِمْ وَأُوذُوا فِي
سَبِيلِي وَقَاتَلُوا وَقُتِلُوا لَأُكَفِّرَنَّ عَنْهُمْ
سَيِّئَاتِهِمْ وَلَأُدْخِلَنَّهُمْ جَنَّاتٍ تَجْرِي مِن
تَحْتِهَا الْأَنْهَارُ ثَوَابًا مِّنْ عِندِ اللَّهِ وَ
اللَّهُ عِندَهُ حُسْنُ الثَّوَابِ (١٩٥) لَا يَغُرَّنَّكَ
تَقَلُّبُ الَّذِينَ كَفَرُوا فِي الْبِلَادِ (١٩٦) مَتَاعٌ
قَلِيلٌ ثُمَّ مَأْوَاهُمْ جَهَنَّمُ وَبِئْسَ الْمِهَادُ (١٩٧)
لَٰكِنِ الَّذِينَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ جَنَّاتٌ تَجْرِي
مِن تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ فِيهَا نُزُلًا مِّنْ
عِندِ اللَّهِ وَمَا عِندَ اللَّهِ خَيْرٌ لِّلْأَبْرَارِ (١٩٨)

૨૦૪. અનંત ઈલ્મ અને હિકમતવાળા સત્તાધારી પેદા કરનારા અસ્તિત્વને પુરવાર કરનારી.

૨૦૫. જેમની બુદ્ધિ મેલથી પવિત્ર હોય અને જગતની અજબ ગજબ બાબતોને વિશ્વાસ તેમજ દલીલ પકડવાની રીતે દેખતા હોય.

૨૦૬. અર્થાત હર હાલમાં મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ તમામ સમયમાં અલ્લાહની યાદ કરતા હતા. બન્દાની કોઈ હાલત અલ્લાહની યાદથી ખાલી ન હોવી જોઈએ, હદીષ શરીફમાં છે કે જન્નતના બગીચાઓમાંથી ફળ ચૂંટવાની આશા રાખતો હોય તેને અલ્લાહનું ઝિક્ર ખૂબ કરવું જોઈએ.

૨૦૭. અને એના વડે એને બનાવનારની કુદરત અને હિકમત સાબિત કરે છે, એવું કહેતાં કહેતાં કે

૨૦૮. બલ્કે પોતાની મઅરિફત (ઓળખ)ની દલીલ બનાવ્યાં.

૨૦૯. એ પોકારનાર એટલે કે સય્યિદે અમ્બિયા મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ, જેમની શાનમાં "દાઈયન ઈલ્લલ્લાહિ બિઈજનિહિ" (અલ્લાહના હુકમથી તેના તરફ બોલાવનાર) બયાન થયું છે, અથવા કુરઆન શરીફ.

૨૧૦. અમ્બિયા અને સાલિહીન (અવલિયા) સાથે, જેથી અમે તેમના આજ્ઞાંકિતોમાં ગણાઈએ.

૨૧૧. ફઝલ અને રહમત.

૨૧૨. અને આમાલનો બદલો મેળવવામાં પુરૂષ-સ્ત્રી વચ્ચે કંઈ જ તફાવત નથી.

**શાને નુઝૂલ** :- ઉમ્મુલ મોમિનીન હઝરત ઉમ્મે સલ્મા રદીયલ્લાહુ અન્હાએ વિનંતી કરી કે યા

وَإِنَّ مِنْ أَهْلِ الْكِتٰبِ لَمَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَمَا
أُنْزِلَ إِلَيْكُمْ وَمَا أُنْزِلَ إِلَيْهِمْ خٰشِعِيْنَ لِلّٰهِ
لَا يَشْتَرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا أُولٰٓئِكَ
لَهُمْ أَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ إِنَّ اللّٰهَ سَرِيْعُ
الْحِسَابِ ﴿١٩٩﴾ يٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اصْبِرُوْا وَصَابِرُوْا
وَرَابِطُوْا وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٢٠٠﴾

سُوْرَةُ النِّسَاءِ مَدَنِيَّةٌ وَهِيَ مِائَةٌ وَسِتٌّ وَسَبْعُوْنَ اٰيَةً وَأَرْبَعٌ وَعِشْرُوْنَ رُكُوْعًا

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰٓأَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمُ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ
نَّفْسٍ وَّاحِدَةٍ وَّخَلَقَ مِنْهَا زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا
رِجَالًا كَثِيْرًا وَّنِسَآءً وَاتَّقُوا اللّٰهَ الَّذِيْ تَسَآءَلُوْنَ

અને બેશક! અમુક કિતાબવાળા એવા છે કે અલ્લાહને અને જે તમારી તરફ ઉતર્યું તેના પર અને જે એમના તરફ ઉતર્યું[૨૧૬] તેના પર ઈમાન લાવે છે એમના હૃદયો અલ્લાહ તરફ નમેલાં[૨૧૭] (છે) અલ્લાહની આયતોના બદલે તુચ્છ મૂલ્યો નથી સ્વીકારતા[૨૧૮] આ તે (લોકો) છે જેમના સવાબ એમના રબ પાસે છે. અને અલ્લાહ જલ્દી હિસાબ કરનાર છે (૧૯૯) અય ઈમાનવાળાઓ! સબ્ર કરો[૨૧૯] અને સબ્રમાં શત્રુઓથી આગળ રહો. અને સરહદ પર ઈસ્લામી દેશની રક્ષા કાજે ચોકી કરો. અને અલ્લાહથી ડરતા રહો એવી આશાએ કે (તમે) સફળ થાઓ (૨૦૦)

## સૂરહ : નિસાઅ્

### અલ્લાહના નામથી શરૂ જે ઘણો મેહરબાન રહેમતવાળો (છે)

અય લોકો! [૨૨૦] પોતાના રબથી ડરો, જેણે તમને એક જીવથી પેદા કર્યા[૨૨૧] અને તેમાંથી જ તેનું જોડું બનાવ્યું, અને એ બન્નેથી ઘણા સ્ત્રી-પુરુષો ફેલાવ્યાં, અને અલ્લાહથી ડરો જેના નામ પર માંગો છો. અને

રસૂલુલ્લાહ! હિજરતના સવાબ સંબંધે સ્ત્રીઓ વિષે તો હું કશું સાંભળતી જ નથી, એટલે કે હિજરત કરનાર પુરૂષોના સવાબનું તો સાંભળ્યું પણ હિજરત કરનાર સ્ત્રીઓને સવાબ મળશે કે કેમ? તેનું પણ બયાન થવું જોઈએ, ત્યારે આ આયત ઉતરી અને તેમને શાંત્વન આપવામાં આવ્યું કે સવાબ તો અમલના બદલે મળે છે પુરૂષ હોય કે સ્ત્રી હોય.

૨૧૩. આ સર્વ કંઈ અલ્લાહનો ફઝલ અને કરમ છે અને.

૨૧૪. **શાને નુઝૂલ** :- અમુક મુસલમાનોએ કહ્યું કે અલ્લાહના દુશ્મન કાફિરો અને મુશરિકો તો એશ આરામમાં જીવે છે. અને આપણે તંગી અને તકલીફમાં છીએ, ત્યારે આ આયત ઉતરી અને બતાવવામાં આવ્યું કે એમનો આ એશઆરામ "મતાએ કલીલ" (ટૂંકી પુંજી) છે અને એમનું પરિણામ તો ખરાબ જ છે.

૨૧૫. બુખારી અને મુસ્લીમ શરીફની હદીષમાં છે કે હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂ સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના પવિત્ર નિવાસમાં હાજર થયા. તો તેમણે નિહાળ્યું કે બન્ને જગતના બાદશાહ એક નાળિયેરના ટાટના ટુકડા પર આરામ ફરમાવી રહ્યા છે. માથા મુબારકની નીચે ચામડાનો એક એવો તકીયો છે જેમાં છાલ ભરેલી છે. પવિત્ર શરીર પર ટાટના લિસોટા પડેલા છે. આવી હાલત દેખીને ફારૂકે આ'ઝમ રદીયલ્લાહૂ અન્હૂ રડી પડયા. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમએ રડવાનું કારણ પૂછ્યું. કહ્યું કે યા રસૂલલ્લાહ! કયસર અને કિસરા (રોમ અને ફારસના બાદશાહ) તો એશઆરામમાં જીવન વ્યતિત કરે છે. અને આપ અલ્લાહના રસૂલ થઈને આવી હાલતમાં! ફરમાવ્યું, "શું તમને પસંદ નથી કે તેમના માટે દુનિયા હોય અને આપણા માટે આખિરત."

૨૧૬. **શાને નુઝૂલ** :- હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ' કહ્યું. આ આયત હબશા (ઈથોપીઆ)ના બાદશાહ નજાશી વિશે ઉતરી, તેમના મૃત્યુના દિવસે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે સહાબાને ફરમાવ્યું, "ચાલો અને પોતાના ભાઈની નમાઝ પઢો જે બીજા દેશમાં મૃત્યુ પામ્યા છે." હુઝૂર બકીઅ શરીફ (કબ્રસ્તાન)માં પધાર્યા. હબશાની ધરતી આંખની સામે પ્રત્યક્ષ કરવામાં આવી. નજાશી બાદશાહનો જનાઝો દ્રષ્ટિ સમક્ષ થયો, ત્યાં આપે ચાર તકબીરો સાથે નમાઝ પઢી અને તેમના માટે મગફિરતની દુઆ માંગી.

સુબ્હાનલ્લાહ! શું દ્રષ્ટિ છે અને શું શાન છે! હબશાની ધરતી હિજાઝમાં સામે કરી દેવામાં આવી છે. આવું બન્યું ત્યારે મુનાફિકો કાનફુંસી કરવા માંડયા કે જુઓ તો ખરા! હબશાના ખ્રિસ્તી માટે નમાઝ પઢે છે જેને આપે કદી જોયો પણ નથી, તેમજ તે આપના ધર્મ પર પણ ન હતો. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી.

૨૧૭. આજિજી; ઈન્કિસારી અને નિખાલસતા સાથે.

૨૧૮. જેવી રીતે યહૂદી સરદારો લે છે.

૨૧૯. પોતાના ધર્મ પર અને તેને કોઈ સખ્તી તથા તકલીફ વિગેરેના કારણે ત્યજ્યો નહીં, સબ્રના અર્થ વિષે હઝરત જુનેદ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું કે નફસ (વાસના અને મનેચ્છા ઉત્પન્ન કરતી શક્તિ)ને અણગમતી વસ્તુઓ માટે જબરદસ્તી કર્યા વગર કેળવવો એ સબ્ર છે, અમુક બુદ્ધિમાનોએ કહ્યું છે કે સબ્રના ત્રણ પ્રકાર છે (૧) ફરિયાદ ત્યજવી (૨) નસીબનો સ્વીકાર (૩) ખુદાઈ મરજીને સચ્ચાઈ પૂર્વક માન આપવું.

૨૨૦. આ સંબોધન તમામ માનવજાત માટે છે

૨૨૧. અબુલ બશર હઝરત આદમ અલયહિસ્સલામથી જેમ કે મા-બાપ વગર માટીથી બનાવ્યા હતા. મનુષ્ય સર્જનના આરંભનું બયાન કરીને ખુદાઈ કુદરતની મહાનતા વર્ણવવામાં આવી. જો કે જગતના નાસ્તિકો ઓછી બુદ્ધિ અને અણસમજના કારણે આ બાબતની હંસી ઉડાવે છે. પરંતુ બુદ્ધિમાનો અને સમજદાર લોકો જાણે છે કે આ વિષય એવી જબ્બર દલીલોથી સાબિત છે કે જેનો ઈન્કાર અશક્ય છે, વસ્તી ગણત્રીના આંકડા પુરવાર કરે છે કે આજથી ૧૦૦ વર્ષો પૂર્વે દુનિયાની વસ્તી આજ કરતાં ઘણી ઓછી હતી. અને એથી ૧૦૦ વર્ષો પહેલાં એનાથી પણ ઓછી. તો એ રીતે ભૂતકાળમાં પાછળ હઠતાં હઠતાં એ સંખ્યા ઓછી થઈને માત્ર એક માણસ રહી જાશે.

અથવા એવી રીતે સમજે કે આજના અગણિત કબીલા-ખાનદાનો અને કુટુંબો ભૂતકાળમાં એક જ વ્યક્તિમાં અલોપ થઈ જાય છે, દા.ત. દુનિયામાં સૈય્યદોની સંખ્યા કરોડોની હશે. પણ ભૂતકાળમાં એ બધા સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની જાતે પાકમાં એક થઈ જાય છે, એવી જ રીતે બની ઈસરાઈલ (યહૂદીઓ) ગમે તેટલી વધારે સંખ્યામાં હોય પણ એ બધાનું એકત્રીકરણ હઝરત યાકૂબ અલયહિસ્સલામની જાતમાં થઈ જશે. એ પ્રમાણે હજુ વધારે ઉપર વધીએ તો જગતના તમામ કબીલાઓ અને ફાંટાઓનો અંત એક જ વ્યક્તિ પર આવશે, અને તે વ્યક્તિનું નામ ખુદાઈ કિતાબમાં "આદમ" (અલયહિસ્સલામ) છે અને એ એક વ્યક્તિ વંશવર્ધનની સામાન્ય રીત દ્વારા જન્મે એ અશક્ય છે, જો તેના માટે પિતા ધારી પણ લેવામાં આવે તો માતા ક્યાંથી આવશે? માટે આવશ્યક ઠર્યું કે તે મા-બાપ વગર અસ્તિત્વમાં આવે, અને જ્યારે મા-બાપ વગર તેનો ઉદ્દભવ થયો તો નિસંકોચપણે એવી ચીજોથી હોવો જોઈએ જે તેના અસ્તિત્વમાં જોવા મળે છે. અને પછી એ ચીજો પૈકીમાંથી જે વસ્તુ તેનું રહેઠાણ હોય અને

لن تنالوا ٤ النساء ٤

بِهٖ وَالْاَرْحَامَ اِنَّ اللّٰهَ كَانَ عَلَيْكُمْ رَقِيْبًا ۝ وَاٰتُوا
الْيَتٰمٰٓى اَمْوَالَهُمْ وَلَا تَتَبَدَّلُوا الْخَبِيْثَ بِالطَّيِّبِ
وَلَا تَاْكُلُوْٓا اَمْوَالَهُمْ اِلٰٓى اَمْوَالِكُمْ اِنَّهٗ كَانَ
حُوْبًا كَبِيْرًا ۝ وَاِنْ خِفْتُمْ اَلَّا تُقْسِطُوْا فِى الْيَتٰمٰى
فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى وَثُلٰثَ
وَرُبٰعَ فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً اَوْ مَا
مَلَكَتْ اَيْمَانُكُمْ ذٰلِكَ اَدْنٰٓى اَلَّا تَعُوْلُوْا ۝ وَاٰتُوا
النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ
شَىْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِيْٓـًٔا مَّرِيْٓـًٔا ۝ وَلَا تُؤْتُوا
السُّفَهَآءَ اَمْوَالَكُمُ الَّتِىْ جَعَلَ اللّٰهُ لَكُمْ قِيٰمًا وَّ
ارْزُقُوْهُمْ فِيْهَا وَاكْسُوْهُمْ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا ۝

**સગાઈ-સંબંધોનો ખ્યાલ રાખો[૨૨૨] બેશક! અલ્લાહ હર-પળે તમને જોઈ રહ્યો છે (૧) અને યતીમોને તેમનું માલ આપો[૨૨૩] અને સ્વચ્છ[૨૨૪] ને બદલે મેલું[૨૨૫] ન લો, અને તેમના માલ પોતાના માલમાં મેળવીને ન ખાઓ. બેશક! આ મોટો ગુનોહ છે (૨) અને જો તમને સંદેહ હોય કે યતીમ છોકરીઓમાં ન્યાય નહીં કરી શકો[૨૨૬] તો નિકા-હમાં લાવો જે સ્ત્રીઓ તમને ગમે બે બે, ત્રણ ત્રણ, ચાર ચાર[૨૨૭] પછી જો ડરો કે બે પત્નીઓ સરખી રાખી શકશો નહિ તો એક જ કરો, અથવા બાંદીઓ જેમના તમે (શરીઅતની રૂએ) માલિક હોય (તેમના પર સંતોષ માનો) આ એનાથી વધુ નજીક છે કે તમારાથી જુલ્મ ન થાય[૨૨૮] (૩) અને સ્ત્રીઓને તેમની મહેર ખુશીથી આપો[૨૨૯] પછી તેણીઓ પોતાની દિલખુશીથી પોતાની મહેરમાંથી કંઈક તમને (પાછું) આપે, તો તે (તમને) ખપતું (છે, માટે) ખાઓ[૨૩૦] (૪) અને મૂર્ખાઓને[૨૩૧] તેમનો માલ ન આપો જે તમારી પાસે છે, જેમને અલ્લાહે તમારૂં ગુજરાન (નું સાધન) બનાવ્યું છે. અને તેમને એમાંથી ખવડાવો અને પહેરાવો. અને તેમને સારી વાત કહો[૨૩૨] (૫)**

જેના સિવાય અન્ય સ્થાને તે રહી ન શકતો હોય, તો જાહેર છે કે તે વસ્તુ જ તેના અસ્તિત્વમાં અગ્રસ્થાને ગણાશે. માટે તે તે જ વસ્તુથી જ બન્યો છે, એવું નક્કી થશે.

એ પણ જાહેર છે કે વંશવર્ધનની ક્રિયા સામાન્ય રીતે એક વ્યક્તિ દ્વારા થઈ શકતી નથી, માટે જરૂરી ઠર્યું કે તેની સાથે બીજી વસ્તુ પણ હોવી જોઈએ જેથી જોડુ બની શકે, અને પ્રકૃતિનો તકાદો એ જ છે કે તે બીજી માનવ વ્યક્તિ જે પહેલી વ્યક્તિ પછી અસ્તિત્વમાં આવી છે તે પ્રથમ વ્યક્તિના શરીરમાંથી જ બનાવવામાં આવે, કારણ કે પ્રથમ વ્યક્તિના ઉદ્‌ભવ સાથે જ ''જાતી અસ્તિત્વમાં આવી ગઈ (તો જાતીને જાતી પ્રત્યેના આકર્ષણ માટે એ જરૂરી હતું તે તેના શરીરમાંથી જ તેને બનાવવામાં આવે.)

**પરંતુ એ પણ જરૂરી છે કે બીજી વ્યક્તિનો ઉદ્‌ભવ પ્રથમ વ્યક્તિમાંથી વશંવર્ધનની સામાન્ય રીત કરતાં** જુદી રીતે થાય, કારણ કે વંશવર્ધનની સામાન્ય રીત બે વ્યક્તિઓ વગર શક્ય નથી. અને અહીં તે એક જ છે, માટે ખુદાઈ હિકમતે હઝરત આદમ અલયહિસ્સલામની ડાબી પાંસળી તેમની ઊંઘની હાલતમાં કાઢી અને તેના વડે તેમનાં પત્ની હઝરત હવ્વા અલયહિસ્સલામને બનાવ્યાં.

અને હઝરત હવ્વા વંશવર્ધનની સામાન્ય રીત દ્વારા અસ્તિત્વમાં આવ્યાં નથી. એટલે તેમને હઝરત આદમની ઔલાદ કહી શકાય નહીં, જેમકે એ રીતથી વિરૂદ્ધ માનવ શરીરથી ઘણા જીવો (કીડા જીવાણુંઓ વિગેરે) જન્મે છે પણ તેમને માનવીની ઔલાદ કહી શકતા નથી.

ઊંઘમાંથી જાગૃત થઈને હઝરત આદમ અલયહિસ્સલામે હઝરત હવ્વાને જોયાં ત્યારે જાતિય આકર્ષણ દિલમાં જન્મ્યું, તેમને પૂછયું, ''તમે કોણ છો?'' તેમણે જવાબ આપ્યો કે ''અવરત!'' પૂછયું ''શા માટે

અને યતીમોને અજમાવતા રહો[૨૩૩] ત્યાં સુધી કે તેઓ નિકાહ લાયક થાય તો જો તમે તેમની સમજશક્તિ સારી જુઓ. તો તેમના માલ તેમને સોંપી દો અને તે (માલ) ને હદ ઓળંગીને ન ખાઓ. અને એવી ઉતાવળથી કે ક્યાંક ઉમર લાયક ન થઈ જાય, અને જેને જરૂરત (તેમના માલની) ન હોય તેઓ બચતા રહે[૨૩૪] અને જેઓ હાજ-તમંદ હોય તેઓ ખપ પુરતું ખાય, પછી જ્યારે તમે તેમના માલ તેઓને સુપરત કરો ત્યારે તેમના પર સાક્ષી બનાવી લો, અને હિસાબ લેવા માટે અલ્લાહ પુરતો છે (૬) પુરૂષો માટે હિસ્સો છે તેમાંથી જે મા બાપ અને સગાંઓ મૂકી ગયા, અને સ્ત્રીઓ માટે (પણ) હિસ્સો છે તેમાંથી જે મા-બાપ અને સગાંઓ મૂકી ગયાં, વારસો થોડો હોય કે વધુ, હિસ્સો છે અંદાજ કાઢેલો[૨૩૫] (૭) પછી વહેંચતી વેળા (જો) સગા-સંબંધી અને યતીમ અને મિસ્કીન[૨૩૬] આવી ચઢે. તો તેમાંથી તેમને કંઈક પણ આપો[૨૩૭] અને તેમને સારી વાત કહો[૨૩૮] (૮) અને ડરે[૨૩૯] તે લોક જે પોતાની પાછળ અશક્ત ઔલાદ છોડત તો

لن تنالوا ٤ — النساء ٤

وَابْتَلُوا الْيَتٰمٰى حَتّٰٓى اِذَا بَلَغُوا النِّكَاحَ ۚ فَاِنْ اٰنَسْتُمْ
مِّنْهُمْ رُشْدًا فَادْفَعُوْٓا اِلَيْهِمْ اَمْوَالَهُمْ ۚ وَلَا تَاْكُلُوْهَآ
اِسْرَافًا وَّبِدَارًا اَنْ يَّكْبَرُوْا ۭ وَمَنْ كَانَ غَنِيًّا
فَلْيَسْتَعْفِفْ ۚ وَمَنْ كَانَ فَقِيْرًا فَلْيَاْكُلْ بِالْمَعْرُوْفِ ۭ
فَاِذَا دَفَعْتُمْ اِلَيْهِمْ اَمْوَالَهُمْ فَاَشْهِدُوْا عَلَيْهِمْ ۭ وَكَفٰى
بِاللّٰهِ حَسِيْبًا ﴿٦﴾ لِلرِّجَالِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ
وَالْاَقْرَبُوْنَ ۠ وَلِلنِّسَاۗءِ نَصِيْبٌ مِّمَّا تَرَكَ الْوَالِدٰنِ
وَالْاَقْرَبُوْنَ مِمَّا قَلَّ مِنْهُ اَوْ كَثُرَ ۭ نَصِيْبًا مَّفْرُوْضًا ﴿٧﴾
وَاِذَا حَضَرَ الْقِسْمَةَ اُولُوا الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنُ
فَارْزُقُوْهُمْ مِّنْهُ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا ﴿٨﴾
وَلْيَخْشَ الَّذِيْنَ لَوْ تَرَكُوْا مِنْ خَلْفِهِمْ ذُرِّيَّةً ضِعٰفًا

બનાવવામાં આવી છો?" જવાબ આપ્યો, "તમારૂં દિલ બહેલાવવા!" ત્યારે આપ તેમની સાથે હળી ગયા.

૨૨૨. તેને તોડી ન નાખો, હદીષ શરીફમાં છે કે રોજીની કશાઈશ (રેલમછેલ) ઈચ્છતો હોય તેને સગાંઓ સાથે સદવર્તન અને સગાઈ સંબંધોનો ખ્યાલ રાખવો જોઈએ.

૨૨૩. **શાને નુઝૂલ** :- એક માણસની દેખરેખમાં એના યતીમ ભત્રીજાનો ઘણો માલ હતો, જ્યારે તે યતીમ પુખ્ત વયનો થયો, અને તેણે પોતાનો માલ માંગ્યો ત્યારે કાકાએ આપવાનો ઉન્કાર કર્યો, ત્યારે આ આયત ઉતરી, જેને સાંભળીને તે માણસે યતીમનો માલ હવાલે કર્યો અને કહ્યું કે અમે અલ્લાહ-રસૂલના હુકમને માથે ચઢાવીએ છીએ.

૨૨૪. અર્થાત પોતાના હલાલ માલ.

૨૨૫. યતીમની દોલત જે તમારા માટે હરામ છે તેને સારો સમજીને પોતાના ખરાબ માલ સાથે બદલી ન કરો, કારણ કે ખરાબ તમારા માટે હલાલ અને સ્વચ્છ છે, અને એ હરામ હોવાના કારણે મેલો છે.

૨૨૬. અને તેણીઓના હક્કો જાળવી નહિ શકો.

૨૨૭. આ આયતના અર્થઘટનમાં અમુક મંતવ્યો છે, હસનનું કથન છે, કે પહેલાંના સમયમાં મદીનાના લોકો યતીમ છોકરીઓ સાથે તેણીઓના દોલતના કારણે નિકાહ કરી લેતા હતા ને તેમના દિલોમાં તેણીઓ તરફ જરા પણ આકર્ષણ ન હતું. ત્યાર બાદ તેણીઓ સાથે સંસારિક અને ગૃહજીવનમાં સદ્વર્તન રાખતા નહીં. અને તેણીઓના મૃત્યુની રાહ જોતા હતા. આ આયતમાં એવાઓને એવા કૃત્યથી રોકવામાં આવ્યા.

એક કથન એવું છે કે લોકો યતીમ છોકરીઓ સાથે અન્યાય થઈ જવાની બ્હીકે તેમના પાલક બનવાથી

ડરતા હતા પણ એવા જ લોકો તેણીઓ સાથે ઝિનાની બાબતે સાવચેત રહેતા ન હતા. તેમને જણાવવામાં આવ્યું કે જો તમે અન્યાય થઈ જવાના ડરથી યતીમોના પાલક બનવાથી દૂર રહો છો; તો પછી ઝિનાથી પણ ડરો, અને એનાથી બચવા માટે જે સ્ત્રીઓ તમારી માટે હલાલ છે તેમની સાથે નિકાહ કરો અને હરામની નજીક ન જાઓ.

એક કથન એવું છે કે લોકો નાઈન્સાફી થવાની ધાકે યતીમોની દેખરેખ રાખવાનું કબૂલતા નહીં પણ ઘણા બધા નિકાહ કરવામાં તેમને કશું અયોગ્ય લાગતુ ન હતું. તેમને કહેવામાં આવ્યું કે જ્યારે ઘણી બધી સ્ત્રીઓ નિકાહમાં હોય ત્યારે તેણીઓ સાથે નાઈન્સાફી થઈ જવાથી પણ ડરો (જેમ કે યતીમોની બાબત ડરો છો) અને એટલી જ સ્ત્રીઓ સાથે નિકાહ કરો જેમના હક્કો અદા કરી શકો.

અકરમાએ હઝરત ઈબ્ને અબ્બાસના હવાલાથી કહ્યું છે કે કુરેશીઓ દસ દસ બલ્કે એથી પણ વધુ પત્નીઓ રાખતા હતા. અને પછી જ્યારે તેમનો ભાર વહન ન કરી શકતા ત્યારે જે યતીમ છોકરીઓના તેઓ પાલક હોય તેમનો માલ ખર્ચી કાઢતા હતા. આ આયતમાં હુકમ કરવામાં આવ્યો કે તમે પોતાની પરિસ્થિતિ જોઈ લો. અને ચાર પત્નીઓથી વધારે ન રાખો જેથી તમને યતીમોનું માલ ખર્ચી કાઢવાની જરૂરત ઉભી ન થાય.

**મસઅલો** :- આ આયતથીજાણવા મળ્યું કે સ્વતંત્ર માણસ માટે એક સમયમાં ચાર સ્ત્રીઓ સુધી નિકાહ જાઈઝ છે. તે સ્ત્રીઓ હુર (સ્વતંત્ર) હોય કે અમત (બાંદી).

**મસઅલો** :- સમગ્ર ઉમ્મતની એકમતી છે કે એક સમયમાં ચાર સ્ત્રીઓથી વધારે નિકાહમાં રાખવી કોઈના માટે પણ જાઈઝ નથી, સિવાય કે રસૂલુલ્લાહુ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ માટે, એ બાબત આપની ''ખુસૂસિયાત" માંથી છે;

અબૂ દાઊદની હદીષમાં છે કે એક માણસે ઈસ્લામનો સ્વીકાર કર્યો. તેમની આઠ પત્નીઓ હતી. હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું, એમનામાંથી ચાર ને રાખો.

તિરમિઝીની હદીષમાં છે કે ગૈલાન બિન મુસ્લિમા સકફી ઈસ્લામમાં દાખલ થયા ત્યારે તેમની દસ પત્નીઓ હતી તે પણ મુસલમાન બની ગઈ. હુઝૂરે ફરમાવ્યું, એમનામાંથી ચાર રાખો.

૨૨૮. **મસઅલો** :- આથી જણાયું કે પત્નીઓ સાથે ઈન્સાફ કરવો ફર્ઝ છે, નવી, જુની, કુંવારી, લગ્નજીવન મળી ચૂકેલી તમામ પત્નીઓ ઈન્સાફની સરખી હકદાર છે, આ ઈન્સાફ પોશાકમાં, ખોરાકમાં, રહેવાના મકાનમાં, તેમજ રાત્રે સાથે રાખવામાં વિગેરે, તમામ બાબતોમાં હોવો જોઈએ, આ બાબતોમાં બધી સાથે સરખું વર્તન રાખવું જોઈએ;

**૨૨૯. આનાથી જાણવા મળ્યું કે મહેરની હક્કદાર સ્ત્રીઓ છે, નહીં કે તેમના વાલી વારસો, જો** વાલીવારસોએ મહેર લઈ લીધી તો તેમના માટે જરૂરી છે કે તેની હકદાર સ્ત્રીને આપી દે;

૨૩૦. સ્ત્રીઓને અધિકાર છે કે તેણીઓ પોતાની મહેરમાંથી અમુક ભાગ પોતાના પતિઓ માટે માફ કરી દે અથવા પુરી મહેર પણ માફ કરી દે, પણ મહેર માફ કરાવવા તેમને લાચાર કરવી અથવા તેણીઓ સાથે બુરી રીતે વર્તવું ન જોઈએ, કારણ કે અલ્લાહ તઆલાએ ''તિબ્ન લકુમ" ફરમાવ્યું છે. જેનો અર્થ દિલી ખુશીથી માફ કરવાનો છે.

૨૩૧. જેઓ એટલી સમજદારી ધરાવતા નથી કે સમજી શકે કે માલ ક્યાં ખર્ચવો જોઈએ, તેને અસ્થાને ખર્ચે છે અથવા જો તેમની મરજી પર છોડી દેવામાં આવે તો જલ્દી વેડફી નાખે.

તેમની કેવી ચિંતા તેમને રહેત, તો જોઈએ કે અલ્લાહથી ડરે[૨૪૦] અને સીધી વાત કરે[૨૪૧] (૯) તેઓ જે યતીમોનો માલ નાહક ખાય છે. તેઓ તો પોતાના પેટોમાં નરી આગ ભરે છે[૨૪૨] અને કોઈ પળ વીતે છે કે (તેઓ) ધીખતા ખાડામાં જશે (૧૦) અલ્લાહ તમને હુકમ આપે છે[૨૪૩] તમારી ઔલાદ વિષે[૨૪૪] પુત્રનો ભાગ બે પુત્રીઓ જેટલો છે[૨૪૫] પછી જો માત્ર દીકરીઓ જ હોય. ભલે બે થી વધું[૨૪૬] તો તેણીઓને વારસાનો બે તૃતિયાંશ ભાગ. અને જો એક છોકરી હોય તો તેણીનો અડધો ભાગ[૨૪૭] અને મરનારના મા-બાપને દરેકને તેના વારસામાંથી છઠ્ઠો ભાગ જો મરનારને ઔલાદ હોય તો[૨૪૮] અને જો તેને ઔલાદ ન હોય અને (તેણે વારસદારોમાં) મા-બાપ છોડયાં[૨૪૯] તો માંનો એક તૃતિયાંશ ભાગ, પછી જો તે (મરનાર)નાં બીજાં ભાઈ બહેનો હોય[૨૫૦] તો માંનો છઠ્ઠો ભાગ[૨૫૧] કરેલી વસિયત અને કરઝ (ચૂકવ્યા) પછી[૨૫૨] તમારા બાપ અને તમારા દીકરા તમે શું જાણો કે તેમનામાં કોણ તમને વધુ ખપ લાગશે[૨૫૩] આ ભાગ નક્કી થયેલા છે અલ્લાહ તરફથી, બેશક! અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે (૧૧)

لن تنالوا ٤ النساء

خَافُوا عَلَيْهِمْ فَلْيَتَّقُوا اللَّهَ وَلْيَقُولُوا قَوْلًا سَدِيدًا ﴿٩﴾
إِنَّ الَّذِينَ يَأْكُلُونَ أَمْوَالَ الْيَتَامَىٰ ظُلْمًا إِنَّمَا يَأْكُلُونَ
فِي بُطُونِهِمْ نَارًا وَسَيَصْلَوْنَ سَعِيرًا ﴿١٠﴾ يُوصِيكُمُ اللَّهُ
فِي أَوْلَادِكُمْ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْأُنْثَيَيْنِ فَإِنْ كُنَّ
نِسَاءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا تَرَكَ وَإِنْ كَانَتْ
وَاحِدَةً فَلَهَا النِّصْفُ وَلِأَبَوَيْهِ لِكُلِّ وَاحِدٍ مِنْهُمَا
السُّدُسُ مِمَّا تَرَكَ إِنْ كَانَ لَهُ وَلَدٌ فَإِنْ لَمْ يَكُنْ
لَهُ وَلَدٌ وَوَرِثَهُ أَبَوَاهُ فَلِأُمِّهِ الثُّلُثُ فَإِنْ كَانَ لَهُ
إِخْوَةٌ فَلِأُمِّهِ السُّدُسُ مِنْ بَعْدِ وَصِيَّةٍ يُوصِي بِهَا
أَوْ دَيْنٍ آبَاؤُكُمْ وَأَبْنَاؤُكُمْ لَا تَدْرُونَ أَيُّهُمْ أَقْرَبُ لَكُمْ
نَفْعًا فَرِيضَةً مِنَ اللَّهِ إِنَّ اللَّهَ كَانَ عَلِيمًا حَكِيمًا ﴿١١﴾

૨૩૨. જેનાથી તેમને શાંત્વન મળે. અને તેઓ પરેશાન ન થાય. દા.ત. તેમને કહેવામાં આવે કે આ માલ તમારો જ છે, તમે હોશિયાર થશો કે તરત જ તમને સોંપી દેવામાં આવશે.

૨૩૩. કે તેમનામાં હોશિયારી અને વાત સમજી શકવાની શક્તિ જન્મી કે નહીં?

૨૩૪. યતીમનો માલ ખાવાથી.

૨૩૫. જહાલતના સમયમાં સ્ત્રીઓ અને બાળકોને વારસામાં હિસ્સો આપતા ન હતા, આ આયતમાં તે રસમને નાબૂદ કરવામાં આવી.

૨૩૬. અજાણ્યા, જેમનામાંથી કોઈ મય્યતનો વારસદાર ન હોય.

૨૩૭. વહેંચણી પહેલાં અને એ આપવું મુસ્તહબ છે.

૨૩૮. એમાં (સારી વાત કહેવામાં) સરસ કારણ (ન આપવું અથવા વધારે ન આપી શકવાનું, સારો વાયદો કે તમને પાછળથી આપીશું) અને દુઆએ ખૅર વિગેરે તમામ દાખલ છે, આ આયતમાં વારસામાંથી વારસદાર ન હોય એવાં સગાંઓ, યતીમો અને મિસ્કીનોને કંઈક સદકા તરીકે આપવાનો અને સારી વાત કહેવાનો હુકમ આપ્યો છે. સહાબાના સમયમાં એના પર અમલ થતો હતો. મુહમ્મદ બિન સીરીન કહે છે કે તેમના પિતાએ વારસા વહેંચણી વખતે એક બકરી ઝુબ્હ કરીને જમણ તૈયાર કર્યું, અને સગાંઓ, યતીમો, મિસ્કીનોને જમાડયું, પછી આ આયત પઢયા. ઈબ્ને સીરીને આજ મતલબની એક રિવાયત ઉબેદા સલમાનીના હવાલાથી પણ બયાન કરી છે. તેમાં એવું પણ છે કે જો આ આયત ન આવી હોત એ સદકો હું મારા માલમાંથી કરત.

**પરિણામ** :- જેને ત્રીજયું કહે છે અને જેનો રિવાજ મુસલમાનોમાં પ્રચલિત છે. તે પણ આજ આયતનું અનુસરણ છે, એમાં સંગાઓ, યતીમો, મિસ્કીનો પર સદકો વપરાય છે, તેમજ કલેમા શરીફનું ખતમ, કુરઆને પાકની તિલાવત અને દુઆ (ફાતિહા) ''કવલે મઅરૂફ" છે, આમાં લોકોએ અયોગ્ય હઠ પકડી લીધી છે, અને કુરઆન શરીફમાં આટલુ સ્પષ્ટ બયાન હોવા છતાં તેઓ બુઝુર્ગોના આ વિષેના અમલનો આધાર ઢુંઢી શક્યા નહીં. અને તેમણે પોતાના મંતવ્યને દીનમાં દાખલ કર્યું ને આ રીતે એક સારા કાર્યને રોકવા આગ્રહ સેવવા લાગ્યા, અલ્લાહ હિદાયત આપે.

૨૩૯. જેને વસિયત કરવામાં આવી હોય તે અને યતીમોના પાલકોને તે લોકો જે મૃત્યુ સમયે મરનાર પાસે હાજર હોય.

૨૪૦. અને મરનારના સંબંધીઓ સાથે પ્રેમ સિવાય અન્ય વર્તણુક ન કરે જેનાથી તેની ઔલાદ પરેશાન થાય.

૨૪૧. બીમાર પાસે તેના મૃત્યુ સમયે હાજર રહેનારાઓની સીધી વાત તો એ છે કે તેને સદકા અને વસિય્યત વિષે એવો અભિપ્રાય આપે કે તે એટલા માલમાંથી કરે જેનાથી તેની ''ઔલાદ" ગરીબ અને નાદાર ન બની જાય, અને જેને વસિય્યત કરવામાં આવી હોય તેની અને વલીની સીધી વાત એ છે કે તેઓ મરનારની ઔલાદ સાથે સદવર્તન રાખે જેમ કે પોતાની ઔલાદ સાથે રાખે છે.

૨૪૨. અર્થાત નાહક યતીમોનો માલ ખાવો આગ ખાવા સમાન છે. કારણ કે તે અઝાબનાં કારણરૂપ છે. હદીષ શરીફમાં છે કે કયામતના દિવસે યતીમોનો માલ ખાનારાઓને એવી રીતે ઉઠાડવામાં આવશે કે તેમની કબ્રો તથા તેમનાં મોઢાં અને તેમના કાનોમાંથી ધુમાડા નીકળતા હશે જેનાથી લોકો ઓળખી જશે કે આ યતીમોનો માલ ખાનારા છે.

૨૪૩. વારસદારો બાબત.

૨૪૪. જોં મરનારે દીકરા-દીકરીઓ બન્ને છોડયાં હોય તો.

૨૪૫. એટલે કે દીકરીનો ભાગ દીકરા કરતાં અડધો છે, અને મરનારે બધા દીકરા જ છોડયા હોય તો બધો માલ તેમનો.

૨૪૬. અથવા બે.

૨૪૭. આનાથી માલૂમ પડયું કે જો એકલો છોકરો જ વારસદાર હોય **તો** બધો માલ તેનો થશે, કારણ કે ઉપર છોકરાનો ભાગ છોકરીઓથી બમણો બતાવવામાં આવ્યો છે, તો જ્યારે એકલી વારસદાર છોકરીનો અડધો ભાગ થયો તો એકલા વારસદાર છોકરાનો એનાથી બમણો એટલે કે બધો માલ થયો.

૨૪૮. ભલે પછી છોકરો હોય કે છોકરી, કારણ કે એમાંથી દરેકને ઔલાદ કહેવામાં આવે છે.

૨૪૯. અર્થાત માત્ર મા-બાપ જ છોડયાં હોય તો, અને જો મા-બાપ સાથે (પતિએ) પત્નીને અથવા (પત્નીએ) પતિને (પણ) છોડયો. તો તેનો હિસ્સો કાઢયા પછી જે વધે તેનો ત્રીજો ભાગ મળશે, નહીં કે બધા માલનો ત્રીજો ભાગ.

૨૫૦. સગા હોય કે મત્રાઈ.

૨૫૧. અને એક જ ભાઈ હોય તો તે માંનો હિસ્સો ઘટાડશે નહીં.

૨૫૨. કારણ કે વસિય્યત અને કરજ વારસાની વહેંચણી કરતાં અગ્રસ્થાને છે, અને કરજ તો વસિય્યત કરતાં પણ અગ્રસ્થાને છે, હદીષ શરીફમાં છે, ''અન્નદૈન **કબ્લ** વસિય્યતિ" (કરજ વસિય્યત કરતાં પહેલું

النساء ٤ — لن تنالوا ٤

وَلَكُمْ نِصْفُ مَا تَرَكَ أَزْوَاجُكُمْ إِن لَّمْ يَكُن لَّهُنَّ وَلَدٌ
فَإِن كَانَ لَهُنَّ وَلَدٌ فَلَكُمُ الرُّبُعُ مِمَّا تَرَكْنَ مِن
بَعْدِ وَصِيَّةٍ يُوصِينَ بِهَا أَوْ دَيْنٍ وَلَهُنَّ الرُّبُعُ
مِمَّا تَرَكْتُمْ إِن لَّمْ يَكُن لَّكُمْ وَلَدٌ فَإِن كَانَ لَكُمْ وَلَدٌ
فَلَهُنَّ الثُّمُنُ مِمَّا تَرَكْتُم مِّن بَعْدِ وَصِيَّةٍ تُوصُونَ
بِهَا أَوْ دَيْنٍ وَإِن كَانَ رَجُلٌ يُورَثُ كَلَالَةً أَوِ امْرَأَةٌ
وَلَهُ أَخٌ أَوْ أُخْتٌ فَلِكُلِّ وَاحِدٍ مِّنْهُمَا السُّدُسُ
فَإِن كَانُوا أَكْثَرَ مِن ذَٰلِكَ فَهُمْ شُرَكَاءُ فِي الثُّلُثِ مِن
بَعْدِ وَصِيَّةٍ يُوصَىٰ بِهَا أَوْ دَيْنٍ غَيْرَ مُضَارٍّ وَصِيَّةً
مِّنَ اللَّهِ وَاللَّهُ عَلِيمٌ حَلِيمٌ ﴿١٢﴾ تِلْكَ حُدُودُ اللَّهِ
وَمَن يُطِعِ اللَّهَ وَرَسُولَهُ يُدْخِلْهُ جَنَّاتٍ تَجْرِي مِن

**અને તમારી પત્નીઓ જે છોડી જાય તેમાંથી તમારા માટે અડધો ભાગ છે. જો તેણીઓની ઔલાદ ન હોય તો, પછી જો તેણીઓની ઔલાદ હોય તો તેણીઓના વારસામાંથી તમારા માટે ચોથો ભાગ છે, જે વસિય્યત તેણીઓ કરી ગઈ તે અને કરજ (ચૂકવ્યા) પછી અને તમારા વારસામાં સ્ત્રીઓનો ચોથો ભાગ છે[૨૫૪] જો તમને ઔલાદ ન હોય પછી જો તમને ઔલાદ હોય તો તેણીઓને તમારા વારસામાંથી આઠમો ભાગ[૨૫૫] જે વસિય્યત તમે કરી જાઓ (તેના) અને કરજ (ચૂકવ્યા) પછી, અને જો કોઈ એવા પુરૂષ કે સ્ત્રીનો વારસો વહેંચાતો હોય જેણે મા-બાપ ઔલાદ કોઈ જ છોડયું નથી. અને માં તરફથી તેને ભાઈ કે બહેન છે તો તેમનામાં દરેકને છઠ્ઠો હિસ્સો. પછી જો તે બહેન ભાઈ એકથી વધારે હોય તો ત્રીજા ભાગમાં બધાં ભાગીદાર છે[૨૫૬] મય્યતની વસિય્યત અને કરજ કાઢીને . જેમાં તેણે નુકશાન પહોચાડયો ન હોય[૨૫૭] આ અલ્લાહનું ફરમાન છે, અને અલ્લાહ ઈલ્મવાળો ધીરજવાળો છે (૧૨) આ અલ્લાહની હદો છે, અને જે અલ્લાહના અને અલ્લાહના રસૂલનો હુકમ માને**

ચૂકવાશે)

૨૫૩. માટે હિસ્સા પાડવાનું તમારી મરજી પર છોડયું નથી.

૨૫૪. પત્ની એક હોય કે વધુ, એક હશે તો તે એકલી ચોથો ભાગ મેળવશે, અને વધુ હશે તો તે બધી પેલા ચોથા ભાગમાંથી સરખો હિસ્સો મેળવશે, પત્ની એક હોય કે વધુ હિસ્સો એટલો જ રહેશે.

૨૫૫. ભલે પછી તેણી (પત્ની) એક હોય કે વધુ.

૨૫૬. કારણ કે તેઓ માંની સગાઈના કારણે હકદાર બન્યા. અને માં ચોથા ભાગથી વધારે મેળવતી નથી. એટલા માટે જ એમાં પુરૂષોનો હિસ્સો સ્ત્રીથી વધુ નથી.

૨૫૭. પોતાના વારસદારો માટે ત્રીજા ભાગથી વધારેની વસિય્યત કરીને, અથવા કોઈ ચોક્કસ વારસદાર માટે વસિય્યત કરીને.

મસાઈલ :- વારસદારો ઘણા પ્રકારના હોય છે. પ્રથમ ''અસ્હાબે ફરાઈઝ'' આ તે લોકો છે જેમના માટે હિસ્સા નક્કી થયેલા છે. દા.ત. પુત્રી એક હોય તો અડધી મિલ્કતની વારસદાર વધારે હોય તો બધી માટે બેતૃતિયાંશ, પૌત્રી, પ્રપૌત્રી અને તેની નીચેની દરેક પૌત્રી, જો મય્યતને ઔલાદ ન હોય તો પુત્રીના હુકમમાં છે. અને જો મય્યતને એક જ પુત્રી હોય તો એ તેણી સાથે છઠ્ઠો ભાગ પામશે. અને જો મય્યતને પુત્ર હશે તો એ (પૌત્રી) બાદ થઈ જશે, કશું મેળવશે નહીં, અને મય્યતે બે પુત્રીઓ મૂકી હશે ત્યારે પણ પૌત્રી બાદ થઈ જશે, પરંતુ તેની સાથે (સમકક્ષ) અથવા તેનાથી નીચે દરજ્જાનો કોઈ છોકરો હશે તો તે એને અસબા બનાવી દેશે, સગી બહેન જ્યારે મરનારે પુત્ર કે પૌત્ર ન મૂકયો હોય ત્યારે બેટીના હુકમમાં ગણાશે. એવી બહેનો જે એક જ બાપની હોય અને તેમની માતાઓ જુદી હોય તેઓ સગી બહેનો ન હોય ત્યારે સગી બહેનો જેવી જ ગણાશે અને બંને પ્રકારની બહેનો

તેને અલ્લાહ બગીચાઓમાં લઈ જાશે જેમના નીચે નહેરો વહે, હમેશાં તેમાં રહેશે, અને એ જ મહાન સફળતા છે (૧૩) અને જે અલ્લાહ અને તેના રસૂલના હુકમનું ઉલ્લંઘન કરે અને તેની બધી હદોને ઓળંગી જાય. અલ્લાહ તેને આગમાં દાખલ કરશે, જેમાં હમેશાં રહેશે, અને તેમના માટે અપમાનવાળો અઝાબ છે[૨૫૮] (૧૪) અને તમારી સ્ત્રીઓમાં જે અનીતિ કરે (તો) તેણીઓ (ના કૃત્ય) પર ખાસ પોતાના-માંથી[૨૫૯] ચાર પુરૂષોની સાક્ષી લો, પછી જો તેઓ સાક્ષી આપી દે, તો તે સ્ત્રીઓને ઘરમાં બંધ રાખો[૨૬૦] ત્યાં સુધી કે તેણીઓને મૃત્યુ ઉઠાવી લે. અથવા અલ્લાહ તેણીઓનો કંઈક માર્ગ કાઢે[૨૬૧] (૧૫) અને તમારામાં જે પુરૂષ-સ્ત્રી એવું કામ કરે તેમને ઈજા આપો[૨૬૨] પછી જો તેઓ તવબહ કરે અને નેક બની જાય તો તેમનો પીછો છોડી દો, બેશક! અલ્લાહ મહાન તવબહ કબૂલ કરનાર મહેરબાન છે[૨૬૩] (૧૬) તે તવબહ જેને કબૂલવાનું અલ્લાહે પોતાની કૃપાથી અનિવાર્ય કર્યું છે. તે એવા લોકોની જ (તવબહ) છે. જેઓ નાદાનીથી ખરાબ કાર્ય કરી બેસે પછી થોડી વારે તવબહ કરી લે[૨૬૪] એવાઓ પર અલ્લાહ પોતાની રહમત દ્વારા રૂજુઅ (તવજ્જુહ) કરે છે, અને અલ્લાહ ઈલ્મવાળો હિકમતવાળો છે (૧૭)



تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا ؕ وَذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿١٣﴾
وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَتَعَدَّ حُدُوْدَهٗ يُدْخِلْهُ
نَارًا خَالِدًا فِيْهَا ۪ وَلَهٗ عَذَابٌ مُّهِيْنٌ ﴿١٤﴾ وَالّٰتِيْ يَاْتِيْنَ
الْفَاحِشَةَ مِنْ نِّسَآئِكُمْ فَاسْتَشْهِدُوْا عَلَيْهِنَّ اَرْبَعَةً
مِّنْكُمْ ۚ فَاِنْ شَهِدُوْا فَاَمْسِكُوْهُنَّ فِي الْبُيُوْتِ
حَتّٰى يَتَوَفّٰهُنَّ الْمَوْتُ اَوْ يَجْعَلَ اللّٰهُ لَهُنَّ سَبِيْلًا ﴿١٥﴾
وَالَّذٰنِ يَاْتِيٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا ۚ فَاِنْ تَابَا
وَاَصْلَحَا فَاَعْرِضُوْا عَنْهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ تَوَّابًا
رَّحِيْمًا ﴿١٦﴾ اِنَّمَا التَّوْبَةُ عَلَى اللّٰهِ لِلَّذِيْنَ يَعْمَلُوْنَ
السُّوْٓءَ بِجَهَالَةٍ ثُمَّ يَتُوْبُوْنَ مِنْ قَرِيْبٍ فَاُولٰٓئِكَ
يَتُوْبُ اللّٰهُ عَلَيْهِمْ ؕ وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١٧﴾

ع ١٢ منزل ١

(સગી અને મત્રાઈ) મરનારને પુત્રી કે પૌત્રી હોય ત્યારે અસબા બની જાય છે, અને પુત્ર, પોત્રો તેમજ નીચેના પૌત્રો પિતાની હાજરીમાં બાદ થઈ જશે, અને ઈમામ સાહેબના મંતવ્ય અનુસાર દાદાની હાજરીમાં પણ બાદ થશે.

મત્રાઈ ભાઈ બહેન (મરનારની અને એમની માં એક હોય પણ બાપ અલગ) માંથી જો એક જ હોય તો છઠ્ઠો ભાગ અને વધારે હોય તો ત્રીજો ભાગ. અને એમનામાં પુરૂષ તેમજ સ્ત્રીનો ભાગ સરખો રહેશે, અને પુત્રો, પૌત્રો તેમજ પ્રપૌત્રો બાપ અથવા દાદાની હયાતીમાં બાદ થઈ જશે.

**જો મય્યતે પુત્ર કે પૌત્ર કે પ્રપૌત્ર છોડયો હશે તો મરનારના પિતાને છઠ્ઠો હિસ્સો મળશે, અને જો મરનારે** પુત્રી, પૌત્રી કે પ્રપૌત્રી છોડી હશે તો મરનારના બાપને છઠ્ઠા ભાગ ઉપરાંત અસહાબે ફુરૂઝ (જેમના હિસ્સા કુરઆને નક્કી કર્યા છે તે)ને વહેંચતાં જે વધે તે પણ મળશે.

**દાદા એટલે કે બાપના બાપ મરનારના બાપ જીવિત ન હોય ત્યારે તેની જગ્યાએ ગણાશે, સિવાય કે તે (બાપની જેમ) માંને વધેલાના ત્રીજા ભાગ તરફ પલટાવી નહીં શકે.**

જો મરનારે પોતાની ઔલાદ અથવા પોતાના પુત્ર, કે પૌત્ર કે પ્રપૌત્રની ઔલાદ અથવા બહેન ભાઈમાંથી બે છોડયા હોય, ભલે પછી તે ભાઈ સગા હોય કે મત્રાઈ તો મરનારની માંને છઠ્ઠો હિસ્સો મળશે અને ઉપરોક્ત વ્યક્તિઓમાંથી કોઈ વારસદાર ન હોય તો મરનારની માં બધી મિલ્કતનો ત્રીજો ભાગ મેળવશે.

**અને જો મય્યતે પતિ કે પત્ની તથા માં બાપ છોડયાં હશે તો મરનારની માંને પતિ અથવા પત્નીનો ભાગ**

કાઢયા પછી જે વધશે તેનો ત્રીજો ભાગ મળશે, અને દાદી તેમજ નાનીને એક હોય તો પણ અને વધુ હોય તો પણ છઠ્ઠો ભાગ મળશે, અને એમાં નજીકવાળી દૂરવાળીને બાકાત કરાવશે, અને મરનારની માં હયાત હશે તો એ બધી (દાદી અને નાની) બાકાત થશે, એ જ રીતે બાપ તરફની દાદી બાપની હયાતથી બાકાત થશે, એમને કશું મળશે નહીં.

જો મરનાર વ્યક્તિએ પોતાની, પોતાના પુત્રની, પોતાના પૌત્ર અથવા પ્રપૌત્રની ઔલાદ છોડી હશે તો મરનારના પતિને ચોથો હિસ્સો મળશે, અને જો ઉપરના વારસદારોમાંથી કોઈ ન હોય તો પતિને અડધો ભાગ મળશે.

મરનાર વ્યક્તિએ પોતાની, પોતાના પુત્ર, પૌત્ર કે પ્રપૌત્રની ઔલાદ છોડી હશે તો એની પત્નીને આઠમો ભાગ મળશે, અને એવા વારસદાર નહીં હોય તો ચોથો હિસ્સો તેણીને મળશે.

અસબાત :- એવા વારસદારો કહેવાય છે જેમનો કોઈ ચોક્કસ હિસ્સો નક્કી થયેલો નથી. અસહાબે ફુરૂઝ એટલે કે જેમનો ચોક્કસ હિસ્સો નક્કી થયેલો છે તેમને વહેંચી પછી જે વધે તે એમને (અસબાતને) મળે છે, તેઓમાં પ્રથમ યોગ્યતા પુત્ર ધરાવે છે, પછી તેના પુત્ર અથવા પ્રપૌત્ર, પછી બાપ, પછી દાદા, ત્યાર બાદ બાપ દાદાઓના વંશમાં જ્યાં સુધી કોઈ હયાત હોય તે, પછી સગો ભાઈ, પછી મત્રાઈ ભાઈ (બાપ એક માં અલગ હોય તેવો) પછી સગા ભાઈનો પુત્ર, પછી મત્રાઈ ભાઈનો પુત્ર, પછી કાકા, પછી બાપના કાકા, પછી દાદાના કાકા, (કાકામાં બાપના નાના અને મોટા બન્ને ભાઈઓનો સમાવેશ થાય છે) પછી આઝાદ કરનાર, ત્યારબાદ એના અસબાત અનુક્રમ મુજબ,

અને જે સ્ત્રીઓનો ભાગ અડધો કે બે તૃતિયાંશ હોય તે પોતાના ભાઈઓની હયાતીમાં અસબા બની જશે, અને જે એવી ન હોય તે નહીં.

''ઝવિલ અરહામ'' એટલે કે તે સગાઓ જે અસહાબે ફુરૂઝ અને અસબાત પછી આવતાં હોય, અને એમની તરતીબ (યોગ્યતાનું અનુક્રમ) અસબાત મુજબ છે.

૨૫૮. કારણ કે બધી હદોને ઓળંગી જનાર કાફિર છે, મોમિન ગમે તેવો ગુનહગાર હશે તો પણ ઈમાનની હદને તો નહીં ફલાંગે.

૨૫૯. અર્થાત મુસલમાનોમાંથી.

૨૬૦. કે જેથી તેણીઓ અનીતિનું કાર્ય કરવા ન પામે.

૨૬૧. અર્થાત સજા નક્કી કરે અથવા તવબહની યા નિકાહની તવફીક આપે, જે મુફસ્સિરો આયત-માંના ''ફાહિશહ'' શબ્દનો અર્થ ઝિના તારવે છે તેઓ કહે છે કે (ઘરોમાં) બંધ રાખવાનો હુકમ (ઝિનાની) સજા નક્કી પહેલાંનો છે, સજાનો હુકમ ઉતર્યા પછી મન્સૂખ થઈ ગયો. (ખાઝિન, જલાલૈન, અહમદી)

૨૬૨. ધમકાવો, ઘુરકો, બુરૂ કહો, શરમ અપાવો, ખાસડાં મારો. (જલાલૈન, મદારિક, ખાઝિન વિ.)

૨૬૩. હસનનું કથન છે કે ઝિનાની સજા પ્રથમ ઈઝા નક્કી કરવામાં આવી, પછી (ઘરોમાં) ગોંધી રાખવું, પછી કોરડા મારવા અથવા સંગસાર કરવું (નક્કી થયું).

ઈબ્ને બહરનું કહેવું છે કે પહેલી આયત ''વલ્લાતી યઅતીન'' એવી સ્ત્રીઓ વિષે છે, જેઓ સ્ત્રીઓ સાથે જ બદફેલી કરે છે, અને બીજી આયત ''વલ્લઝનિ'' પુરૂષ પુરૂષ વચ્ચેની બદફેલી માટે છે, અને ઝાની સ્ત્રી પુરૂષનો હુકમ (તો) સૂરએ નૂરમાં છે; આ બયાન અનુસાર આ આયતો મનસૂખ થએલી નથી, અને ઈમામે આઝમ અબૂ હનીફા રહમતુલ્લાહિ અલયહ જે કહે છે કે પુરૂષ સાથે કુકૃત્ય (સજાતિય સંબંધ) કરનાર

لن تنالوا ٤ — النساء ٤

وَلَيْسَتِ التَّوْبَةُ لِلَّذِينَ يَعْمَلُونَ السَّيِّئَاتِ حَتَّىٰ
إِذَا حَضَرَ أَحَدَهُمُ الْمَوْتُ قَالَ إِنِّي تُبْتُ الْآنَ وَلَا
الَّذِينَ يَمُوتُونَ وَهُمْ كُفَّارٌ ۚ أُولَٰئِكَ أَعْتَدْنَا
لَهُمْ عَذَابًا أَلِيمًا ﴿١٨﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا يَحِلُّ لَكُمْ
أَنْ تَرِثُوا النِّسَاءَ كَرْهًا ۖ وَلَا تَعْضُلُوهُنَّ لِتَذْهَبُوا
بِبَعْضِ مَا آتَيْتُمُوهُنَّ إِلَّا أَنْ يَأْتِينَ بِفَاحِشَةٍ
مُبَيِّنَةٍ ۚ وَعَاشِرُوهُنَّ بِالْمَعْرُوفِ ۚ فَإِنْ كَرِهْتُمُوهُنَّ
فَعَسَىٰ أَنْ تَكْرَهُوا شَيْئًا وَيَجْعَلَ اللَّهُ فِيهِ خَيْرًا كَثِيرًا ﴿١٩﴾
وَإِنْ أَرَدْتُمُ اسْتِبْدَالَ زَوْجٍ مَكَانَ زَوْجٍ وَآتَيْتُمْ
إِحْدَاهُنَّ قِنْطَارًا فَلَا تَأْخُذُوا مِنْهُ شَيْئًا ۚ
أَتَأْخُذُونَهُ بُهْتَانًا وَإِثْمًا مُبِينًا ﴿٢٠﴾ وَكَيْفَ تَأْخُذُونَهُ

અને એ તવબહ એવાઓની નથી જેઓ ગુનાહોમાં મંડેલા રહે છે[૨૬૫] એટલે સુધી કે જ્યારે એમનામાં કોઈને મોત આવે તો કહે હવે મેં તવબહ કરી[૨૬૬] અને ન તેઓની જે કાફિર મરે, એમના માટે અમે દુઃખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે[૨૬૭] (૧૮) અય ઈમાનવાળાઓ! તમને હલાલ નથી કે ઝબરદસ્તી સ્ત્રીઓના વારસદાર બની જાઓ[૨૬૮] અને સ્ત્રીઓને રોકી ન રાખો એવી નિય્યતે કે જે મહેર તેણીએ આપી હતી તેમાંથી અમુક લઈ લો[૨૬૯] પણ એવી પરિસ્થિતિમાં જ કે જ્યારે સ્પષ્ટ નિર્લજ્જતાનું કાર્ય કરે[૨૭૦] અને તેણીઓથી સારો વર્તાવ રાખો[૨૭૧] પછી જો તેણીઓ તમને ન ગમે[૨૭૨] તો નજીક છે કે કોઈ વસ્તુ તમને ગમતી ન હોઈ અને અલ્લાહ તેમાં(જ) ઘણી ભલાઈ મૂકે[૨૭૩] (૧૯) અને જો તમે એક પત્નીની જગ્યાએ બીજી બદલવા ઈચ્છો[૨૭૪] અને પેલીને ઢગલેબંધ માલ આપી ચૂકયા હોવ[૨૭૫] તો (પણ) તેમાંથી કશું પરત ન લો[૨૭૬] શું તેને પરત લેશો જૂઠ ઠોકીને અને ખુલ્લા ગુનાહથી?[૨૭૭] (૨૦) અને કેમ કરીને તેને પાછું લેશો? પરિસ્થિતિ એ

માટે હદ (શરીઅતે નક્કી કરેલી સજા) નથી. પણ તઅઝીર (કાઝીને યોગ્ય લાગે તેવી સજા) છે. તો તેમના કથન માટે આયતમાં દલીલ છે.

૨૬૪. ઝહહાકનું કહેવું છે કે જે તવબહ મૃત્યુ પહેલાં હોય તે કરીબ (એટલે કે જાણે ગુનોહ કર્યા પછી તરત જ કરી લીધી હોય તેવી) છે;

૨૬૫. અને તવબહમાં વાર લગાડે છે;

૨૬૬. તવબહ કબૂલ કરવાનો જે વાયદો ઉપર બયાન થયો તે એવા લોકો માટે નથી. અલ્લાહ માલિક છે, જે ઈચ્છે તે કરે. તેમની તવબહ કબૂલ કરે કે ન કરે, માફ કરે કે અઝાબ કરે તેની મરજી.

૨૬૭. આથી જણાયું કે મૃત્યુ સમયે કાફિરની તવબહ અને તેનું ઈમાન મકબૂલ (સ્વીકાર્ય) નથી;

૨૬૮. **શાને નુઝૂલ** :- જહાલતના સમયમાં લોકો મિલ્કતની જેમ પોતાના સગાઓની પત્નીઓના પણ વારસદાર બની જતા હતા, પછી જો તેમની ઈચ્છા હોય તો મહેર વગર જ તેણીઓને પોતાના સ્વામિત્વમાં (પત્નીની જેમ) રાખી લેતા હતા, અથવા અન્ય કોઈની સાથે પરણાવી દેતા હતા, અને મહેર પોતે લઈ લેતા, અથવા તેણીઓને ગોંધી રાખતા જેથી તેણીઓને વારસામાં જે માલ મળ્યો હોય તે આપીને છુટકારો મેળવે, અથવા મરી જાય, જેથી તે લોકો તેણીઓના વારસદાર બને, મતલબ કે તે સ્ત્રીઓ તેમના હાથમાં તદ્દન લાચાર રહેતી અને પોતાના અધિકારથી કંઈ પણ કરી શકતી નહીં, એ રિવાજને મટાડવા આ આયત ઉતારવામાં આવી.

૨૬૯. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું આ એવો માણસ માટે છે જે પોતાની

وَقَدْ أَفْضَىٰ بَعْضُكُمْ إِلَىٰ بَعْضٍ وَأَخَذْنَ مِنكُم
مِّيثَاقًا غَلِيظًا ﴿٢١﴾ وَلَا تَنكِحُوا مَا نَكَحَ آبَاؤُكُم مِّنَ النِّسَاءِ
إِلَّا مَا قَدْ سَلَفَ ۚ إِنَّهُ كَانَ فَاحِشَةً وَمَقْتًا وَسَاءَ
سَبِيلًا ﴿٢٢﴾ حُرِّمَتْ عَلَيْكُمْ أُمَّهَاتُكُمْ وَبَنَاتُكُمْ وَأَخَوَاتُكُمْ
وَعَمَّاتُكُمْ وَخَالَاتُكُمْ وَبَنَاتُ الْأَخِ وَبَنَاتُ الْأُخْتِ وَأُمَّهَاتُكُمُ
اللَّاتِي أَرْضَعْنَكُمْ وَأَخَوَاتُكُم مِّنَ الرَّضَاعَةِ وَأُمَّهَاتُ
نِسَائِكُمْ وَرَبَائِبُكُمُ اللَّاتِي فِي حُجُورِكُم مِّن نِّسَائِكُمُ
اللَّاتِي دَخَلْتُم بِهِنَّ فَإِن لَّمْ تَكُونُوا دَخَلْتُم بِهِنَّ
فَلَا جُنَاحَ عَلَيْكُمْ وَحَلَائِلُ أَبْنَائِكُمُ الَّذِينَ مِنْ
أَصْلَابِكُمْ وَأَن تَجْمَعُوا بَيْنَ الْأُخْتَيْنِ إِلَّا مَا قَدْ
سَلَفَ ۗ إِنَّ اللَّهَ كَانَ غَفُورًا رَّحِيمًا ﴿٢٣﴾

**છે કે તમારામાં એક બીજા સામે બેપરવાહ થઈ ચૂક્યા. અને તેણીઓ તમારા પાસેથી પાકુ વચન મેળવી ચૂકી[૨૭૮] (૨૧) અને બાપ દાદાની પત્ની સાથે નિકાહ ન કરો[૨૭૯] પરંતુ જે થઈ ચૂક્યું , બેશક! તે નિર્લજ્જતા[૨૮૦] અને ગઝબનું કાર્ય છે. અને ઘણો જ ખરાબ માર્ગ[૨૮૧] (૨૨) હરામ થઈ તમારા પર તમારી માઓ[૨૮૨] અને દીકરીઓ[૨૮૩] અને બહેનો અને ફોઈઓ અને માસીઓ અને ભત્રીજીઓ અને ભાણકીઓ[૨૮૪] અને તમારી (તે) માઓ જેમણે (તમને) દૂધ ધવડાવ્યું[૨૮૫] અને દૂધ બહેનો અને સાસુઓ[૨૮૬] અને તમે સંભોગી ચૂક્યા હોવ એવી સ્ત્રીઓની દીકરીઓ જે તમારા ખોળામાં (રમી ચૂકી) છે,[૨૮૭] પછી જો તમે તેણીઓને સંભોગી ન હોય, તો એમની દીકરીઓમાં વાંધો નથી[૨૮૮] અને તમારા વંશની દીકરાઓની પત્નીઓ[૨૮૯] અને બે બહેનોને એકઠી કરવી[૨૯૦] પણ જે થઈ ગુજર્યું, બેશક! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૨૩)**

પત્નીથી ધૃણા કરતો હોય, અને એટલા માટે ખરાબ વર્તણુંક રાખતો હોય કે તેણી કંટાળીને મહેર પાછી આપી દે અથવા છોડી દે, અલ્લાહ તઆલાએ તેની મનાઈ ફરમાવી;

એક મંતવ્ય એવું છે કે લોકો સ્ત્રીઓને તલાક આપતા પછી રજઅત કરી લેતા (લોટાવી લેતા) ફરી પાછા તલાક આપતા, એ રીતે તેણીને અદ્ધર લટકેલી રાખતા હતા, જેથી તેણી ન તો એમની સાથે આરામ મેળવી શકતી, ન બીજી જગ્યાએ ઠેકાણુ કરી શકતી, એને મના કરવામાં આવ્યું.

એક કથન એવું છે કે આમાં **મય્યતના** વારસદારોને સંબોધન છે કે તેઓ મરનારની પત્નીને રોકી ન રાખે.

૨૭૦. પતિની નાફરમાની અથવા તેની યા તેના ઘરનાં માણસોની સતામણી અથવા બદઝબાની અથવા હરામકારી યા એવી અન્ય કોઈ પરિસ્થિતિ હોય તો વિખૂટા પાડવામાં વાંધો નથી.

૨૭૧. ખવડાવવા, પીવડાવવામાં, વાતચીતમાં અને દાંપત્ય જીવનની બીજી બાબતોમાં.

૨૭૨. ખરાબ ટેવો અથવા કદરૂપ હોવાના કારણે, તો સબ્ર કરો અને છુટાછેડા ન ઈચ્છો.

૨૭૩. નેક પુત્ર,વિગેરે,

૨૭૪. અર્થાત એકને તલાક આપીને બીજી સાથે નિકાહ કરવો.

૨૭૫. આ આયતથી આકરી મહર નક્કી કરવાની દલીલ કરવામાં આવી છે, હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હુએ મિમ્બર પર સરેઆમ કહ્યું. "સ્ત્રીઓની મહેર આકરી (ઘણી વધારે) નક્કી ન કરો." એક સ્ત્રી એ આ આયત પઢીને કહ્યું, "અય ઈબ્ને ખત્તાબ! અલ્લાહ અમને આપે છે અને તમે રોકો છો?" ત્યારે અમીરૂલ

મોમિનીન હઝરત ઉમર રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું, ''અય ઉમર! દરેક માણસ તારાથી વધુ સમજદાર છે. જે ઈચ્છો તે નક્કી કરો.'' સુબ્હાનલ્લાહ! શું રસૂલના ખલીફાની શાન અને નફસની પાકી છે, અલ્લાહ આપણને એમનું અનુકરણ નસીબ કરે.

૨૭૬. કારણ કે જુદાઈ તમારા તરફથી છે.

૨૭૭. આ જહાલતના સમયની તે ટેવનો રદિયો છે, જ્યારે તેમને કોઈ બીજી સ્ત્રી ગમતી ત્યારે તે પોતાની પત્નીઓ પર આક્ષેપ મૂકતા હતા, જેથી તેણીએ જે કંઈ તેના પાસેથી (મહેરમાં) લીધું હોય તે ગભરાઈને પાછું આપી દે, એ રીવાજને આ આયતમાં મના કરવામાં આવ્યો. અને તેને જૂઠ તેમજ ગુનોહ જાહેર કરવામાં આવ્યો.

૨૭૮. તે વચન અલ્લાહ પાકનું ફરમાન છે ''ફઈમ્સાકુમ બિ મઅરૂફિન અવ તસરીહુમ બિઈહસાન'' (ભલાઈથી રાખો અથવા ભલાઈથી છુટી કરો)

**મસઅલો** :- આ આયત એ વાતની દલીલ છે કે ખિલ્વતે સહીહા (નિર્વિઘ્ન એકાંત)થી મહેર જરૂરી બની જાય છે.

૨૭૯. જેમકે જહાલતના સમયમાં રિવાજ હતો કે પોતાની માં સિવાય પોતાના બાપની અન્ય પત્ની સાથે (તેના મૃત્યુ પછી) તેનો પુત્ર પરણી જતો હતો.

૨૮૦. કારણ કે બાપની પત્ની માં ની જગ્યાએ છે, કહેવામાં આવ્યું છે કે (આયતમાંના) નિકાહ (શબ્દ)થી સંભોગ મુરાદ છે એનાથી સાબિત થયું કે પોતાની સંભોગીતા સાથે (પુત્રનો) નિકાહ હરામ છે, ભલે પછી પિતાએ તેણી સાથે નિકાહ કરીને સંભોગ કર્યો હોય કે પછી ઝિનાની રીતે કર્યો હોય, કે પછી તેણી તેની બાંદી હોય ત્યારે કર્યો હોય, અને પુત્ર પાછળથી તેનો માલિક બન્યો હોય, (દરેક રીતે હરામ છે).

૨૮૧. હવે પછી જેટલી સ્ત્રીઓ હરામ છે, તેનું બયાન થાય છે. સાત તો એમાંથી નસબ (વંશ)ના કારણે હરામ છે.

૨૮૨. અને દરેક (એવી) સ્ત્રી જેના તરફ બાપ કે મા તરફથી વંશાવલી પહોંચતી હોય, એટલે કે દાદીઓ અને નાનીઓ, નજીકની હોય કે દૂરની એ બધી માંઓ જ છે. અને પોતાની માં ના હુકમમાં છે.

૨૮૩. પોત્રીઓ અને નવાસીઓ ગમે તેટલા દૂરની હોય દીકરીઓમાં ગણાય છે.

૨૮૪. આ બધી સગી હોય કે મત્રાઈ (હરામ છે) એમના પછી એવી સ્ત્રીઓનું બયાન છે જેઓ (કોઈ) કારણસર હરામ છે;

૨૮૫. દૂધની સગાઈના કારણે, દૂધ પીવાની મુદ્દત દરમ્યાન થોડું દૂધ પીવામાં આવે કે વધારે એનાથી હુરમત (હરામ થવું) લાગુ થાય છે, દૂધ પીવાની મુદ્દત હઝરત ઈમામ અબૂ હનીફા રહમતુલ્લાહિ અલયહે અનુસાર ૩૦ મહિના અને ઈમામ અબૂ યૂસુફ અને ઈમામ મુહમ્મદ મુજબ બે વર્ષ છે, દૂધ પીવાની મુદ્દત પછી જે દૂધ પીવામાં આવે તેનાથી હુર્મત લાગુ થતી નથી, રબ તઆલાએ રઝાઅત (દૂધના સંબંધ)ને વંશની જગ્યાએ રાખ્યો, અને દૂધ પીવડારનારીને પીનારની માં અને તેણીની દીકરીને પીનારની બહેન કહી, એવી જ રીતે દૂધ પીવાડનારીનો પતિ પીનારનો બાપ અને તેનો બાપ દૂધ પીનારનો દાદા તેમજ તેની બહેન દૂધ પીનારની ફોઈ અને તેનાં બધાં છોકરા ભલે પછી તે જેનું દૂધ પીધું છે તે સ્ત્રીનાં પેટનાં હોય કે તેની બીજી ઔરતોનાં અને તે બધા દૂધ પીવાની દરમ્યાન જનમ્યા હોય કે તે પછી તે બધાં દૂધ પીનારના મત્રાઈ ભાઈ બહેન છે, એ જ રીતે દૂધ પીવાડનાર સ્ત્રીની માં, પીનારની નાની અને તેણીની બહેન, તેની માસી અને તે

પતિથી તેણીને જે બાળકો જન્મે તે દૂધ પીનારના દૂધભાઈ બહેનો છે, અને તેણીને તે પતિ સિવાય બીજા પતિથી બાળકો જન્મે તો પીનારનાં મત્રાઈ ભાઈ-બહેનો ગણાશે, આ વિષયનું મૂળ તે હદીષે પાક છે જેમાં હુઝૂરે ફરમાવ્યું કે "દૂધથી તે સગાંઓ હરામ થઈ જાય છે જે નસબ(વંશ)થી હરામ થાય છે." માટે દૂધ પીનાર માટે તેના દૂધનાં ઉપરનાં અને નીચેના બધાં સગાં હરામ થઈ જાય છે.

૨૮૬. અહીંથી એવી સ્ત્રીઓનું બયાન છે જેઓ સોહબત થયાના કારણસર હરામ છે. તે ત્રણ પ્રકારની ગણાવાએલી છે **(૧) સાસુઓ (૨) પત્નીની પુત્રીઓ (૩) દીકરાઓની પત્નીઓ, સાસુઓ માત્ર પત્નીઓ સાથે** નિકાહ થવાથી જ હરામ થઈ જશે. ભલે પછી તે પત્નીઓ સાથે સંભોગ થયો હોય કે ન થયો હોય.

૨૮૭. ખોળામાં રમી ચૂકવાની વાત એવું ઘણું ખરૂં બનતું હોવાના કારણે છે, એ વાત હરામ ઠરવા માટે શરત (અનિવાર્ય) નથી.

૨૮૮. તેણીઓની માંઓ સાથેથી તલાક અથવા મોત વિગેરેની હાલતમાં સંભોગ પહેલાં જુદાઈ થઈ ગઈ હોય તો તેવી પરિસ્થિતિમાં તેણીઓ સાથે નિકાહ જાઈઝ છે.

૨૮૯. વંશના દીકરાઓની શરતના કારણે દત્તક પુત્રોની પત્નીઓનો એમાં સમાવેશ થતો નથી, એમની પત્નીઓ સાથે નિકાહ જાઈઝ છે. અને દૂધપુત્રની પત્ની હરામ છે કે તે તો વંશના પુત્રના હુકમમાં છે. પૌત્રો અને પ્રપૌત્રો પુત્રોમાં સમાવિષ્ટ થાય છે.

૨૯૦. આ પણ હરામ છે, ભલે પછી બન્ને બહેનોને નિકાહ દ્વારા એકઠી કરવામાં આવે કે બાંદીઓ (માલિકીની) બનાવીને સંભોગવામાં એકત્ર કરવામાં આવે, (બન્ને રીતે હરામ છે).

અને હદીષ શરીફમાં ફોઈ-ભત્રીજીને અને માસી-ભાણકીને પણ એક (માણસ)ના નિકાહમાં (એક સાથે) રાખવાની મના થએલી છે, અને આ બાબત નિયમ એવો છે કે નિકાહમાં દરેક એવી બે સ્ત્રીઓને ભેગી કરવી હરામ છે કે જો તે બેમાંથી એકને પુરૂષ ધારી લેવામાં આવે તો બીજી તેના માટે હરામ ઠરતી હોય, દા.ત. ફોઈ-ભત્રીજી કે જો ફોઈને પુરૂષ ધારવામાં આવે તો તે કાકો થાય અને ભત્રીજી તેના માટે હરામ છે, અને ભત્રીજીને પુરૂષ ધારવામાં આવે તો ભત્રીજો થાય અને ફોઈ તેના માટે હરામ ઠરે, બન્ને તરફથી હરામ હોવાનું લાગુ પડે છે, અને જો માત્ર (પુરૂષ ધારતાં) એક જ તરફથી હરામ હોવાનું લાગુ પડતું હોય તો એવી બે સ્ત્રીઓને નિકાહમાં એકત્ર કરવી હરામ નથી. જેમકે ઔરત અને એના આગલા પતિની પુત્રી (જે બીજી ઔરતના પેટની હોય) બન્નેને એકત્ર કરવી હલાલ છે, કારણ કે આગલા પતિની પુત્રીને પુરૂષ ધારવામાં આવે તો પેલી સ્ત્રી તેના માટે પોતાના બાપની પત્ની બને છે, જે હરામ છે, પણ પેલી ઔરતને પુરૂષ ધારતાં પુત્રી સાથે કશી સગાઈ રહેતી જ નથી. અજાણી સ્ત્રી રહે છે. (તો એવી બે સ્ત્રીઓ એક માણસના નિકાહમાં એકી સાથે રહી શકે છે.)

وَّالْمُحْصَنٰتُ مِنَ النِّسَآءِ اِلَّا مَا مَلَكَتْ اَيْمَانُكُمْ
كِتٰبَ اللّٰهِ عَلَيْكُمْ وَاُحِلَّ لَكُمْ مَّا وَرَآءَ ذٰلِكُمْ اَنْ
تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ مُّحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ فَمَا
اسْتَمْتَعْتُمْ بِهٖ مِنْهُنَّ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ فَرِيْضَةً
وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا تَرٰضَيْتُمْ بِهٖ مِنْ بَعْدِ الْفَرِيْضَةِ
اِنَّ اللّٰهَ كَانَ عَلِيْمًا حَكِيْمًا ﴿٢٤﴾ وَمَنْ لَّمْ يَسْتَطِعْ
مِنْكُمْ طَوْلًا اَنْ يَّنْكِحَ الْمُحْصَنٰتِ الْمُؤْمِنٰتِ فَمِنْ
مَّا مَلَكَتْ اَيْمَانُكُمْ مِّنْ فَتَيٰتِكُمُ الْمُؤْمِنٰتِ وَاللّٰهُ
اَعْلَمُ بِاِيْمَانِكُمْ بَعْضُكُمْ مِّنْ بَعْضٍ فَانْكِحُوْهُنَّ
بِاِذْنِ اَهْلِهِنَّ وَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ بِالْمَعْرُوْفِ
مُحْصَنٰتٍ غَيْرَ مُسٰفِحٰتٍ وَّلَا مُتَّخِذٰتِ اَخْدَانٍ فَاِذَآ

અને હરામ છે પતિવાળી સ્ત્રીઓ. પણ કાફિરોની જે સ્ત્રીઓ તમારી મિલ્કીયત (માલિકીપણા)માં આવી જાય[૧] (તે હરામ નથી) આ અલ્લાહનું લખી દીધેલું છે તમારા માટે, અને એમના[૨] સિવાય જે રહી તે તમને હલાલ છે. કે પોતાના માલ બદ્દલે (તેણીઓની) તલબ કરો. સ્થાયી રાખીને,[૩] ન (માત્ર) પાણી કાઢવા[૪] તો જે સ્ત્રીઓને નિકાહમાં લાવવા ઇચ્છો તેમની બાંધેલી મહેર તેમને આપો, અને નક્કી થઇ ગયા પછી તમારી અંદર અંદર કંઇક સમજુતી થઇ જાય તો તેમાં ગુનોહ નથી[૫] બેશક! અલ્લાહ ઇલ્મ અને હિકમતવાળો છે (૨૪) અને તમારામાં જેના નિકાહમાં બિનશક્તિના કારણે ઇમાનવાળી સ્વતંત્ર સ્ત્રીઓ ન હોય તો એવીઓ સાથે નિકાહ કરે જે તમારા હાથોની મિલ્કત છે. ઇમાનવાળી કનીઝો[૬], અને અલ્લાહ તમારા ઇમાનને સારી પેઠે જાણે છે, તમારામાં એકબીજાથી છે, તો તેણીઓ સાથે નિકાહ કરો,[૭] તેણીઓના માલિકોની પરવાનગીથી[૮] અને નિયમ અનુસાર તેણીઓની મહેર તેણીઓને આપો,[૯] સ્થાયી રહેતી ન મસ્તી કાઢતી અને ન

૧. કેદ પકડાઇને પોતાના પતિઓ સિવાય, તો તેણીઓ એક હૈઝ પુરૂં થયા પછી અથવા હમલ હોય તો બાળક જનમ્યા બાદ તમારા માટે હલાલ છે, ભલે પછી દારુલ હર્બ (ઈસ્લામના શત્રુ દેશ)માં તેણીઓના પતિ જીવંત હોય, કારણ કે સ્થળની વિભિન્નતા કારણે તેણીઓ પોતાના પતિઓથી અલગ થઈ ચૂકી.

**શાને નુઝૂલ** :- હઝરત અબૂ સઈદ ખુદરી રદીયલ્લાહુ અન્હૂ એ ફરમાવ્યું, ''અમે એક દિવસ ઘણી કેદી સ્ત્રીઓ મેળવી, જેમના પતિઓ દારુલ હર્બમાં હતા, જેથી અમે તેણીઓની નિકટતામાં વિચાર કર્યો. અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને મસઅલો પૂછયો, ત્યારે આ આયત ઉતરી.''

૨. ગણાવેલી હરામ સ્ત્રીઓ.

૩. નિકાહ દ્વારા અથવા માલિકી હકથી, આ આયતથી અનેક મસ્અલા સાબિત થયા.

**મસઅલો** :- નિકાહમાં મહેર જરૂરી છે.

**મસઅલો** :- મહેર નક્કી ન કરી હોય તો પણ વાજિબ છે.

**મસઅલો** :- મહેર માલ (બજારમાં જે દ્વારા ખરીદ વેચાણ થઈ શકે એવી વસ્તુ) જ હોવો જોઈએ. સેવા કે તાલીમ નહિ, કારણ કે એ વસ્તુઓ માલ નથી.

**મસઅલો** :- એટલી ઓછી વસ્તુ જેના માટે માલ શબ્દ ન ઉચ્ચારી શકાય તે મહેર બની શકતી નથી. હઝરત જાબિર અને હઝરત અલી રદીયલ્લાહુ અન્હુમા ફરમાવે છે કે મહેરની લઘુત્તમ હદ દસ દિરહમ છે, એનાથી ઓછી મહેર હોઈ શકે નહીં.

૪. એનાથી વ્યભિચાર મુરાદ છે, અને એ બાબત લાલબત્તી ધરવામાં આવી છે કે વ્યભિચારી માત્ર